શ્રીશંખેશ્વરપાર્શ્વનાથપ્રસાદઃ પુનાતુ.

શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળાઃ પુષ્પ ૧૩ઃ

# પ્રાચીન સ્તવનાવલી

સંગ્રહકાર

પૂ. વ્યા. વા. આ. મ. શ્રીમદ્ વિજયલબ્ધિ-
સૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન પૂ. મુનિરાજ
શ્રી રસિકવિજયજી મહારાજ.

પ્રથમ આવૃત્તિ

વિ. સં. ૨૦૦૩ ૧૦૦૦ સને ૧૯૪૭

પ્રકાશયિત્રી.

શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા.
છાણી આધાર.

કિંમત રૂા. ૧-૮-૦

પ્રાપ્તિસ્થાન

**શા. ઉમેદચંદ રાયચંદ.**

વ્યવ૦ શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા

ઠે. જૈન દેરાસર સામે. મુ. ગારીઆધાર.

વાયા **દામનગર** ( કાઠીયાવાડ )

: મુદ્રક :

શા. ગુલાબચંદ લલ્લુભાઇ

શ્રી મહોદય પ્રી. પ્રેસ–ભાવનગર.

# બે બોલ

જૈન સમાજ સમક્ષ આ પ્રાચીન સ્તવનોના સંગ્રહને ધરતાં અમને હર્ષ ઉપજે છે. સંસ્થાના આગેકદમમાં ઘણા દાનવીરોએ ઉદાર હાથ લંબાવ્યો છે, તે જરૂર ભુલાય તેમ નથી, છતાં હમણાં હમણાં મોંઘવારી અને બીજા કારણોને અંગે અમારે પ્રકાશનોમાં સ્હેજ કિંમત વધારે રાખવી પડી છે. તે બદલ અમે ક્ષમા યાચીશું. કારણકે, ખર્ચના ધોરણે સંસ્થાના આર્થિક સંયોગોને અનુલક્ષી કિંમત રાખવામાં આવે છે, પૂ. આ. મ. શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજીમહારાજશ્રીના શિષ્યરત્ન પૂજ્ય મુનિરાજ શ્રી રસિકવિજયજી મ.ની પ્રેરણાથી વયોવૃદ્ધ પૂ. મુ. શ્રી હર્ષવિજયજી મહારાજે પોતાના છપાતા સંગીત સુધાસિંધુ નામના વિશાળકાય પુસ્તકમાંથી આ નકલો અમને કઢાવી આપી છે, તેમના ઉદાર દિલ માટે અમે તેઓશ્રીના ઋણી છીએ. પ્રેસાદિ દોષોની ઉપેક્ષા કરી ભક્તિ માટે જનતા આ પુસ્તકનો ઉપયોગ કરે એજ અભ્યર્થના. **પ્રકાશક**

# સ્તવનાનુક્રમ.


(૧) શ્રી આદિજિન.

| | પેજ. |
|---|---|
| આજ સફળ... | ૩૦ |
| ઉલગડી... ... | ૩૯ |
| પ્રભુ તારી ... | ૬૨ |
| નાવરીયા ... | ૬૫ |
| તેરા દરસ ... | ૭૧ |
| ઋષભ જિ૦ ... | ૮૦ |
| આજ તો ... | ૮૩ |
| ઋષભદેવ ... | ૯૭ |
| ઋષભ જિ૦... | ૧૧૩ |
| બાળપણે... ... | ૧૨૮ |
| નાભિજીકે ... | ૧૩૦ |
| મનુપ્યારા ... | ૧૪૭ |
| બાલુડા... ... | ૧૫૪ |
| ઋષભ જિ૦... | ૧૮૯ |
| જગ ચિંતા ... | ૧૯૧ |
| ઋષભ જિ૦... | ૧૯૭ |
| ભરતજી... ... | ૨૨૨ |
| માતા મરૂદેવા... | ૨૬૨ |

શ્રી શત્રુંજય.

| | |
|---|---|
| શુભ પરિ૦ ... | ૧૪ |
| શેત્રુંજા ગઢ ... | ૨૯ |
| આપો આપો... | ૪૨ |
| સુખનાં હો ... | ૪૪ |
| ગિરિરાજકા ... | ૫૨ |
| મોરા આત્મા... | ૬૩ |
| વિમળ૦ કર્યો ... | ૬૫ |
| અબ તો ... | ૧૦૦ |
| મનના મનો ... | ૧૦૫ |

સિદ્ધા૦ ગિરિ... ૧૧૬
ચાલો ચાલો... ૧૩૩
બાપલડાં ... ૧૩૫
સિદ્ધા૦ વંદો... ૧૫૧
નયરી અયો ... ૧૬૭
આંખડીયે ... ૧૭૦
જાત્રા ન૦ ... ૨૧૧
ગિરિ૦ દર્શ... ૨૩૩
મેં ભેટ્યા ... ૨૪૭
આજ મારા... ૨૫૪
સમકિત દ્વાર... ૨૬૩
હૈત સમાન ... ૨૭૨
તુમે તો ભલે... ૨૮૧
જિણંદા તોરે ... ૨૮૪
આદિ જિણંદ... ૨૮૭
વિવેકી વિ૦... ૨૯૨
વિમળા વિમ... ૨૯૬
ચાલોને પ્રીત ... ૩૨૮
શત્રુંજય દુહા... ૩૩૧


**(૨) શ્રી અજિતનાથ.**


તું ગત મેરી ... ૩૪
અજિત જિ૦... ૬૬
અજિત જિને૦ ૧૩૮
પ્રીતલડી... ... ૧૬૪


**(૩) શ્રી સંભવનાથ**


સંભવ જિન... ૫૭
સમકિત દાતા... ૬૮
સેવો સંભવ ... ૨૨૧
સાહિબ સાંભ ... ૨૬૫
સંભવ જિન ... ૨૮૫
સંભવ જિન ... ૩૨૩


**(૪) શ્રીઅભિનંદનપ્રભુ**


પ્રભુ તેરે નયન ... ૭૮

અભિનંદન ... ૧૯૬
(૫) શ્રી સુમતિનાથજી
સુમતિ જિન... ૧૨૦
(૬) શ્રી પદ્મપ્રભજિન
ઘડી ઘડી ... ૫
પ્રભુ તેરી ... ૭૩
પદ્મપ્રભુ... ... ૨૫૬
(૭) શ્રી સુપાર્શ્વનાથ
રમો મન ... ૫૬
કયું ન હો ... ૨૫૭
(૮) શ્રી ચંદ્રપ્રભજિન
હાંરે મારે ... ૩૦૧
(૯) સુવિધિનાથ
લઘુ પણ ... ૭૭
મેં કીનો ... ૯૧
દર્શનીયાનો ... ૧૧૭
સુવિધિજિન ... ૨૧૩
(૧૦) શ્રી શીતળનાથ
શીતળ જિન... ૮૭
(૧૧) શ્રી શ્રેયાંસનાથ
તુમે બહુ મૈત્રી ૨૯૮
(૧૨) શ્રી વાસુપૂજ્ય
ઐસો નહિં ... ૧૮૧
સ્વામી તુમે ... ૧૭૮
(૧૩) શ્રી વિમળનાથ
દુઃખ દોહગ ... ૨૫૦
(૧૪) શ્રી અનંતનાથ
ધાર તલ ... ૨૯૯
(૧૫) શ્રી ધર્મનાથ
દેખો માઇ ... ૫૩
ધર્મ જિણંદ... ૫૫
થાશું પ્રેમ ... ૧૮૧

(૧૬) શ્રી શાંતિનાથ
ક્ષણુ ક્ષણ ... ૩
શાંતિ જિણંદ... ૮
શાંતિ પ્રભુ ... ૬૦
હમ મગન ... ૮૧
સુણો શાંતિ ... ૮૮
શાંતિ જિને ... ૧૦૭
મ્હારો મુજરો ૧૪૯
શાંતિ જિને ... ૧૭૨
સોળમા શાંતિ... ૨૭૬
પ્રભુ શાંતિ ... ૨૮૮
(૧૭) શ્રી કુંથુનાથજી
મનડું કિમ ... ૭૪
(૧૮) શ્રી અરનાથ
અરનાથકો ... ૧૧
(૧૯) શ્રી મલ્લિનાથ
કો ન રમે ... ૧૨
જિન રાજા ... ૨૦૯
(૨૦) શ્રી મુનિસુવ્રત
શ્રી મુનિસુ ... ૧૨૪
(૨૧) શ્રી નમિનાથજી
પુરુષોત્તમ ... ૧૨૩
(૨૨) શ્રીનેમનાથપ્રભુ
અબ મોરી ... ૯
રાજુલ તેરો ... ૧૫
કહા કિયો ... ૫૯
વાજે નગા ... ૧૦૭
તોરણ આવી... ૧૮૩
હાંરે મેં જોઇ ... ૨૦૧
પરમાતમ ... ૨૦૫
નિરખો નેમિ... ૨૪૮
પરમ રૂપ ... ૨૬૮

તુજ દરિ ... ૨૭૩

(૨૩) શ્રીપાર્શ્વનાથજી

જય જય જય ૧
શ્રી શંખેશ્વર... ૧૯
મુખ બોલ ... ૩૩
પાસ પ્રભુ ... ૪૦
શ્રી પાસજી ... ૭૦
તારા નયના ... ૮૪
અબ મોહે ... ૮૫
મેરે સાહેબ ... ૯૨
મોરી સૈયાં ... ૧૧૫
ચેતન તું ... ૧૨૨
પ્યારો પ્યારો... ૧૨૬
એહીજ ઉ. ... ૧૫૨
નિત્ય સમરૂં ... ૧૫૮
પ્રભુ જગ ... ૧૬૨
મીલાવના ... ૧૮૩
પ્રભુ પાસ ... ૧૯૩
અહો અહો ... ૨૦૭
હાંરે મારે ... ૨૧૦
પરમ પુરુષ ... ૨૧૯
મોહન મુજરો... ૨૨૭
ચાલ ચાલ ... ૨૩૫
પ્રભુજી મોહે ... ૨૩૬
તાર મુજ ... ૨૩૭
સુરજમંડન ... ૨૩૮
પરમાતમ ... ૨૪૫
તું અકલંકી ૨૫૯
પાસ શંખે ... ૨૬૦
શ્રી ચિંતામણિ ૨૬૯
દાદો પાસ ... ૩૦૬

(૨૪) શ્રીમહાવીરસ્વામી

વીરજીને દીની ... ૧૩

(માતા૦) પારણું ૨૧
હાલરડું ... ૪૫
વીર જિન .. ૫૦
વીર જિનેશ્વર... ૫૧
વંદો વીર ... ૯૩
મહા૦ જિણં... ૯૫
સિદ્ધારથના ... ૯૯
બલિહારી ... ૧૩૧
નારે પ્રભુ ... ૧૩૧
વીરજી સુણો ... ૧૪૫
ત્રિશલાદે ... ૧૫૦
ગિરૂઆ રે ... ૧૭૪
પ્રભુજી વીર ... ૧૭૯
વીર જિનેશ્વર... ૨૭૮
વીર જિણંદ ... ૨૯૧


## સીમંધર જિનનાં


ધ્યાનમાં ... ૧૭
સાહેબ શ્રી ... ૨૫
તારી મૂરતિએ ૧૬૬
આજ જિન ... ૨૪૧
કાયા પામી ... ૩૦૩
સ્વામિ સીમં૦... ૩૦૭
તારી મુદ્રાએ ... ૩૨૯


## સામાન્ય જિનનાં


પ્રભુ તેરા ... ૬
વિનતી કૈસે ... ૪૧
આજકી રેન ... ૬૭
આજ મારા ... ૧૦૩
મનમાં આવ ... ૧૦૯
મેરે પ્રભુ શું ... ૧૧૦
કયું કર ભક્તિ ૧૧૧
જિન તેરે ... ૧૧૨
પ્રભુ મેરે ... ૧૧૪

| | |
|---|---|
| દેખો માઈ ... | ૧૪૦ |
| ભરતાદિકે ... | ૧૪૦ |
| ક્યારે મને ... | ૧૪૮ |
| રખે નાચતાં ... | ૧૪૮ |
| સકલ સમતા ... | ૧૭૫ |
| તમારા મુખ ... | ૧૯૨ |
| નિરંજન ... | ૨૪૦ |
| પ્યારો લાગે ... | ૨૬૭ |
| જિણંદા પ્યારા | ૨૮૨ |
| ચંચલ દગ ... | ૩૨૫ |

**તીર્થોનાં સ્તવનો**

| | |
|---|---|
| સમેતશિખરજી... | ૩૫ |
| સમેતશિખર ... | ૧૮૧ |
| અષ્ટાપદનું ... | ૧૫૬ |
| કેસરીયાજીનું ... | ૩૭ |
| દીવાળીનું ... | ૧૪૩ |
| દીવાળીનું ... | ૧૮૭ |
| કાવી. સા. વહુનું | ૧૮૫ |
| પર્યુષણાનું ... | ૧૯૩ |
| ચોમાસી પારણું | ૨૨૯ |
| તીરથ પદ ... | ૨૩૧ |
| પંચ પરમેશ્વરા | ૨૫૨ |
| ચક્રેશ્વરીજી ... | ૨૦૮ |
| આગમની પૂજાનું | ૩૦૫ |
| જ્ઞાનપંચમીનું ... | ૩૧૪ |
| અષ્ટમીનું ... | ૩૧૭ |
| એકાદશીનું ... | ૨૦૩ |
| એકાદશીનું ... | ૩૨૫ |

**શ્રી સિદ્ધચક્રજીનાં**

| | |
|---|---|
| નવપદનો મ. ... | ૨૧૬ |
| અહો ભવિ ... | ૩૧૦ |
| શ્રી સિદ્ધચક્ર ... | ૩૧૧ |

શ્રી ગિરનાર તીર્થ વિભૂષણ

# શ્રી નેમિજિનેશ્વર

## પંચ કલ્યાણક પૂજા.

તુરતમાં જ બહાર પડનાર છે. તમારા ગામમાં ભગવાન શ્રી નેમિનાથ પ્રભુનું જિનાલય છે? ત્યાં તમે કયી પૂજા ભણાવશો? એક વાર આ નૂતન પૂજા ભણાવી ભક્તિ કરો. પહેલાંની પૂજામાં પંચ-કલ્યાણકનો ક્રમ નથી. આ પૂજાની આ વિશિષ્ટતા છે. તથા બીજી વિશિષ્ટતાઓ ભણાવવાથી સમજાશે.

ૐ

# શ્રી સિદ્ધહેમલઘુવૃત્તિ

## અવચૂરિ પરિષ્કાર

## નવ્ય અને અપૂર્વ સંસ્કરણ.

વ્યાકરણના અભ્યાસીઓની સુગમતા માટે દરેક પાદ જુદા બહાર પાડવામાં આવે છે. સાત અધ્યાયના રૂ. સાડા સત્તર ભરી ગ્રાહક બનો. પ્રથમથી ગ્રાહક થનારને ઘણા લાભ છે. સુઘડતાવાળું ને મન પસંદ કાર્ય મંગાવી જોઇ ખાત્રી કરો.

卐

વિશ્વવંદ્ય ત્રિભુવનસેવ્ય સુરાસુરપૂજિત અપ્રતિમપ્રતાપી યંત્રતંત્રમંત્રશિરોમણિ મહાપ્રભાવિક **શ્રી સિદ્ધચક્ર** મહાત્મ્ય સ્વરૂપ.

# શ્રી નવપદજીની

## મહાપૂજા.

આધુનિક ભક્તિ વૈભવનો અજોડ નમૂનો. ભક્ત વર્ગ જેને અત્યંત ઉલ્લાસપૂરક અને ભક્તિ રસના તરંગવર્ધક તરીકે વધાવે છે. ગાનતાનમાં દૈવી સુખનો અનુભવ કેમ થાય છે ? તેનો આસ્વાદ આ પૂજા ભણાવીને લ્યો.

ટૂંક સમયમાં બહાર પડનાર છે.

# બાળજીવન ગ્રંથાવળી.

## પ્રથમ શ્રેણી : ૩ : ૪ :

## ટૂંકી ત્રણ વાર્તાઓ.

તથા

# કર્મના ફળ

બાળકોને બહુ ગમી ગઈ છે. તેમાં સરળ ૧૧ વાર્તાઓ છે. તમારા ઘરમાં બાળકોને અપૂર્વ ધર્મસંસ્કાર આપવા આ શ્રેણીની પુસ્તિકાઓ અજોડ છે. તમારું ઘર ધર્મ-સંસ્કૃતિથી ઉજવળ બનવું જોઈએ. બીજા ધર્મોની સાથે જૈન ધર્મને પરીક્ષા માટે મૂકશો ત્યારે તમારા જૈન ધર્મની વિશિષ્ટતાઓ શાથી પારખશો ? આધુનિક પદ્ધતિથી લખાયેલી આ શ્રેણીના ગ્રાહક બનો. છપાશે તેમ તેમ તમોને ઘર બેઠા પહોંચાડવામાં આવશે. તુરતજ મંગાવો.

# અમારાં પ્રકાશનો.

| | રૂ.-આ.-પા. |
|---|---|
| ૧. શ્રી જૈન વિદ્યાર્થી ગ્રંથમાળા | |
| પ્રથમ શ્રેણી. જૂજ બાકી છે. | ૩-૦-૦ |
| ૨. નૂતન સજ્ઝાય સંગ્રહ. | ૦-૮-૦ |
| ૩. શ્રી સિદ્ધહેમલઘુવૃત્તિ. અ. ૭. | ૧૭-૮-૦ |
| પાંચ પાદના | ૩-૨-૦ |
| ૪. નૂતન ગહૂંલી સંગ્રહ. | સીલકમાં નથી. |
| ૫. શ્રી જૈન વિદ્યાર્થી ગ્રંથમાળા. | |
| બીજી શ્રેણી. પોસ્ટેજ સાથે. | ૨-૮-૦ |
| ૬. શ્રી નેમિજિનેશ્વર પંચકલ્યાણક પૂજા. | (પ્રેસમાં) |
| ૭. શ્રી બાળજીવન ગ્રંથાવળી: | |
| પ્રથમ શ્રેણી. પોસ્ટેજ સાથે. | ૨-૮-૦ |
| ૮. શ્રી ચૈત્યવંદન સ્તુતિ ચતુર્વિંશતિકા. | ૦-૮-૦ |
| ૯. જૈન સમાજનો અભ્યુદય. | (પ્રેસમાં) |
| ૧૦. સ્તવનાવલી. | ૦-૨-૦ |

૧૧. વિધિસમયદર્પણ જૈન વિધિ ચૈત્રી પંચાંગ. સં. ૨૦૦૪ ફાગણ સુધી ૦-૬-૦
૧૨. સકલાર્હત્ સ્તોત્ર. ૦-૬-૦
૧૩. પ્રાચીન સ્તવનાવલી. ૧-૮-૦
૧૪. પ્રાચીન ગહૂંલી સંગ્રહ. (પ્રેસમાં)
૧૫. શ્રી અમર જૈન વાંચનમાળા. ,,
૧૬. અપરાજિત કથાનકમ્. પ્રતાકાર ૦-૬-૦
૧૭. શ્રી નવપદજીની મહાપૂજા. (પ્રેસમાં)
૧૮. પ્રાચીન સજ્ઝાય સંગ્રહ. ,,
૧૯. પં. શ્રી વીરવિજયજી મ. કૃત સ્નાત્રપૂજા. ,,

શા. ઉમેદચંદ રાયચંદ
ઠે૦ જૈન દેરાસર પાસે

વ્યવ. શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા.
ગારીઆધાર:
વાયા દામનગર ( કાઠીયાવાડ )

श्रीशंखेश्वरपार्श्वनाथाय नमः ॥

# પ્રાચીન સ્તવનાવલી

અનેક પૂર્વમહર્ષિઓવિરચિત
સ્તવનો વિગેરેનો સંગ્રહ.

## શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ સ્તવન.

( રાગ-કલ્યાણ )

જય જય જય જય પાસ જિણંદ.-ટેક.
અંતરીક્ષ પ્રભુ ત્રિભુવન તારન,
ભવિક કમલ ઉલ્લાસ દિણંદ-૧ જય.

તેરે ચરન શરન મૈં કીનો,
તું બિનુ કુન તોરે ભવફંદ;
પરમપુરૂષ પરમારથદર્શી,
તું દીયે ભવિકકું પરમાનંદ–૨ જય.

તું નાયક તું શિવસુખદાયક,
તું હિતચિંતક તું સુખકંદ;
તું જનરંજન તું ભવભંજન,
તું કેવલ–કમલા–ગોવિંદ–૩ જય.

કોડી દેવ મિલકે કર ન શકે,
એક અંગૂઠ રૂપ પ્રતિછંદ;
ઐસો અદભુત રૂપ તિહારો,
બરષત માનું અમૃતકો બુંદ–૪ જય.

મેરે મન મધુકરકો મોહન,
તુમ હો વિમલ સદલ અરવિંદ;
નયન ચકોર વિલાસ કરત હૈ,
દેખત તુમ મુખ પૂરનચંદ–૫ જય.

દૂર જાવે પ્રભુ! તુમ દરિશનતેં,
દુઃખ-દોહગ-દારિદ્ર-અઘ-દંદ;
વાચક જશ કહે સહસ ફલદ તુમહો,
જે બોલે તુમ ગુનકે વૃંદ-૬ જય.

---

## શ્રી શાન્તિનાથ સ્તવન.

ક્ષણુ ક્ષણુ સાંભલો શાન્તિ સલૂણા,
ધ્યાન ભુવન જિનરાજ પરૂણા-ક્ષણુ.
શાન્તિ જિણંદ કો નામ અમીસેં,
ઉલ્લસીત હોત હમ રોમ વપુના;
ભવ ચોગાનમેં ફિરતે પાયે,
છોરત મેં નહીં ચરન પ્રભુના-૧ ક્ષણુ.
છિલ્લરમેં રતિ કબહું ન પાવે,
જે ઝીલે જલ ગંગ યમૂના;
તુમ સમ હમ શિર નાથ ન થાશે,
કર્મ અઘુના દૂના ધૂના-૨ ક્ષણુ.

મોહ લરાઇ મેં તેરી સહાઈ,
તો ક્ષણમેં છિન્ન છિન્ન કરુના;
નહિ ઘટે પ્રભુ આના કુના,
અચિરાસુત પતિ મોક્ષ વધૂના-૩ ક્ષણ
ઓરકી પાસ મેં આશ ન કરતા,
ચાર અનંત પસાય કરૂના;
કયું કર માંગત પાસ ધત્તુ રે,
યુગલિક યાચક કલ્પતરૂના-૪ ક્ષણ
ધ્યાન ખડગવર તેરે આસંગે,
મોહ ડરે સારી ભીક ભરૂના;
ધ્યાન અરૂપી તો સાંઇ અરૂપી,
ભકતે ધ્યાવત તાના તૂના-૫ ક્ષણ.
અનુભવ રંગ વધ્યો ઉપયોગે,
ધ્યાન સુપાનમેં કાથા ચૂના;
ચિદાનંદ ઝકઝોલ ઘટાસેં,
શ્રી શુભવીર વિજય પડિપુન્ના-૬ ક્ષણ

## પદ્મપ્રભુ જિન સ્તવન.

ઘડી ઘડી સાંભરે સાંઇ સલૂના. ઘડી ઘડી
પદ્મ પ્રભ જિન દિલસે ન વિસરે;
માનું કિયા કછું ગુનકો દૂના,
દરિશન દેખત હિ સુઃખ પાઉં,
તો બિન હોત હું ઊનાદૂના-ઘડી ૧.

પ્રભુ ગુણ જ્ઞાન ધ્યાન વિધિ રચના,
પાન સુપારી કાથા ચૂના;
રાગ ભયો દિલમેં આ યોગે,
રહે છિપાયા ના છાના છૂના-ઘડી ૨.

પ્રભુ ગુણ ચિત્ત બાંધ્યો સબ સાખે,
કુન પઇસે લેઈ ઘરકા ખૂના;
રાગ જગા પ્રભુસું મોહે પરગટ,
કહો નયા કોઉ કહો જૂના-ઘડિ ઘડી ૩.

લોકલાજસે જે ચિત્ત ચોરે,
સો તો સહજ વિવેક હી સૂના;

પ્રભુ ગુણ ધ્યાન વગર ભ્રમ ભૂલા,
કરે કિરીયા સો રાને રૂના-ઘડી ૪.
મેં તો નેહ કીયો તોહી સાથે,
અબ નિવાહો તોસે હૂના;
જસ કહે તો બિનું ઓર ન સેવું.
અમીય ખાઇ કુન ચાખે લૂના-ઘડી ઘડી ૫.

---

## સાધારણ જિન સ્તવન.

( રાગ-ભીમપલાસ )

પ્રભુ તેરો મોહન હે મુખ મટકો,
નિરખી નિરખી અતિ હરખીત હોવે;
અનુભવ મેરે ઘટકો-૧ પ્રભુ૦

સહજ સુભગતા સમતાકેરી,
એહિજ ચરણકો ચટકો;
દરિશન જ્ઞાન અક્ષય ગુણનિધિ તુમ,
દીઓ પ્રેમે તસ કટકો-૨ પ્રભુ૦

શુદ્ધ સુવાસના સુરભી સમીરે,
મિથ્યામત રજ ઝટકો;
દંભ પ્રપંચ જોર જિમ ન હોય,
પટક કરકે મોહ નટકો–૩ પ્રભુ૦
ધર્મ સંન્યાસ યોગ શિરપાગત,
બંધત પર જય પટકો;
દર્શન ચક્કે કર્મ નૃપતિસું,
કરત સદા રણ રટકો–૪ પ્રભુ૦
વીતરાગતા દિલમેં ભાસત,
નહીં અવર ખલ ખટકો;
પૂરવ સંચિત પાતક જાતક,
અમથી દૂરે સટકો–૫ પ્રભુ૦
જ્ઞાનવિમલ પ્રભુ ધ્યાન પસાયે,
ભવે ભવે ભવી નવિ ભટકો;
આઇ મિલે જ્યું એકી ભાવે,
શિવસુંદરી કો લટકો–૬ પ્રભુ૦

# શ્રી શાન્તિનાથ સ્તવન.

શાન્તિજિણંદ મહારાજ,
 જગતગુરુ શાન્તિજિણંદ મહારાજ;
અચિરાનંદન ભવિ મન રંજન,
 ગુણનિધિ ગરીબનિવાજ–૧ જગત.

ગર્ભથકી જીણે ઇતિ નિવારી,
 હરખીત સુરનર કોડી;
જન્મ થયે ચોસઠ ઇન્દ્રાદિક,
 પદ પ્રણમેં કરજોડી–૨ જગત.

મૃગલંછન ભવિકતુષ ગંજન,
 કંચનવાન શરીર;
પંચમનાણી પંચમચક્રી,
 સોલસમો જિન ધીર–૩ જગત.

રત્નજડિત ભૂષણ અતિસુન્દર,
 આંગી અંગ ઉદાર;

અતિ ઉછરંગ ભગતિ નઉતમ ગતિ,
ઉપશમ રસદાતાર—૪ જગત.

કરુણાનિધિ ભગવાન કૃપાકર,
અનુભવ ઉદિત આવાસ;
રૂપ વિબુધનો મોહન પભણે,
દીજે જ્ઞાન વિભાસ—૫ જગત.

---

## શ્રી નેમનાથ સ્તવન.

( રાગ—ભજ લે મહાવીર ભગવાન )

અબ મોરી અરજ સુનો મહારાજ,
હો ગિરનારકે જાનેવાલે;
ગિરનારકે જાનેવાલે,
હો મુગતિકે જાનેવાલે ( અંચલી. ) અબ.

ભક્તિભોગ જોગ લીયા ધાર,
અબ ક્યા સોચો નેમકુમાર;

કરતી રાજુલ સોચ વિચાર,
વેરણ મુક્તિને ઘર ઘાલા-૧ અબ.
તોરણ આય રથ દીયા ફેર,
પ્રભુ તુમ સુની પશુઅનકી ટેર;
તુમને જરા ન કીની ડેર,
નવ ભવ પ્રીત નિભાનેવાલે-૨ અબ.
ડૂબી ભવસાગરમાં નૈય્યા,
મેરે તુમ બીન કૌન ખેવૈયા;
તુમ હો અરજીકે સુનવૈયા,
બેડા પાર લગાનેવાલે-૩ અબ.
દિલ મેરા ગુલામ,
હરદમ લેતા તેરા નામ;
મેરે ભક્તિ શિવા નહી કામ,
મેરે દિલમેં સમાનેવાલે-૪ અબ.
તુમ તો નેમનાથ ભગવાન,
લીના સહસાવનમેં ધ્યાન;

કીના અતિ ઉત્તમ એ કામ,
આતમ પાર લગાનેવાલે-૫ અબ.

## શ્રી અરજિન સ્તવન.

અરનાથકું સદા મોરી વંદના;
જગનાથકું સદા મોરી વંદના-ટેક૦
જગઉપગારી ઘન જ્યોં વરસે;
વાણી શીતલ ચંદના-૧ જગ૦
રૂપે રંભા રાણી શ્રીદેવી;
ભૂપ સુદર્શન નંદના-૨ જગ૦
ભાવ ભગતિશું અહનિશિ સેવે;
દુરિત હરે ભવફંદના-૩ જગ૦
છ ખંડ સાધી દેવા કીધી;
દુર્જય શત્રુ નિકંદના-૪ જગ૦
ન્યાયસાગર પ્રભુ સેવામેવા;
માંગે પરમાનંદના-૫ જગ૦

## શ્રી મલ્લિનાથ સ્તવન.

કૌન રમે ચિત્ત કૌન રમે;
મલ્લિનાથ વિના ચિત્ત કૌન રમે-ટેક૦
માતા પ્રભાવતી રાણી જાયો;
કુંભ નૃપતિ સુત કામ દમે-૧ કૌન૦
કામકુંભ જિમ કામિત પૂરે;
કુંભ લંછન જિનમુખ ગમે-૨ કૌન૦
મિથિલા નયરી જનમ પ્રભુકો;
દર્શન દેખત દુઃખ શમે-૩ કૌન૦
ઘેબર ભોજન સરસ પીરસ્યાં;
બુકસ બાકસ કૌન જમે-૪ કૌન૦
નીલ વરણુ પ્રભુ કાન્તિકે આગે;
મરકત મણિ છબી દૂર ભમે-૫ કૌન૦
ન્યાયસાગર પ્રભુ જગને પામી;
હરી હર બ્રહ્મા કૌન નમે-૬ કૌન૦

## મહાવીરસ્વામી સ્તવન.

( રાગ—કાલીંગડો )

વીરજીને દીની મુને એક જરી,
એક ભુજંગ પંચ વિષ નાગન,
સુંઘત તુરત મરી. ( અંચલી. )
કુમતિ કુટીલ અનાદિકી વૈરણ, દેખત તુરત ડરી;
ચારો હિ દાસી પૂત ભયંકર, હૂએ ભસમ
જરી. વીર. ૧
બાવીશ કુમતિ પૂત હઠીલે, નાઠે મદસે ગરી;
દોઉ સુભટ જર મૂરસેં નાશે, છૂટયો મદન મરી
વીર. ૨
મહાનંદ રસ ચાખત પાયો, તન મન દાહ ઠરી;
અજરામર પદ સંગ સુહાયો, ભવ ભવ તાપ
હરી. વીર. ૩
શિવવધુ વશીકરણ કો નીકો, તીનો રતન ધરી;
આતમ આનંદરસકે દાતા, વીર પ્રભુ
દાન કરી. વીર. ૪

## શ્રી સિદ્ધાચળજીનું સ્તવન.

શુભ પરિણામ વધારો, તુમે શેત્રુંજે ચાલો.
મરુદેવીનો નંદ નિહાલો, તુમે શેત્રુંજે ચાલો.
પાતિક પંક પખાલો, ગિરિવરીયે ચાલો.
નિજ જીવીત જન્મ સુધારો, તુમે ગિરિવરીયે
ચાલો. તુ૦ શુ૦ ૧

માનું એ તીરથ સમરથ જગમાં,
શું કરશે કલિકાલો. તુ૦ શુ૦ ૨
એ પાવન ભવીજનકું કરવા,
તરવા મોહ હિમાલો. તુ૦ શુ૦ ૩
દર્શન શુધ્ધે દર્શન કારણ,
જાણે દેવ દુંદાલો. તુ૦ શુ૦ ૪
ગારવરજ સવિ રજ સમવાને,
માનું પુષ્કર વરસાલો. તુ૦ શુ૦ ૫
સુનંદા સુમંગલા દેવીનો,
જગભૂષણ એ વ્હાલો. તુ૦ શુ૦ ૬

સંકટ સઘળાં અરતિ ને આરતિ,
આજથી સવી પરજાલો તુ૦ શુ૦ ૭
અલખ અગોચર ચરિત્ર તુમારો,
ન લખે મૂઢમતિવાલો. તુ૦ શુ૦ ૮
માનું એ મોહજયને કહેતા,
એ ગઢ રણ રોસાલો. તુ૦ શુ૦ ૯
શ્રીરીસહેસર તું પરમેશ્વર,
ઉન્નત ખુંપ ખુણાલો. તુ૦ શુ૦ ૧૦
ચરણ સરોજ યુગલ પ્રણમીને,
જ્ઞાનવિમલ ગુણ પાલો. તુ૦ શુ૦ ૧૧

---

## શ્રી નેમનાથ સ્તવન.

રાજુલ તેરો પશુયાં કરત પોકાર;
સબ મિલી કરી પ્રભુજી કે આગે નિસુણત
નેમકુમાર. ૧

પિક શુક મોર ભૃંગ મૃગ ખંજન હરિ ગજ
ચકવા હંસ;
કંઠ નાસિકા કેશ ભ્રમુ લોચન
કટી ગતિ થણુ જિત અંસ. ૨
અરજ સુણી પશુ નયનકી નેમી છોડી
ચાહ્યો નિરધાર,
કહે રાજુલ સો ગંધકી પ્રભુ વિણુ કરૂ ન
ઓર ભરતાર ૩
પીઉ પીઉ કરત ચલત તવ પાળી ચઢી
ગઢ ગિરનાર;
પીઉ પ્રેમે કરી દિયો શિર પરે કીનો
સફલ અવતાર. ૪
અવિચલ પદ પામે તિહાં દંપતી યાદવ-
કુલ શણગાર;
જ્ઞાનવિમલ મનમોહન સારંગ રસિક
શિવાદે મલ્હાર ૫

# શ્રી સીમંધર જિન સ્તવન.

( રાગ-તમે વ્હેલા સિદ્ધાચલ આવજો )

ધ્યાનમાં ધ્યાનમાં ધ્યાનમાં રે;
જિનરાજ લીયા મેં ધ્યાનમાં;
અણ કહેશું વાત કાનમાં-જિ૦
પ્રભુ સમજાવીશું સાનમાં-જિ૦
અમે રમશું અંતર જ્ઞાનમાંરે-જિ૦
( અંચલી. )

ગુણ અનંત અનંત બિરાજે,
સીમંધર ભગવાનમાં-જિન૦
દોષ અઢાર ગયે પ્રભુ તુમસે,
વરસ્યો સુખ નિર્વાણમાં-૧ જિન૦
દેવ! દેવ જગ કેઇ કહાવે,
માચે વિષય વિકારમાં-જિન૦
પરખી નાણું જે જગ લેશે,
તે સુખીયો સંસારમાં-૨ જિન૦

વનિતા વશે ઈશ્વર પણ નાચ્યો,
રૌદ્ર નિર્ધન વેશ્યાનમાં–જિન૦
વેદ ચાર પણ ચિહું મુખ નાઠે,
જડ ગુણ સરજા સાનમાં–૩ જિન૦
સીતા વિણ ગ્રહી વણતરૂ ભંજયા,
રૂપ કપિ હનુમાનમાં–જિન૦
કંસારી પમુહા જગદેવા,
જે ફરીયા તોફાનમાં–૪ જિન૦
તે તો રાગી તું વીતરાગી,
અંતર બહુલ વિધાનમાં–જિન૦
રત્નોપલ ખજુઆ ખગ અંતર,
ઐસાબી વિજ્ઞાનમાં–૫ જિન૦
ઉત્તમ થાનક હીરો પાવે,
વયરાગકી ખાનમાં–જિન૦
શરણુ હુઆ અબ મુજ બલીયાકો,
કર્મ કઠીન ગભરાનમાં–૬ જિન૦

દૂર રહ્યા પણ અનુભવ મિત્રે,
મનમંદિર મેદાનમાં-જિન૦
તુમ સંગે શિવપદ લહું કંચન,
ત્રાંબુ રસવેધ્યાનમાં-૭ જિન૦
મોહ સુભટ દુરદંત હઠીકું,
અંતર બલ શુભ ધ્યાનમાં-જિન૦
વીરવિજય સાહિબ સાનીધે,
જીત લીયો મેદાનમાં-૮ જિન૦

---

## શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન.

શ્રી શંખેશ્વર નિજરંગી,
પ્રાણજીવન પ્રભુ તારે. શ્રી૦
અશ્વસેન વામાજીકે નંદન,
ચંદન સમ હમ સારે;
અનીયાલી તોરી અંબુજ અખીયાં,
કરૂણા રસભરે તારે શ્રી૦ ૧

નયન કચોલે અમૃત રોલે,
ભવિજન કાજ સુધારે;
ભવિ ચકોર ચિત્ત હરખે નીરખી,
ચંદ કિરણ સમ પ્યારે શ્રી. ૨
તોરા હી નામ રટત હું નિશદિન,
અન્ય આલંબન છારે;
શરણ પડયેકો પાર ઉતારો,
ઐસો બીરૂદ તિહારે શ્રી૦ ૩
ભ્રમત ભ્રમત શંખેશ્વર સ્વામી,
પામી ભ્રમ સબ જારે;
જન્મ મરણકી ભીતિ નિવારી,
વેગ કરો ભવપારે શ્રી૦ ૪
આતમરામ આનંદરસ પૂરણ,
તું મુજ કાજ સુધારે;
અનહદ નાદ બજે ઘટ અંતર,
તુંહી તાન ઉચ્ચારે શ્રી૦ ૫

: ૨૧ :

## મહાવીર સ્વામીનું પારણું.

માતા ત્રિસલાએ પુત્ર રત્ન જાઇઓ,
ચોસઠ ઇંદ્રના આસન કંપે સાર;
અવધિ ગયાને જોઈ ધાએ શ્રી જિનરાજને,
આવે ક્ષત્રીયકુંડ નયર મોજાર. માતા (૧)

વીર પ્રતિબિંબો મૂકે માતા કને,
અવસ્વાપનીએ નિદ્રા દીએ સાર;
મેરૂશિખરે જિનને લાવે મહોછવે,
હરી પંચ રૂપ કરી મનોહાર. માતા (૨)

એમ અસંખ કોટાકોટી મળી દેવતા,
પ્રભુને ઓછવ મંડાણે લઈ જાય;
પંડે કંબલસીલાએ જિનને ભકિતથી,
હરી અંકે થાપે ઈંદ્રપણું ઉપાય. માતા ૩

એક કોડી સાઠ લાખ કળશે કરી,
વીરનો સ્નાત્ર મહોછવ કરે સાર;

વીરકુંવરને લાવે અનુક્રમે જનની મંદિરે,
દાસી પ્રિયંવદા જાએ તેણીવાર. માતા ૪
રાજા સીધારથને દીધી વધામણી,
દાસીને દાન માન દીએ મનોહાર;
ક્ષત્રીકુંડમાંહી ઓછવ મંડાવીઓ,
પ્રજા લોકને હરખ અપાર. માતા ( ૫ )
ઘેર ઘેર શ્રીફળ તોરણ તરતજ બાંધીઆ,
ગોરી ગાવે મંગળ ગીત રસાળ;
રાજા સીદ્ધારથે જનમ મહોછવ કર્યો,
માતા ત્રિશલા થઇ ઉજમાલ, માતા ( ૬ )
માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે,
ઝુલે લાડકડા પ્રભુજી આણંદ ભેર;
હરખી નિરખીને ઇંદ્રાણી જન જાએ વારણે,
આજ આણંદ શ્રી વીરકુંવરને ઘેર. માતા (૭)
વીરના મુખડા ઉપર વારૂ કોટી ચંદ્રમા,
પંકજ લોચન સુંદર વિશાળ રસાળ;

શૂક ચંચુક સરખી દીસે નીરમળ નાસિકા,
કોમળ અધર અરૂણુ રંગ ચોળ. માતા (૮)
ઊસધી સોંવન મઢીરે શોભે હાલ રે,
નાજુક આભરણ સઘળાં કંચન મોતી હાર;
કર અંગુઠો ધાવે વીરકુમર હરખે કરી,
કાંઇ બોલાવંતાં કરે કીલકાર. માતા (૯)
વીરને લલાટે કીધા છે કુમકુમ ચાંદલા,
શોભે જડીત મરકત મણિમાં દીસે લાલ;
ત્રિસલાએ જુગતે આંજી અણીયાળી બેઉ આંખડી
સુંદર કસ્તુરીનું ટપકું કીધું ગાલ. માતા (૧૦)
કંચન સોલે જાતના રત્ન જડેલું પારણું,
ઝુલાવંતા થાએ ઘુઘરનો ઘમકાર,
ત્રિસલા વિવિધ વચને કરી ગાએ હાલરૂં,
ખેંચે કુમતીયાલી કંચન દોરી સાર. માતા (૧૧)
મારો લાડકવાયો સરખા સંગે રમવા જશે.
મનોહર સુખલડી હું આપીશ એને હાથ;

ભોજન વેલા રૂમઝુમ કરતો આવશે,
હું તો ધાઇને ભીડાવીશ હૃદય સાથ. માતા (૧૨)
હંસ કારંડવ કોકીલ પોપટ પારેવડા,
માંહી બપઈયાના સારસ ચકોર;
મેના મોર મેલ્યા રમકડાં રમવા તણા,
ઘુમ ઘુમ ઘુઘરો બજાવે ત્રિશલા કિશોર. માત(૧૩)
મારો વીરકુંવર નિશાળે ભણુવા જશે,
સાથે સ્વજન કુટુંબ પરિવાર;
હાથી રથ ઘોડા પાળાએ ભલું શોભતું,
કરીશ નિશાળગએણું અતિ મનોહાર. માતા(૧૪)
મહાવીર સમાણી કન્યા સારી લાવશું,
મારા કુંવરને પરણાવીશ મોટે ઘેર,
મારો લાડકડો વરરાજા ઘોડે બેસશે,
મારો વીર કરશે સદાય લીલા લ્હેર. માતા (૧૫)
માતા ત્રિશલા ગાવે વીરકુંવરનું હાલરૂ,
મારો નંદન જીવજો કોડા કોડી વરસ;

એ તો રાજરાજેશ્રી થાશે ભલો દીપતો,
મારા મનના મનોરથ પૂરશે જગીશ. માતા (૧૬)
ધન ધન ક્ષત્રીકુંડ ગ્રામ મનોહરૂં,
જીહાં વીરકુંવરનો જનમ ગવરાય;
રાજા સીધારથ કુળમાંહે દીનમણિ,
ધન ધન ત્રિસલા રાણી જેહની માય. માતા (૧૭)
એમ સઇઅર ટોળી ભોળી ગાવે હાલરૂ,
થાશે મનના મનોરથ તેને ઘેર;
અનુક્રમે મહોદય પદવી રૂપવીજે પદે પામશે,
ગાએ અમીવીજય કહે થાશે લીલા લ્હેર.માતા(૧૮

---

## શ્રી સીમંધરસ્વામીનું સ્તવન.

( સાહિબ અજિત જિણંદ જુહારીયે-એ દેશી )

સાહેબ શ્રી સીમંધર સાહિબા,
સાહેબ તુમ પ્રભુ દેવાધિદેવ;
સનમુખ જુઓને મારા સાહિબા,

સાહેબ મન શુધ્ધે કરૂં તુમ સેવ.
એક વાર મળોને મારા સાહિબા. ૧

સાહેબ સુઃખ દુઃખ વાતો મ્હારે અતિઘણી,
સાહેબ કોણુ આગળ કહું નાથ ?
સાહેબ કેવળજ્ઞાની પ્રભુ જો મળે,
સાહેબ તો થાઉં હું સનાથ–એક વાર ૨

સાહેબ ભરતક્ષેત્રમાં હું અવતર્યો,
સાહેબ ઓછું એટલું પુણ્ય;
સાહેબ જ્ઞાની વિરહ પડ્યો આકરો,
સાહેબ જ્ઞાન રહ્યું અતિ ન્યૂન–એક વાર ૩

સાહેબ દશ દૃષ્ટાંતે દોહીલો,
સાહેબ ઉત્તમ કુલ સૌભાગ;
સાહેબ પામ્યો પણુ હારી ગયો,
સાહેબ જેમ રત્ને ઉડાડ્યો કાગ–એક વાર ૪

સાહેબ ષડ્ રસ ભોજન બહુ કર્યાં,
સાહેબ તૃપ્તિ ન પામ્યો લગાર;

સાહેબ હું રે અનાદિની ભૂલમાં,
સાહેબ રઝળ્યો ઘણો સંસાર—એક વાર ૫

સાહેબ સ્વજન કુટુંબ મલ્યા ઘણાં,
સાહેબ તેહને દુઃખે દુઃખી થાય;
સાહેબ જીવ એક ને કર્મ જૂજૂઆં,
સાહેબ તેહથી દુર્ગતિ જાય—એક વાર ૬

સાહેબ ધન મેળવવા હું ધસમસ્યો,
સાહેબ તૃષ્ણાનો નાવ્યો પાર;
સાહેબ લોભે લટપટ બહુ કરી,
સાહેબ ન જોયો પાપ વ્યાપાર—એક વાર ૭

સાહેબ જેમ શુદ્ધાશુદ્ધ વસ્તુ છે,
સાહેબ રવિ કરે તેહ પ્રકાશ;
સાહેબ તીમહીજ જ્ઞાની મળે થકે,
સાહેબ તે તો આપેરે સમકિત વાસ—એક વાર ૮

સાહેબ મેઘ વરસે છે વાડમાં,
સાહેબ વરસે છે ગામે ગામ;

સાહેબ ઠામ કુઠામ જુએ નહીં,
સાહેબ એવા મ્હોટાંના રે કામ–એક વાર ૯

સાહેબ હું વસ્યો ભરતને છેડલે,
સાહેબ તુમે વસ્યા મહાવિદેહ મોઝાર;
સાહેબ દૂર રહી કરૂં વંદના,
સાહેબ ભવસમુદ્ર ઉતારો પાર–એક વાર ૧૦

સાહેબ તુમ પાસે દેવ ઘણા વસે,
સાહેબ એક મોકલજો મહારાજ;
સાહેબ મુખનો સંદેશો સાંભળો,
સાહેબ તો સહેજે સરે મુજ કાજ–એક વાર ૧૧

સાહેબ હું તુમ પગની મોજડી,
સાહેબ હું તુમ દાસનો દાસ;
સાહેબ **જ્ઞાનવિમલસૂરિ** એમ ભણે,
સાહેબ મને રાખો તમારી પાસ–એક વાર ૧૨

## શ્રી ગિરિરાજનું સ્તવન.

શેત્રુંજા ગઢના વાસી રે મુજરો માનજો રે,
સેવકની સુણી વાતો રે દિલમાં ધારજો રે.
પ્રભુ મે દીઠો તુમ દેદાર,
આજ મુને ઉપન્યો હરખ અપાર;
સાહિબાની સેવારે ભવદુઃખ ભાંજશે રે. ૧

એક અરજ અમારી રે દિલમાં ધારજો રે,
ચોરાશી લાખ ફેરા રે દૂર નિવારજો રે;
પ્રભુ મને દુર્ગતિ પડતો રાખ,
દરિશણ વ્હેલેરૂં દાખ,
સાહિબાનો સેવારે ભવદુઃખ ભાંજશે રે. ૨

દોલત સવાઇ રે સોરઠ દેશની રે,
બલિહારી હું જાઉં રે તારા વેસની રે;
પ્રભુ તારૂં રૂડું દીઠું રૂપ,
મોહ્યાં સુર નર વૃંદને ભૂપ;
સાહિબાની સેવારે ભવદુઃખ ભાંજશે રે. ૩

તીરથ કો નહિં રે શત્રુંજય સારીખું રે,
પ્રવચન પેખી રે કીધું મેં પારખું રે;
ઋષભને જોઈ જોઇ હરખે જેહ,
ત્રિભુવન લીલા પામે તેહ,
સાહિબાની સેવારે ભવદુઃખ ભાંજશે રે. ૪

ભવોભવ માંગું રે પ્રભુ તારી સેવના રે,
ભાવઠ ન ભાંગે રે જગમાં તે વિનારે;
પ્રભુ મારા પૂરો મનના કોડ,
એમ કહે ઉદયરતન કર જોડ;
સાહિબાની સેવારે ભવદુઃખ ભાંજશે રે. ૫

---

## શ્રી ઋષભદેવ ભગવાનનું સ્તવન

જીરે આજ સફલ દિન માહરો,
દીઠો પ્રભુનો દેદાર......દીઠો......
લય લાગી જિનજી થકી,
પ્રગટયો પ્રેમ અપાર...પ્રગટયો...(૧)

ઘડીએ ન વીસરો હો સાહિબા,
સાહિબા ઘણોરે સનેહ......સા
અંતરજામી છો માહરા,
મરૂદેવાના નંદ સુનંદાના કંત...
ઘડીએ ન વીસરો હો સાહિબા...(૨)
સાહિબા લઘુ થઈ મન માહરૂં,
તીહાં રહ્યું, તુમારી સેવાને કાજ.
તે દિન કયારે આવશે,
હોશે સુખનો આવાસ...
ઘડીએ ન વિસરો હો સાહિબા...(૩)
જીરે પ્રાણેશ્વર પ્રભુજી તુમે,
આતમના રે આધાર,
મ્હારે પ્રભુજી તુમે એક છો,
જાણજો નિરધાર,
ઘડીએ...(૪)
સાહિબા એક ઘડી પ્રભુજી તુમ વિના,
જાએ વરસ સમાન

પ્રેમ વિરહ હવે કેમ ખમું,
જાણો વચન પ્રમાણ ઘડીએ...(૫)
સાહિબા અંતરગતની વાતડી,
કહો કેને કહેવાય ?
વ્હાલેશ્વર વીસવાસીયા,
કહેતા દુઃખ જાય સુણતાં સુખ થાય
ઘડીએ...(૬)
સાહિબા દેવ અનેક જગમાં વસે,
તેહની ઋદ્ધિ અનેક
તુમ વિના અવરને નવિ નમું,
એહવી મુજ મન ટેક ઘડીએ...(૭)
જીરે પંડિત વિવેકવિજયતણો,
પ્રણમે શુભ પાય;
હરખવિજય શ્રી ઋષભના,
જુગતે ગુણ ગાય
ઘડીએ ન વિસરો...(૮)

## શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન.

મુખ બોલ જરા યહ કહ દે ખરા,
તું ઓર નહીં મેં ઓર નહીં (અંચલી)
તું નાથ મેરા મેં હું જાન તેરી,
મુઝે કયું વિસરાઇ જાન મેરી;
જબ કરમ કટા ઓર ભરમ ફૂટા,
તું ઓર નહીં મેં ઓર નહીં મુખ૦ ૧
તું હે ઇશ મેરા મેં હું દાસ તેરા,
મુઝે કયું ન કરો અબ નાથ ખરા;
જબ કુમતિ ટરે ઓર સુમતિ વરે,
તું ઓર નહીં મેં ઓર નહીં મુખ૦ ૨
તું હે પાસ જરા મેં હું પાસપરા,
મુઝે કયું ન છોડાવો પાસ ટરા;
જબ રાગ કટે ઓર દ્વેષ મિટે,
તું ઓર નહીં મેં ઓર નહીં મુખ૦ ૩

તું હૈ અચરવરા મેં હું ચલનચરા,
મુઝે કયું ન બનાવો આપસરા;
જબ હોંશ જરે ઓર સાંગ ટરે,
તું ઓર નહીં મેં ઓર નહીં મુખ૦ ૪
તું હૈ ભૂપવરા શંખેશ ખરા,
મેં તો આતમરામ આનંદભરા;
તુમ દરસ કરી સબ ભ્રાન્તિ હરી,
તું ઓર નહીં મેં ઓર નહીં મુખ૦ ૫

---

## શ્રી અજિતનાથ સ્તવન.

તું ગત મેરી જાને,
જિનજી તું ગત મેરી જાને;
મેં જગવાસી પ્રભુ સહી દુઃખરાસી,
સો તો તુમસે ન છાને જિ૦ ૧
સબ લોકનમેં જો જીઉકી સત્તા,
દેખત દરીશન જ્ઞાને જિ૦ ૨

ઇનકાર ન કહા તુમસે કહેવો;
કહીયે તો ન સુનો કાને જિ૦ ૩
અપનોહીજ જાન નિવાજસ કિજે,
દેઇ સમકિત દાને જિ૦ ૪
માનો અજિતપ્રભુ અરજ એ ઇતની
જ્યું અમૃત મન માને જિ૦ ૫

---

## સમેતશિખર સ્તવન.

( વીછુઓ વીછુઓ શું કરો રે રસીઆ–એ દેશી )

તીરથ તીરથ શું કરો રે રસીયાજી,
તીરથ ભેટ્યાની બડી મોજ રસીયાજી,
ચાલોને તીરથ ભેટીએ,
ભવસાયર તરીએ જીનેરે રસીયા,
કીજે કરમની ખોજ રસીઆજી–ચાલો. ( ૧ )
પાવન પૂરવ દેશમાં રે રસીયા,
સમેતશિખર ગિરિરાજ રસીયાજી. ચાલો.

દરશન કરતા એહના રે રસીયા,
સીઝે સઘળા કાજ  રસીયાજી-ચાલો. ( ૨ )
પારંગત પદ જીહાં લહેરે રસીયા,
જગનાયક જિન વીશ રસીયાજી-ચાલો.
બહુ મુનિવર જુગતે વરયારે રસીયા,
જે થયા નિજ ગુણ હીર. રસીયાજી ચાલો. (૩)
વીસ શિખરબંધ ડેરારે રસીયા,
મંડપ તોરણ થંભ રસીયાજી-ચાલો;
જુગત જડાબ જડાજીહા રે રસીયા,
દેખત તેહ અચંભ રસીયાજી-ચાલો. ( ૪ )
રાજનગરમાં રંગથીરે રસીયા,
થાપના થાપી ચંગ રસીયાજી-ચાલો,
અઢાર ઓગણસાઠ વર્ષે રસીયા,
અધિકાઅધિક ઉછરંગ રસીયા-ચાલો. ( ૫ )
માગશર શુદ સાતમ દિને રે રસીયા,
ગુરૂવારે અતિ અંગ રસીયાજી-ચાલો,

કીધી પ્રતિષ્ઠા પ્રેમથી રસીયા
રહુડતે હરખ તુરંગ રસીયાજી–ચાલો. (૬)
જિન ઉત્તમ પદ પદમની રે રસીયા,
સેવના નર કરે જેહ રસીયાજી–ચાલો;
રૂપવિજય કહે તે લહે રે રસીયા,
ચાલોને તીરથ ભેટીએ રસીયાજી–ચાલો. (૭)

---

## શ્રી કેસરીયાજીનું સ્તવન

(હાંરે મારો ચીર દો વનમાળી. એ ગરબાની દેશી)

હાંરે વહાલો મારો રીખભદેવ અનુવાસી;
હાંરે તે તો નગર ધુળેવાનો વાસીરે.
માર્રૂં મનડું રહ્યું છે હાંસી.—
હાંરે વાહલો મારો કેસરીઓ કહેવાયે;
હાંરે વાહલાને ભેટે ભવદુઃખ જાએરે.
માર્રૂં મનડું રહ્યું છે હાંસી (૧)

હાંરે વાહાલાના મુખની શોભા સારી;
હાંરે મને દીઠડે લાગે પ્યારી રે. મારૂં મનડું (૨)
હાંરે વહાલા હું તો મોહીરે તારા મુખને મટકે;
હાંરે ઈંદ્રાણી આવે લટકે. મારૂં મનડું (૩)
હાંરે વહાલાને સંઘ ઘણેરા આવે;
હારે વહાલાને નવનવી આંગીઓ રચાવે રે;
મારૂં મનડું (૪)
હાંરે વાહલો મારો જહાજ બુડંતા તારે;
હાંરે સેવકના કાજ સુધારે રે મારૂં મનડું (૫)
હાંરે વાહલો મારે તારણ બિરૂદ ધરાવે;
હાંરે તે તો ગઢ લંકા જઇ આવેરે;
મારૂં મનડું (૬)
હાંરે વહાલો મારો ફાગણ શુદ બીજ
અજવાલી;
હાંરે સઉ જાણે કે દેવ દીવાળી રે મારૂં મનડું (૭)
હારે વહાલો મારો મુલચંદ વિજય ગુણ ગાયે;
હાંરે સઉ સંઘને પાર ઉતારે રે મારૂં મનડું (૮)

## ઋષભદેવસ્વામીનું સ્તવન

( યોગ માયા ગરબે રમજો, એ દેશી. )

ઊલગડી તે આદિનાથની જો,
કાંઇ કીજીએ મનને કોડ જો,
હોડ કરે કોણ નાથની જો,
જેના પાય નમે સૂર કોડ જો,–ઉલ (૧)
વહાલો મરૂદેવીનો લાડલો જો,
રાણી સુનંદાના હઇડાનો હારજો,
ત્રણ ભુવનનો નાહલો જો,
મારા પ્રાણતણે આધાર જો,–ઉલ (૨)
વહાલે વીસ પૂરવ લખ ભોગવ્યું જો,
રૂડું કુમરપણું રંગ રેલ જો,
મનડું મોહ્યુંરે જિનરૂપ શું જો,
જાણે જગમાં મોહન વેલ જો,–ઉલ (૩)
પ્રભુની પાંચસે ધનુષની દેહડી જો,
લખ પૂરવ ત્રેસઠ રાજ જો,

લાખ પૂરવ સમતા વરી જો,
થયા શિવસુંદરી વરરાજ જો,—ઉલ (૪)
એના નામથી નવનિધિ સંપજે જો,
વલી અલીય વિઘન સવિ જાય જો,
શ્રી સુમતિવિજય કવિરાજનો જો,
એમ રામવિજય ગુણ ગાય જો,—ઉલ (૫)

---

## શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન.

પાસ પ્રભુ તુમ હમ શિરકે મોર. ( અંચલી. )
જો કોઇ સિમરે શંખેશ્વર પ્રભુરે,
દારેગા પાપના ચોર (૧) પાસ
તું મનમોહન ચિદઘનસ્વામી,
સાહેબ ચંદ ચકોર (૨) પાસ
ત્યું મન વિકસે ભવિજન કેરો,
કાટેગા કર્મ હીંડોર (૩) પાસ

તુમ જ સુનેગા દિલકી બાતાં,
તારોગે નાથ ખરોર (૪) પાસ
તું મુજ આતમ આનંદદાતા,
ધ્યાતા હું તુમરા કિશોર (૫) પાસ

---

## સાધારણ જિન સ્તવન.

વિનતિ કૈસે કરૂં સાંઇ મોરા,
વિનતિ કૈસે કરૂં ( અંચલી. )
ભક્તિમાર્ગ છે દોહિલડો,
કિમ મન ઠોર ધરૂં (૧) વિનતિ
કાલ અનાદિ વહ્યો મેરે તુમ વીણુ,
ભવવન માંહે ફીરૂં (૨) વિનતિ
અબ તો ત્રિભુવન નાયક પેખ્યો,
હર ખેપાય પરૂં (૩) વિનતિ
કુચ્યું કરી જાપો તેહ તો બતાવો,
અવળો નહી જગરૂં (૪) વિનતિ

દરિશન પીઠ હૈ ચરન તુમનકો,
પરિચય તાસ કરૂં (૫) વિનતિ
જ્ઞાનવિમલ ગુણગણે મોતનકો,
કંઠ સે હાર કરૂં (૬) વિનતિ
તેણુસેં અનુભવ ચરણુ વહાણુસેં,
ભવજલ રાશી તરૂં (૭) વિનતિ

## શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

આપો આપોને લાલ મોંઘા મુલાં મોતી
લાવો લાવોને રાજ મોંઘા મુલાં મોતી
શ્રી સિદ્ધાચલ નીરખી વધાવું,
પૂરવ પૂન્ય પનોતી આપો...
પ્રથમ જિનેશ્વરને જઇ પૂજું,
પહેરી નિર્મલ ધોતી
હરખી હરખી જિનમુખ નીરખી,
મુખને ચટકે જોતી આપો...

પૂર્વસંચિત જે બહુ પાતીકડાં,
દુઃખ દોહગડાં ધોતી
પ્રભુ ગુણગણ મોતનકી માલા,
ભાવના ગુણમાં પરોતી. આપો...
અનુભવ લીલા ઐસી પ્રગટી,
પહેલાં કદીય નહોતી
ધ્યાન ધ્યેય ક્રિયા અનુભાવે,
પ્રગટે નિરંજન જયોતિ. આપો...
પૂજા વિવિધ પ્રકારે વિરચિત,
મણિમય ભૂષણ ધોતી
નાટક્ ગીત કરંતાં મારી,
વાંછિત આશ ફલંતિ. આપો...
સિદ્ધાચલ નીરખી ભવોભવની,
અલચ્છી ગઈ રોવંતિ
રિદ્ધિસિદ્ધિ લીલા સુખ પાઇ,
હેડે હેજ હસંતિ. આપો...

શિવસુંદરી વરવા વરમાલા,
કંઠે ઠવે વશ હોતી
જ્ઞાનવિમલ પ્રભુ ગુરુનો મહિમા,
કામગવી દોહંતી. આપો...

## શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

સુખનાં હો સિંધુરે સખી મારે ઉલસ્યાં રે,
દુઃખના તે દરિયા નાઠા જાએ દૂર
પુન્યતણાં અંકુરા હોજી મારે પ્રગટીયાં રે,
મેં તો ભેટયો શત્રુંજય ગિરિરાય-સુખના
પૂર્વ નવાણું વાર સમોસર્યા રે,
ધન્ય ધન્ય રાયણકેરું રૂખ
પ્રેમે પૂજો રે પગલાં પ્રભુજી તણારે,
ભવો ભવકેરાં જાએ દુઃખ-સુખના
નયણે નીરખ્યો રે નાભીનરીંદનો રે,
નંદ તે કરુણા રસનો કંદ

આંખલડી જોઈ રે કમલની પાંખડી રે,
મુખડું તે જોયું પુનમ કેરો ચંદ-સુખ
સુરનર મુનિવર મોટા રાજવીરે,
વળી રે વિદ્યાધર કેરા વૃંદ
ભવો ભવકેરા રે તાપ શમાવવારે,
મુખડું તે જાણે શરદ કેરો ચંદ-સુખ
ધન્ય ધન્ય રાજા રે શ્રી ઋષભજિનેશ્વરૂરે,
ધન્ય ધન્ય શત્રુંજય ગિરિરાય
રૂપની કીર્તિ રે ચરણ પસાઉલે રે,
એમ સાધુ માણેક ગુણ ગાય-સુખ

## શ્રી વીર ભગવાનનું હાલરડું (પારણું)

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે
ગાવે હાલો હાલો હાલરૂવાના ગીત
સોના રૂપા ને વળી રત્ને જડીયું પારણું
રેશમ દોરી ઘૂઘરી વાગે છુંમછુંમ રીત
હાલો હાલો હાલો હાલો મારા નંદને (૧)

જિનજી પાસ પ્રભુથી વરસ અઢીસેં અંતરે
હોશે ચોવીસમા તીર્થંકર જિન પરિણામ
કેશી સ્વામી મુખથી એવી વાણી સાંભળી
સાચી સાચી હુઇ તે મારે અમૃત વાણ હો. (૨)
ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજ
વીત્યા બારે ચક્રી નહિ હવે ચક્રીરાજ
જિનજી પાસ પ્રભુના શ્રી કેશી ગણધાર
તેહને વચને જાણ્યા ચોવીશમા જિનરાજ
મારી કૂખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ
મારી કૂખે આવ્યા સંઘ તીરથની લાજ
હું તો પુણ્ય પનોતી ઇંદ્રાણી થઇ આજ. હો. (૩)
મુજને દોહલો ઉપન્યો બેસું ગજ અંબાડીએ
સિંહાસન પર બેસું ચામર છત્ર ધરાય
એ સહુ લક્ષણ મુજને નંદન તારા તેજના
તે દીન સંભારૂં ને આનંદ અંગ ન માય. હો (૪)
કરતલ પગતલ લક્ષણ એક હજાર ને આઠ છે
તેહથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ

નંદન જમણી જંઘે લંછન સિંહ બિરાજતો
મેં તો પહેલે સુપને દીઠો વીસવા વીસ-હા (૫)

નંદન નવલા બંધવ નંદીવર્ધનના તમે
નંદન ભોજાઇઓના દેયર છો સુકુમાળ
હસશે ભોજાઇઓ કહી દીયર મારા લાડકા
હસશે રમશે ને વળી ચુંટી ખણશે ગાલ
હસશે રમશે ને વળી ઠુંસા દેશે ગાલ. હા (૬)

નંદન નવલા ચેડા રાણાના ભાણેજ છો
નંદન નવલા પાંચસે મામીના ભાણેજ છો
નંદન મામલીયાના ભાણેજા સુકુમાર
હસશે હાથ ઉછાલી કહીને ન્હાના ભાણુજા
આંખો આંજીને વળી ટપકું કરશે ગાલા હા (૭)

નંદન મામા મામી લાવશે ટોપી આંગલા
રતને જડીયાં ઝાલર મોતી કસબી કોર
નીલા પીલા ને વળી રાતાં સર્વે જાતિનાં
પહેરાવશે મામી મારા નંદ કીશોર. હા (૮)

નંદન મામા મામી સુખલડી સહુ લાવશે
નંદન ગજવે ભરશે લાડુ મોતી ચૂર
નંદન મુખડા જોઇને લેશે મામી ભામણા
નંદન મામી કહેશે જીવો સુખ ભરપૂર. હા (૯)

નંદન નવલી ચોડા મામાની સાતે સતી
મારી ભત્રીજી ને બેન તમારી નંદ
તે પણ શુંજે ભરવા લાખણુ સાઇ લાવશે
તુમને જોઈ જોઈ હોશે અધિકો પરમાનંદ. હા (૧૦)

રમવાં કાજે લાવશે લાખ ટકાને ઘુઘરો
વળી સુડા મેના પોપટ ને ગજરાજ
સારસ હંસ કોમલ તીતર ને વળી મોરજી
મામી લાવશે રમવા નંદ તમારે કાજ હા (૧૧)

છપ્પન કુમરી અમરી જલ કલશે નવરાવીઆ
નંદન તમને અમને કેલી ઘરની માંહિ
ફૂલની વૃષ્ટિ કીધી યોજન એકને માંડલે
બહુચિરંજીવો આશિષ દીધી તુમને ત્યાંહી.હા (૧૨)

તમને મેરૂગિરિપર સુરપતિએ નવરાવીઆ
નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય
મુખડા ઉપર વારૂ કોટિ કોટિ ચંદ્રમા
વળી તન પર વારૂ ગ્રહ ગણનો સમુદાય. હા (૧૩)

નંદન નવલા ભણવા નિશાળે પણ મૂકશું
ગજ પર અંબાડી બેસાડી મોહટે સાજ
પસલી ભરશું શ્રીફળ ફોફળ નાગરવેલ શું
સુખલડી લેશું નિશાળીયાને કાજ–હા (૧૪)

નંદન નવલા મોહટા થાશો ને પરણાવશું
વહુઅર સરખી જોડી લાવશું રાજકુમાર
સરખા વેવાઇ વેવાણોને પધરાવશું
વરવહુ પોંખી લેશું જોઇ જોઇને દેદાર હા (૧૫)

પીયર સાસરા માહરા બેહુ પખ નંદન ઉજળા
મારી કૂખે આવ્યા તાત પનોતા નંદ
મહારે આંગણે વુઠા અમૃત દુધે મેહુલા
મહારે આંગણે ફળીઆ સુરતરૂ સુખના કંદ (૧૬)

ઇણી પેરે ગાયું માતા ત્રિશલા સુતનું પારણું
જે કોઇ ગાશે લેશે પુત્રતણા સામ્રાજ
બીલીમોરા નગરે વર્ણવ્યું વીરનું હાલરૂં
જય જય મંગલ હો જો દીપવિજય કવિરાજ (૧૭)

## મહાવીર પ્રભુ સ્તવન.

વીર જિન દર્શન નયનાનંદ (અંચલી)
ચંદ્ર વદન મુખ તિમિર હરે જગ,
કરૂણા રસદ્દગ ભરે મકરંદ;
નિલાંબુજ દેખી મનમધુકર ગુંજે,
તુંહી તુંહી નાદ કરંદ-વીર (૧)
કનક વરણ તનુ ભવિ મન મોહે,
સોહે જીતે સુરગણ વૃંદ;
મુખથી અમૃત રસકસ પીકે,
શિખીવત્ ભવીજન નાચ કરંદ-વીર (૨)
તપત મિટિ તુમ વચનામૃતસે,
નાસે જન્મ મરણ દુઃખ ફંદ;

અક્ષ પરે તુમ દર્શ કરીને,
પ્રત્યક્ષ હું માનું જિનચંદ-વીર (૩)
અરજ કરત હું સુન ભય ભંજન,
રંજન નિજગુણુ કર સુખકંદ;
ત્રિશલા નંદન જગત્ જયંકર,
કૃપા કરો મુજ આત્મચંદ-વીર (૪)

---

## વીર જિન સ્તવન.

વીર જિનેશ્વર સ્વામી આનંદકર-વીર(અંચલી)
મો મન તુમ વિન કિત હી ન લાગે,
જ્યું ભામિની વશ કામી-આ (૧)
પતિત ઉદ્ધારણુ બિરૂદ તિહારો,
કરૂણા રસમય નામી-આ (૨)
અન્ય દેવ બહુ વિધીકર સેવે,
કછુય નહી હું પામી-આ (૩)

ચિંતામણી સુરતરૂ સમ સેવી,
મિથ્યા કુમતકુ વામી–આ (૪)
જન્મ જન્મ તુમ પદકજ સેવા,
ચાહું મન વિસરામી–આ (૫)
રંભારમણુ સુરિંદ પદચક્રિ,
વાંછું હું નાહિન કામી–આ (૬)
આત્મરામ આનંદ રસપૂરણુ,
દે દર્શન સુખધામી–આ (૭)

## શ્રી સિદ્ધાચલ સ્તવન.

ગિરિરાજકા પરમ જસ, ગાવના,
વીતરાગકા, ગીત રસ ગાવના,
અતિ બહુમાન સુધ્યાન રસીલે,
જિનપદ પદમ દેખાવના–ગિરિ (૧)
પ્રભુ તુમ છોડી અવરકે દ્વારે,
મેરે કબહું ન જાવના–ગિરિ (૨)

જ્યું ચાતકકો જલદ સલિલ વિણું,
સરોવર નીરણ ભાવનારે-ગિરિ (૩)
જ્યું અધ્યાત્મ ભવ વેદીકું કબહું,
ઓર ન ધ્યાવના-ગિરિ (૪)
સામ્ય ભવન મનમંડપમાંહી,
આપ વસે પ્રભુ પાઉનારે-ગિરિ (૫)
આદિ કારણ કે આદીશ્વર જિન,
શત્રુંજય શીખર સુહાવના-ગિરિ (૬)
ભરત ભૂપતિ કે વિરચિત ગિરિતટ,
પાલીતાણા નયર દેખાઉના-ગિરિ (૭)
જ્ઞાનવિમલ પ્રભુ ધ્યાન કરત હૈ,
પરમાણંદ પદ પાઉણાંરે-ગિરિ (૮)

## શ્રી ધર્મનાથ સ્વામી સ્તવન

( રાગ-ભીમપલાસ )

દેખો માઈ અજબ રૂપ તેરો,
નેહ નયનસે નિતું નિરખત.
જન્મ સફળ ભયો મેરો-દેખો (૧)

ધર્મ જિનેશ્વર ધર્મનો ધોરી,
ત્રિભુવન માંહી વડેરો,
તારક દેવ ન દેખ્યો ભૂતલે,
તુમથી કોઇ અનેરો–દેખો (૨)
જિન તુમકું છોડી ઓરકું ધ્યાવત,
કુણ પકડત તસ છેરો,
જ્યું કુર્કુટ રોહણગિરિ છંડી,
શોધીત લે ઉકેરો–દેખો (૩)
પ્રભુસેવાથી ક્ષાયિક સમકિત,
સંગ લહ્યો અબ તેરો,
જન્મ જરા મરણાદિક ભમણા,
વારત ભવ ભય ફેરો–દેખો (૪)
ભાનુ ભૂપ કુલ કમલ વિબોધન,
તરણી પ્રતાપ ઘણેરો,
જ્ઞાન વિમલ પ્રભુચરણ કમલકી,
સેવા હોત સવેરો–દેખો (૫)

## શ્રી ધર્મનાથ પ્રભુ સ્તવન

ધર્મ જિનંદ તેરે ધર્મકી હેરી,
મેટત હે ભવભવકા ફેરા,
પરમ ધરમ હૈ સાહિબ તેરા.
ઘર ઘર ઢુંઢત સબહી મેં હેર્યા,
ઐસા ન ધરમ શરમકા બેરા. પરમ (૧)

નામ ધરમ કછુ કામ ન આવે,
ઠવણુ ધરમ તિમ સિદ્ધ ન પાવે,
દ્રવ્ય ધર્મ પણુ મુક્તિ ન દેવે,
ભાવ ધરમ વિનુ કોઉ સેવે પરમ (૨)

શબ્દ ધરમ જિઉ કામ સુધારે,
દુરગતિ પડતાં નિજ કરિધારે,
ઉત્તમ થાનક ઉનહિંકુ જોડે,
પાપ કરમ સવિ ઉનકે તોડે. પરમ (૩)

ભાવ ધરમ તે સહિજે સાચે,
મેરા મન ઉનહિસે રાચે

મિથ્યામતિઓ જૂઠેઇ માચે,
પણ ઉન ધર્મશું કર્મ નિકાચે. પરમ (૪)
ભાવ ધરમ નિજ આતમ દેખે,
કષ્ટ કીયા સબહી તબ લેખે,
ઉત્તમ સાગર સાહિબ આગે,
ન્યાયસાગર શિવપદવી માગે. પરમ (૫)

---

## શ્રી સુપાર્શ્વનાથ સ્તવન

(રાગ કલ્યાણ)

રમો મન શ્રી સુપાસને પાસે,
સ્વસ્તિક લંછન સાતમો,
જિનવર સુરવૃંદ ઉપાસે, રમો (૧)
વાણારસી નયરીએ ઉદયો,
જિમ દિનકર આકાશે,
પઇઠનરેસર પુહવીનંદન,
દીપે જ્ઞાનપ્રકાશે, રમો (૨)

જસ તનુ કાંતિ કનકમદ ગાવે,
ભવિયણ કમલ વિકાસે,
રિષભવંશ રયણાયર સુરમણિ,
સેવંતા દુઃખ નાસે, રમો (૩)
ધનુષ દોય સત તુંગ અંગ જસ,
દેખત દુરિત પણાસે,
વીસ પૂરવ લખ આયુ ભોગવી,
પુહતો શિવપુર વાસે, રમો (૪)
માતંગ સુરવર શાંતા દેવી,
શાસન સુર જસ ભાસે,
ચરણકમલ તસ અનુદિન ધ્યાયે,
ભાવમુનિ ઉલ્લાસે, રમો (૫)

---

## શ્રી સંભવ જિન સ્તવન.

સંભવ જિન મનમંદિર તેડી,
સકલ દેવ શિર મોડી;
ભાવ પૂજા નિત કરો જોડી–ભા (૧)

સમરસ ગંગાજલ નવરાવો,
ભાવતણી નહીં ખોડી–ભા (૨)
ભક્તિ રાગ કેસર થઇ સુખડ,
ઓરસીઓ મન મોડી–ભા (૩)
ધ્યાન સુગંધ કુસુમે પૂજા,
ટાળી નિજ મન દોડી–ભા (૪)
ધૂપ રૂપ જિનકો ઘટ વાસો,
દૂર ટળે દુઃખ જોડી–ભા (૫)
મહાનંદઘૃત મન વર્તી,
ભક્તિ થાળમાં છોડી–ભા (૬)
જ્ઞાન પ્રદીપ જગાવી જોતે,
આરાત્રિક કર જોડી–ભા (૭)
ઈણિપરે પૂજા કરી જિનજીકી,
કાટે મિથ્યા ઓડી–ભા (૮)
ન્યાયસાગર પ્રભુ સુયશ મહોદય,
વાધે હોડાહોડી–ભા (૯)

## શ્રી નેમનાથ સ્તવન.

( રાગ—અરજ સૂણો પ્રભુવીર જિણંદા )

કહા કિયો તુમ્હે કહો મેરે સાંઇ,
ફેરી ચલે રથ તોરણ આઇ,
દીલ જાની અર મોરા નાહ,
ન ત્યજીય નેહ કછુઅ અજાની–દિલ:(૧)
ખટપટાઇ ચલે ધરી કછુ રોષ,
પશુઅનકે શિર દેકરી દોષ–દિલ (૨)
રંગબીચ ભયો યાથી ભંગ,
સોતો સાચો જાનો કુરંગ–દિલ (૩)
પ્રીતિ તનિકભિ તોરત આજ,
કિંઉ ન આવે મનમેં તુમ લાજ–દિલ (૪)
તુમ્હે બહુનાયક ન જાનો પીર,
વીરહ લાગી જીઉં વૈરીકો તીર–દિલ (૫)
હાર ઠાર શીંગાર અંગાર,
અસન વસન ન સુહાઇ લગાર–દિલ (૬)

તુજ વિન લાગે સૂનિ સેજ,
નહિં તનુ તેજ નહાર દહેજ–દિલ (૭)
આવોને મંદિર વિલસે ભોગ,
બુઢાપણુમેં લીજે યોગ–દિલ (૮)
છોરૂંગી મેં નહિં તેરો સંગ,
જીઉ ગઈલી ચલું ઉછાહી અંગ–દિલ (૯)
ઇમ વિલવતિ ગઈ ગઢ ગિરનાર,
દેખે પ્રીતમ રાજુલ નાર–દિલ (૧૦)
કંતે દીનું કેવલજ્ઞાન,
કીધી પ્યારી આપ સમાન–દિલ (૧૧)
મુગતિમહેલમેં ખેલે દોય,
પ્રણુમે જસ ઉલસિત તન હોય–દિલ (૧૨)

---

## શ્રી શાંતિનાથ સ્તવન

શાંતિ પ્રભુ સોહે પરમ દયાલા. (અંચલિ)
સોલસમો જિનપંચમ ચક્રિ,
ગુણ ગાવે સુરસાલા–શાંતિ (૧)

વંશ ઇક્ષ્વાગ સદન વર દીપક,
તેજ તપે અસરવાલા,
દેહ તણે વાને કરી જીપે,
જા ચી ચં પ ક મા લા-શાંતિ (૨)
વિશ્વસેન નરવર કુલચંદન,
ખં ડે મો હ જં જા લા;
અચિરાનો નંદન ચિર પ્રતપો,
સચરાચર પ્રતિપાલા-શાંતિ (૩)
ચાલીસ ધનુષ માન તનુ રાજે,
હથિણાઉર ભૂપાલા;
જીવિત લાખ વરસ જસ સુંદર,
મૃગ લંછન સુકુમાલા-શાંતિ (૪)
ગરૂડ યક્ષ નિરવાણી દેવી,
સેવત ચરણમરાલા;
ભાવ મુનિ જિનને સેવંતો,
પામે લચ્છી વિશાલા-શાંતિ (૫)

# શ્રી આદિનાથ સ્તવન

( રાગ–પારેવડા જાજે વીરાના દેશમાં )

પ્રભુ તારી સુરતિ મેં ધરી ધ્યાનમાં
વૃષભ લંછન જિન વનિતાવાસી,
[૧]પણ શત ધનુ તનુ માનમાં–પ્રભુ (૧)
જગ ઉરણુ[૨] સવિ કિધા તેને,
ધન વરસી વરસી દાનમાં–પ્રભુ (૨)
નાભિરાયા કુલમંડન ગાઉં,
મરૂદેવી સુત ગાનમાં–પ્રભુ (૩)
ચરણોત્સવ[૩] ઇંદ્રાદિક સારે,
શ્રી જિન બેસે જાનમાં–પ્રભુ (૪)
ગીત ગાન પ્રભુ આગે નાચે,
સાચે રાચે તાનમાં–પ્રભુ (૫)

---

૧ પાંચ ૨. દેવોથી પુજાય ૩. દીક્ષા મહોત્સવ

પંચ મહાવ્રત લેવા અવસર,
સમજાવે સૂર સાનમાં-પ્રભુ (૬)
ન્યાયસાગર પ્રભુ સેવક માચે,
વાણી અમૃતપાનમાં-પ્રભુ (૭)

---

## શ્રી સિદ્ધાચલ સ્તવન

મોરા આત્મરામ કુણુ દિને શેત્રુંજે જાશું ?
શેત્રુંજાકેરી પાજે ચઢતાં,
ઋષભતણા ગુણ ગાશું-મોરા (૧)
એ ગિરિવરનો મહિમા સુણી,
હિયડે સમકિત વાસ્યું,
જિનવર ભાવ સહિત પૂજાને,
ભવે ભવે નિર્મળ થાશું-મોરા (૨)
મન વચ કાય નિર્મળ કરીને,
સૂરજ કુંડે નહાશું,
મરૂદેવીનો નંદન નીરખી,
પાતિક દૂરે પલાશ્યું-મોરા (૩)

ઇણુ ગિરિ સિદ્ધ અનંતા હુવા,
ધ્યાન સદા તસ ધ્યાસું,
સકલ જન્મમાં એ માનવભવ,
લેખે કરીય સરાશું-મોરા (૪)
સૂરવર પૂજિત પદકજ રજ,
મિલવટે તિલક ચઢાવશું,
મનમાં હરસી ડુંગર ફરસી,
હૈયડે હરખિત થાસ્યું-મોરા (૫)
સમકિતધારી સ્વામિ સાથે,
સદ્દગુરૂ સમકિત લાશું,
છરી પાળી પાપ પખાળી,
દુરગતિ દૂરે પલાશ્યું-મોરા (૬)
શ્રી જિન નામી સમકિત પામી,
લેખે ત્યારે ગણાશ્યું,
જ્ઞાનવિમળ સૂરિ કહે ધન ધન તે દિન,
પરમાનંદ પદ પાશું-મોરા (૭)

## શ્રી આદિજિન સ્તવન

( રાગ-કાફી-ત્રિતાલ )

નાવરીયા મોરા કોન ઉતારે બેડા પાર-
ઈસ સંસાર સમુદ્ર ગંભીરા
કીસ વીધ ઉતરૂંગા પાર-નાવ૦૧
રાગ દ્વેષ દોય નદીયાં બહત હે
ભ્રમણુ કરત ગતિ ચાર-નાવ૦૨
રીષભદાસ તો દરશન ચાહત
યહ બિનતિ અવધાર-નાવ૦૩

---

## શ્રી સિદ્ધગિરિ સ્તવન

વિમલગિરિ ક્યોં ન ભયે હમ મોર ?
સિદ્ધવડ રાયણુ રૂખકી શાખા,
ઝુલત કરત ઝકોર-વિમલ૦૧

આવત સંઘ રચાવત અંગીયાં
ગાવત ગુણુ ઘમઘોર
હમ ભી છત્ર કલા કરી નીરખત
કટને કરમ કઠોર–વિમલ૦ ૨
સુરત દેખ સદા મન હરખે
જૈસે ચંદ ચકોર
શ્રી રીષહેસર દાસ તીહારો
અરજ કરત કર જોર–વિમલ૦ ૩

---

## શ્રી અજિતનાથ પ્રભુ સ્તવન

અજિત જિણુંદા સાહેબા અજિત જિણુંદા,
તું મેરા સાહેબ મેં તેરા બંદા,
સાહેબા અજિત જિણુંદા.
જિતશત્રુ નૃપ વિજયાદે નંદા,
લંછન ચરણે સોહે ગયંદા–સા (૧)
સકલ કરમ જિતી અજીત કહાયા,
આપ બળે થયા સિદ્ધ સહાયા–સા (૨)

મોહ નૃપતિ જે અટલ અટારો,
તુમ આગે ન રહ્યો તસ યારો–સા (૩)
વિષયકષાય જે જગને નડીયા,
તુમ હીણા તલસ લોભમાં પડિયા–સા (૪)
દુશ્મન દાવ ન કોઇ ફાવે,
તિણુથી અજિત તુમ નામ સુહાવે–સા (૫)
અજિત થાઉ હું તુમ સિર નામ,
બહોત વધારો પ્રભુ જગમાંહી નામ–સા (૬)
સકલ સુરાસુર પ્રણુમે પાયા,
ન્યાયસાગરે પ્રભુના ગુણુ ગાયા–સા (૭)

## " શ્રી જિન ગુણુ સ્તવન "

આજ કી રૈન સુહાઇ,
મેરે મન આજ કી રૈન સુહાઇ;
દર્શ મોહનકા મેં પાઇ. એ ટેક.
પદ પંકજ તેરો, મન મધુકર મેરો;
સદા રહત લપટાઇ. મેરે૦ ૧

નવપદ ધ્યાન સદા મેં ચાહું,
　　અવર નહિ દિલ ભાઇ. મેરે૦ ૨
અજરામર પદ તુમસે ચાહત,
　　આનંદ મંગલ વધાઇ. મેરે૦ ૩

---

## "શ્રી સંભવ જિન સ્તવન"

સમકિતદાતા સમકિત આપો,
　　મન માગે થઇ મીઠું;
છતી વસ્તુ દેતાં શું સોચો ?
　　મીઠું તે સહુએ દીઠું.
પ્યારા પ્રાણુથકી છો રાજ,
　　સંભવ જિનવર મુજને (૧)
એમ મત જાણો જે આપે લહીએ,
　　તો લાધ્યું શું લેવું ?
પણ પરમારથ પેખી આપે,
　　તેહજ કહીએ દેવું. પ્યારા૦ (૨)

એહ અર્થી હું અર્થ સમર્પક,
એમ મત કરજો હાંસું;
પ્રગટ ન હતું તમને પણ પહેલાં,
એ હાંસાનું ખાસું. પ્યારા૦ (૩)

પરમપુરુષ તમે પ્રથમ ભજીને,
પામ્યા એ પ્રભુતાઇ;
તેણે રૂપે તુમને ઇમ ભજીએ,
તેણે તુમ હાથે વડાઇ. પ્યારા૦ (૪)

તુમે સ્વામી હું સેવાકામી,
મુજરો સ્વામી નિવાજે;
નહિં તો હઠ માંડી માગંતા;
સેવક કીણ વિધ લાજે. પ્યારા૦ (૫)

જ્યોતે જ્યોત મીલે મને પીછે,
કોણ લેશે કોણ ભજશે;
સાચી ભક્તિ તે હંસતણી પરે,
ખીર નીર નય કરશે. પ્યા૦ (૬)

ઓળખ કીધી તે લેખે આવી,
પ્રભુ ચરણે ભેટ દીધી;
રૂપ વિબુધનો મોહન પભણે,
રસના પાવન કીધી. પ્યારા૦ (૭)

## શ્રી પાર્શ્વનાથ પ્રભુ સ્તવન

શ્રી પાસજી પ્રગટ પ્રભાવી,
તુજ મુરતી મુજ મન ભાવી રે;
મનમોહના જિનરાયા,
સુર નર કિન્નર ગુણ ગાયા,
મનમોહના જિનરાયા, (અંચલી)
જે દિનથી મૂરતી દીઠી,
તે દિનથી આપદા નીઠી રે, મન૦ ૧.
મટકાળું મુખ પ્રસન્ન,
દેખત રીઝે ભવી મન્ન રે, મન૦ ૨.
સમતા રસકેરા કચોળાં,
નયને દીઠે રંગ રોળા રે, મન૦ ૩

હાથે ન ધરે હથિયાર,
નહી જપ માળાનો પ્રચાર રે. મન૦ ૪
ઉત્સંગે ન ધરે વામા,
જેહથી ઉપજે સવી કામા રે. મન૦ ૫
ન કરે ગીત નૃત્યના ચાળા,
એ તો પ્રત્યક્ષ નટના ખ્યાલા રે.મન૦ ૬
ન બજાવે આપે વાજા,
ન ધરે વસ્ત્ર જીરણ સાજા રે. મન૦ ૭
ઇમ મૂરતિ તુજ નિરૂપાધિ,
વીતરાગપણે કરી સાધી રે. મન૦ ૮
કહે માનવિજય ઉવજ્ઝાયા,
મેં અવલંખ્યા તુજ પાયા રે.. મન૦ ૯

---

## શ્રી આદિનાથ સ્તવન.

( રાગ–શાંતિજિન વહાલા )

તેરો દરસ ભલે પાયો રિષભજી મેં,
તેરો દરસ ભલે પાયો,

કાલ અનંત હી ભટકત,
પુણ્ય અનંતે મિલાયો-રિ૦ ૧
જિનપતિ, નરપતિ, મુનિપતિ,
પહેલો ઐસો બિરૂદ ધરાયો;
માનું તુંહિ પ્રભુ નયા અવતારી,
જગત ઉદ્ધારણ આયો-રિ૦ ૨
તેં પ્રભુ જગકી આદિ નિવારી,
સબ વ્યવહાર શિખાયો,
લિખન શિલ્પ શત ગણિત બનાયો,
તાતે જગત્ ચલાયો-રિ૦ ૩
આ જુગમેં તુમ નહીં ઓરે,
અવસરપનિ યે કહાયો,
અઢાર કોડાકોડી સાગર અંતરે,
તેં પ્રભુ ધર્મ દીખાયો-રિ૦ ૪
લાખ પંચાસત કોડિ સાગર લગ,
સુખકર શાસન ઠાયો,

તુજ રત્નાકર વંશ વિભૂષિત,
ઐસો કૌન સુનાયો-શિ૦ ૫
કરૂણાકર ઠાકુર તું મેરો,
હું તુમ ચરણે આયો;
દ્યો પદ સેવા અમૃત મેવા,
ઇસસે નવ નિધ પાયો-શિ૦ ૬

## શ્રી પદ્મ પ્રભુ સ્તવન

પ્રભુ તેરી મૂરતી મોહનગારી, પ્રભુ તેરી.
પદમ પ્રભુ જિન તેરે હી આગે
ઓર દેવ ન છબી હારિ;
સમતા શીતલ ભરી દોય અખિયાં,
કમલ પંખરિયાં વારી;
આનન નિરાકા ચંદસો રાજે,
બાની સુધારસ સારી. પ્રભુ (૨)
લંછન અંગ ભર્યો તન તેરો,
સહસ અઠયોત્તર ધારી;

ભીતર ગુણકા પાર ન આવે,
　　જો કોઉ કહત બિચારી. પ્રભુ (૩)
શશિ રવિ હરિકો ગુણ લેઈ,
　　નિરમિત ગાત્ર સચારી;
વચન બુલંદ કહાંસે આયો,
　　યે અચરજ મુજ ભારી. પ્રભુ (૩)
યો ગુણ અનંત ભરી છબી પ્યારી,
　　પરમ ધરમ હિતકારી;
કવિ અમૃત કહે ચિત્ત અવતારી,
　　બિસરત નાંહિ બિસારી. પ્રભુ (૫)

---

## "શ્રી કુંથુનાથ પ્રભુસ્તવન"

મનડું કિમ હી ન બાજે,
　હો કુંથુજિન મનડું કિમ હી ન બાજે;
જિમ જિમ જતન કરીને રાખું,
　　તિમ તિમ અલગું ભાજે. કુંથુ (૧)

રજની વાસર વસતી ઉજ્જડ,
ગયણ પાયાલે જાય;
સાપ ખાયને મુખડું થોથું,
એ ઉખાણો ન્યાય. હો કુંથુ (૨)

મુક્તિતણા અભિલાષી તપિયા,
જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;
વયરીડું કાંઇ એહવું ચિંતે,
નાખે અવળે પાસે. હો કુંથુ (૩)

આગમ આગમધરને હાથે,
નાવે કિણ વિધ આંકું;
કિંહા કરે જો હઠ કરી હટકું,
તો વ્યાલ તણી પરે વાંકું. હો કુંથુ (૪)

જો ઠગ કહું તો ઠગતો ન દેખું,
સાહુકાર પણ નાંહિ;
સર્વમાંહે ને સહુથી અલગું,
એ અચરજ મનમાંહી. હો કુંથુ (૫)

જે જે કહું તે કાન ન ધારે,
આપ મતે રહે કાલો;
સુર નર પંડિત જન સમજાવે,
સમજે ન માહરો સાલો. હો કુંથુ. (૬)
મ્હેં જાણ્યું એ લિંગ નપુંસક,
સકળ મરદને ઠેલે;
બીજી વાતે સમરથ છે નર,
એને કોઈ ન જેલે. હો કુંથુ (૭)
મન સાધ્યું તેણે સઘળું સાધ્યું,
એહ વાત નહીં ખોટી;
ઈમ કહે સાધ્યું તે નવિ માનું,
એક હી વાત છે મોટી હો. કુંથુ (૮)
મનડું દુરાધ્ય તેં વશ આણ્યું,
તે આગમથી મતિ આણું;
આનંદઘન પ્રભુ માહરું આણો,
તો સાચું કરી જાણું હો. કુંથુ (૯)

# " શ્રી સુવિધિનાથ જિન સ્તવન "

( સુણો મેરી સજની રજની ન જાવેરે-એ દેશી )

લઘુ પણ હું મન નવિ માવું રે,
જગગુરૂ તુમને દિલમાં લાવું રે;
કુણને દીજે એ શાબાશી રે,
કહો શ્રી સુવિધિજિણંદ વિમાશી રે-લ૦ ૧
મુજ મન અણુમાંહિ ભક્તિ છે ઝાઝી રે,
તેહ દરીનો તું છે માજી રે,
યોગી પણ જે વાત ન જાણે રે,
તે અચરિજ કુણથી હુઓ ટાણે રે-લ૦ ૨
અથવા થિરમાંહિ અથિર ન માવે રે,
મોટો ગજ દરપણમાં આવે રે;
જેહને તેજે બુદ્ધિ પ્રકાશી રે,
તેહને દીજે એ શાબાશી રે-લ૦ ૩
ઊર્ધ્વ મૂલ તરૂઅર અધને શાખા રે,
છંદ પુરાણે એહવી છે ભાખા રે;

અચરિજવાલે અચરિજ કીધું રે,
ભકતે સેવક કારજ સીધું રે–લ૦ ૪
લાડ કરી જે બાળક બોલે રે,
માત–પિતા મન અમિયને તોલે રે;
શ્રી નયવિજય વિબુધનો શીશ રે
જશ કહે એમ જાણો જગદીશ રે–લ૦ ૫

## શ્રી અભિનંદન જિન સ્તવન.

( રાગ–નટ )

પ્રભુ! તેરે નયનકી બલિહારી (ટેક).
યાકી શોભા વિજીત તપસા,
કમલ કરતુ હૈ જલચારી;
વિધુકે શરણ ગયો મુખ અરિસો,
વનથેં ગગન હરીણહારી–૧ પ્ર૦
સહસહિ અંજન મંજુલ નીરખત,
ખંજન ગર્વ દીયો દારી;

છીનહિ લહીહિ ચકોરકી શોભા,
અગ્નિ ભખે સો દુઃખ ભારી–૨ પ્ર૦

ચંચલતા ગુણુ લીયો મીનકો,
અલિ જ્યું તારા હૈ કારી;
કહું સુભગતા કેતિ ઈનકી,
મોહી સબહિ અમર નારી–૩ પ્ર૦

ઘૂમત હૈ સમતા રસમાતેં,
જૈસે ગજભર મદવારી;
તીન ભુવનમાં નહીં કો ઇનકો
અભિનંદન જિન અનુકારી–૪ પ્ર૦

મેરો મન તો તુંહિ રૂચત હૈ,
પરે કુણુ પરકે લારી;
તેરે નયનકી મેરે નયનમેં,
જસ કહે દીઓ છબી અવતારી–૫ પ્ર૦

## શ્રી ઋષભદેવ સ્તવન

ઋષભ જિણંદા ઋષભ જિણંદા,
તુમ દરિશન હુએ પરમાનંદા;
અહનિશી ધ્યાઉં તુમ દીદારા,
મહેર કરીને કરજો પ્યારા. ૧ ઋષભ૦
આપણુને પૂંઠે જે વલગા,
કિમ સરે તેહને કરતાં અલગા;
અલગા કીધા પણ રહે વલગા,
મોર પીંછ પરે ન હુએ ઊભગા. ૨ ઋષભ૦
તુમ્હ પણ અળગે જાયે કિમ સરશે,
ભક્તિ ભલી આકરષી લેશે;
ગગને ઊડે દૂર પડાઇ,
દોરી બલે હાથે રહે આઇ. ૩ ઋષભ૦
મુજ મનડું છે ચપળ સ્વભાવે,
તોહે અંતર્મુહૂર્ત પ્રસ્તાવે;
તું તો સમય સમય બદલાયે,
ઇમ કિમ પ્રીતી નિવાહો થાયે. ૪ ઋષભ૦

તે માટે તું સાહેબ માહરો,
હું છું ભવોભવ સેવક તાહરો;
એ સંબંધમાં ન હોજો ખામી,
વાચક માન કહે શિર નામી. ૫ ઋષભ૦

---

## "શ્રી શાન્તિનાથ જિનસ્તવન"

ધ્યાનમગ્નતા (રાગ, સારંગ, પદ ૧૬)

હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં, ટેક.
બિસર ગઈ દુવિધા તનમનકી,
અચિરા સુત ગુણગાનમેં. હમ (૧)
હરિહર બ્રહ્મ પુરંદરકી ઋદ્ધિ,
આવત નાંહિ કોઉ માનમેં;
ચિદાનંદકી મોજ મચી હૈ,
સમતા રસકે પાનમેં. હમ (૨)
ઇતને દિન તું નાંહિ પિછાન્યો,
મેરો જન્મ ગયો અજાનમેં;

અબ તો અધિકારી હોઇ બેઠે,
પ્રભુ ગુણ અખય ખજાનમેં. હમ (૩)

ગઇ દીનતા સબ હી હમારી,
પ્રભુ તુજ સમકિત દાનમેં;
પ્રભુગુણ અનુભવકે રસ આગે,
આવત નાંહિ કોઉ માનમેં. હમ (૪)

જિનહિ પાયા તિનહી છીપાયા,
ન કહે કોઉકે કાનમેં;
તાલી લાગી જબ અનુભવકી,
તબ જાને કોઉ સાનમેં. હમ (૫)

પ્રભુગુણ અનુભવ ચંદ્રહાસ જ્યોં,
સો તો ન રહે મ્યાનમેં;
વાચક જસ કહે મોહ મહાઅરિ,
જીત લીયો હૈ મેદાનમેં. હમ (૬)

## શ્રી આદિનાથ જન્મ વધાઇ સ્તવન.

આજ તો વધાઈ રાજા,
નાભિકે દરબાર રે;
મરૂદેવાએ બેટો જાયો;
ઋષભ કુમાર રે–આજ૦ ૧
અયોધ્યા મેં ઉચ્છવ હોવે,
મુખ બોલે જયકાર રે,
ધનનન ધનનન ઘંટા વાજે,
દેવ કરે થેઈકાર રે–આજ૦ ૨
ઈન્દ્રાણી મલી મંગલ ગાવે,
લાવે મોતી માલ રે;
ચંદન ચરચી પાયે લાગે,
પ્રભુ જીવો ચિરંકાલ રે–આજ૦ ૩
નાભિરાજા દાનજ દેવે,
વરસે અખંડ ધાર રે,
ગામ નગર પુર પાટણ દેવે,
દેવે મણિ ભંડાર રે–આજ૦ ૪

હાથી દેવે સાથી દેવે,
દેવે રથ તૂખાર રે,
હીર ચીર પીતામ્બર દેવે,
દેવે સવિ સણુગાર રે–આજ૦ ૫
તીન લોકમેં દિનકર પ્રકટ્યો,
ઘરઘર મંગલમાલ રે,
કેવલ કમલા રૂપ નિરંજન,
આદીશ્વર દયાલ રે–આજ૦ ૬

---

## શ્રી શંખેશ્વર પાર્શ્વ પ્રભુ સ્તવન

તારા નયનાંરે પ્યાલા પ્રેમના ભર્યા છે,
દયા રસના ભર્યા છે,
અમી છાંટના ભર્યા છે. તારા (૧૩)
જે કોઇ તારી નજરે ચઢી આવે,
કારજ તેના તેં સફળ કર્યાં છે. તારા ૧
પ્રગટ પાતાળથી પ્રભુ તેં,
જાદવના દુઃખ દૂર કર્યાં છે. તારા ૨

પનગપતિ પાવકથી ઉગાર્યો,
જનમ મરણ ભય તેહના હર્યા છે. તારા ૩
પતિતપાવન શરણાગત તુંહી,
દર્શન દીઠે મારાં ચિત્તડાં ઠર્યાં છે. તારા ૪
શ્રી શંખેસર પાસ જિસનેર,
તુજ પદ પંકજ આજથી ધર્યા છે. તારા ૫
જો કોઇ તુજને ધ્યાને ધ્યાવે,
અમૃત સુખના રંગથી વર્યા છે. તારા ૬

---

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન

(રાગ શ્રી રાગ)

અબ મોહે અયસી આય બની.
શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેશ્વર,
મેરા તું એક ધણી. (૧)
તુમ બિનુ કોઇ ચિત્ત ન સુહાવે,
આવે કોડી ગુણી

મેરો મન તુમ ઉપર રસિયો,
અલિ જીમ કમલ ભણી. ( ૨ )
તુમ નામે સવિ સંકટ ચુરે,
નાગરાજ ધરણી નામ જપું નિશિ વાસર તેરો;
એ શુભ મુજ કરણી. ( ૩ )
કોપાનળ ઉપજાવત દુર્જન, મથન વચન અરણી;
નામ જપું જલધાર તિહાં તુજ,
ધારૂં દુઃખ હરણી ( ૪ )
મિથ્યામતી બહુજન હૈ જગમેં,
પદ ન ધરત ધરણી;
ઉનકો અબ તુજ ભક્તિપ્રભાવે,
ભય નહી એક કણી. ( ૫ )
સજ્જન નયન સુધારસ અંજન,
દુર્જન રવિ ભરણી;
તુજ મુરતી નિરખે સો પાવે,
સુખ જસ લીલ ઘણી. ( ૬ )

## શ્રી શીતળનાથ જિન સ્તવન.

( રાગ–અડાણી. )

શીતળ જિન મોહે પ્યારા,
સાહિબ શીતળ જિન મોહે પ્યારા. ટેક૦
ભુવન વિરોચન પંકજ લોચન,
જીઉકે જિઊ હમારા. શીતળ૦ ૧
જ્યોતિ સું જ્યોત મિલત જબ ધ્યાવે,
હોવત નહિ તબ ન્યારા.
બાંધી મુઠી ખુલે ભવ માયા,
મીટે મહાભ્રમ ભારા. શીતળ ૨
તુમ ન્યારે તબ સબહી ન્યારા,
અંતર કુટુંબ ઉદારા;
તુમહિ નજીક નજીક હે સબહિ,
ઋદ્ધી અનંત અપારા. શીતળ૦ ૩
વિષય લગનકી અગ્નિ બુઝાવત,
તુમ ગુન અનુભવ ધારા;

ભઇ મગનતા તુમ ગુનરસકી,
કુન કંચન કુન હારા. શીતળ૦ ૪
શીતળતા ગુન હેર કરત તુમ,
ચંદન કાહી બિચારા;
નામહિ તુમ તાપ હરત હૈ,
વાંકું ઘસત ઘસારા. શીતળ૦ ૫
કરહું કષ્ટજન બહુત હમારે,
નામ તિહારો આધારા;
જસ કહે જનમ મરણ તબ ભાગો,
તુમ નામે ભવ પારા. શીતળ૦ ૬

---

## શ્રી શાન્તિનાથ જિન સ્તવન.

સુણો શાન્તિ જિણંદ સોભાગી,
હું તો થયો છું તુજ ગુણ રાગી.
તુમે નિરાગી ભગવંત,
જોતાં કિમ મલશે તંત-૧

હું તો ક્રોધ કષાયનો ભરિયો,
તું તો ઉપશમ રસનો દરિયો;
હું તો અજ્ઞાને આવરિયો,
તું તો કેવલ કમલા વરિયો-૨

હું તો વિષયરસનો આશી,
તેં તો વિષયા કીધી નિરાશી;
હું તો કર્મને ભારે ભાર્યો,
તેં તો પ્રભુ ભાર ઊતાર્યો-૩

હું તો મોહતણે વશ પડીયો,
તેં તો સબળા મોહને હણીયો;
હું તો ભવસમુદ્રમાં ખુંચ્યો,
તું તો શિવમંદિરમાં પહોંચ્યો-૪

મારે જન્મ મરણનો જોરો,
તેં તો તોડચો તેહનો દોરો;
મારો પાસો ન મેલે રાગ,
તુમે પ્રભુજી થયા વીતરાગ-૫

મને માયાએ મૂક્યો પાશી,
તું તો નિરબંધન અવિનાશી;
હું તો સમકિતથી અધૂરો,
તું તો સકલ પદારથે પૂરો-૬

મારે તો તુંહી પ્રભુ એક,
ત્હારે મુજ સરીખા અનેક;
હું તો મનથી ન મૂકું માન,
તું તો માન રહિત ભગવાન-૭

મારૂં કીધું કશું નવિ થાય,
તું તો રંકને કરે રાય;
એક કરો મુજ મહેરબાની,
મારો મુજરો લેજો માની-૮

એક વાર જો નજરે નિરખો,
તો કરો મુજને તુમ સરીખો;
જો સેવક તુમ સરીખો થાશે,
તો ગુણ તમારા ગાશે-૯

ભવો ભવ તુમ ચરણોની સેવા,
હું તો માંગું છું દેવાધિદેવા;
સામું જુઓને સેવક જાણી,
એવી ઉદયરતનની વાણી. ૧૦

---

## શ્રી સુવિધિનાથ જિન સ્તવન

( રાગ કેદારો. )

મેં કિનો નહીં તુમ બિન ઓરસું રાગ.
દિન દિન વાન વધે ગુન તેરો,
જયું કંચન પરભાગ;
ઓરનમેં હૈ કષાયકી કાલિમા,
સો કયું સેવા લાગ. મેં. ૧
રાજહંસ તું માનસરોવર,
ઓર અશુચિ રૂચિ કાગ;
વિષય ભુજંગમ ગરૂડ તું કહિયે,
ઓર વિષય વિષનાગ. ૨

ઔર દેવ જલ છિલ્લર સરીખે,
તું સમુદ્ર અથાગ;
તું સુરતરૂ જગ વાંછિત પુરન,
ઔર તો સુકો સાગ ૩
તું પુરુષોત્તમ તું હિ નિરંજન,
તું શંકર વડભાગ,
તું બ્રહ્મા તું બુદ્ધ મહાબલ,
તું હિ જ દેવ વીતરાગ. ૪
સુવિધિનાથ તુમ ગુન ફુલનકો,
મેરો દિલ હૈ બાગ;
જસ કહે ભ્રમર રસિક હો પામે,
લીજે ભક્તિ પરાગ. ૫

---

## શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

મેરે સાહિબ તુમહિ હો, પ્રભુ પાસ જિણંદા,
ખિજમતગાર ગરિબ હું, મેં તેરા બંદા. ૧

મેં ચકોર કરૂં ચાકરી, જબ તુમ હી ચંદા;
ચક્રવાક મેં હુઈ રહું, જબ તુમ હી દિણંદા. ૨
મધુકર પરે મેં રનઝનું, જબ તુમ અરવિંદા,
ભક્તિ કરૂં ખગપતિ પરે, જબ તુમહિ ગોવિંદા ૩
તુમ જબ ગર્જિત ઘન ભયે તબ મેં શિખી નંદા,
તુમ સાયર જબ મેં તદા, સુર સરિતા અમંદા. ૪
દૂર કરો દાદા પાસજી, ભવ દુઃખકા ફંદા;
વાચક યશ કહે દાસ કું, દિજો પરમાનંદા. ૫

## શ્રી મહાવીર જિન સ્તવન

વંદો વીર જિનેશ્વર રાયા,
ત્રિશલા દેવીના જાયા રે;
હરિલંછન કંચનમય કાયા,
અમર વધૂ હુલરાયા રે. વંદો ૧
બાલપણે સુરગિરિ ડોલાયા,
અહિ વૈતાલ હરાયા રે;

ઈંદ્ર કહણુ વ્યાકરણુ નિપાયા,
પંડિત વિસ્મય પાયા રે. વંદો ૨

ત્રીસ વરસ ઘરવાસ રહાયા,
સંયમ શું મન લાયારે;
બાર વરસ તપ કર્મ ખપાયા,
કેવળ નાણુ ઉપાયારે. વંદો ૩

ક્ષાયિક ઋદ્ધિ અનંતી પાયા,
અતિશય અધિક સોહાયારે;
ચાર રૂપ કરી ધર્મ બતાયા,
ચઉવિહ સુર ગુણુ ગાયારે. વંદો ૪

ત્રણુ ભુવનમેં આણુ મનાયા,
દશ દોય છત્ર ધરાયારે;
રૂપ્ય કનક મણિ ગઢ વિરચાયા,
નિર્ગ્રન્થનામ ધરાયા રે. વંદો ૫

રયણુ સિંહાસન બેસણુ ઠાયા,
દુંદુંભિનાદ બજાયા રે;

દાનવ–માનવ વાસવ આયા,
ભક્તે શિષ નમાયા રે. વંદો ૬
પ્રભુ ગુણ ગણ ગંગાજળ,
નાહ્યા પાવન તેની કાયારે;
પંડિત **ક્ષમા**વિજય સુપસાયા,
સેવકજન સુખદાયા રે. વંદો ૭

---

## શ્રી મહાવીરસ્વામીનું સ્તવન.

મહાવીર જિણંદ જગત ઊપગારી,
મિથ્યા ધામ નિવારીજી;
દેશના અમૃત ધારા વરસી,
પરપરિણતી સવી વારીજી. ૧
પંચમે આરે જેહનું શાસન,
દોય હજાર ને ચારજી;
યુગપ્રધાન સૂરીશ્વર વહશે,
સુવિહીત તેનો આધારજી. ૨

આચારજ ઉત્તમ, મુનિરાયા,
શ્રાવક શ્રાવિકા અચ્છજી;
લવણ જલધિમાંહે મીઠું જળ,
પીવે શૃંગી મચ્છજી. ૨

દશ અચ્છેરે દૂષિત ભરતે,
બહુ મતભેદ કરાળજી;
જિન કેવલી પૂર્વધર વિરહે,
ફણી સમ પંચમ કાલજી. ૩

તેહનું ઝેર નિવારણ મણિ સમ,
તુજ આગમ તુજ બિંબજી;
નિશિ દિપક પ્રવહણ જીમ દરિયે;
મરૂમાં સુરતરૂ લુંબજી. ૪

જૈનાગમ વક્તા ને શ્રોતા,
સ્યાદવાદ શુચી બોધજી;
કલિકાળે પણ પ્રભુ તુજ શાસન,
વર્તે છે અવિશેષજી. ૫

મારે તો સુસમાથી દુષમા,
અવસર પુન્ય નિધાનજી;
ખીમાવિજય જિન વીર,
સદાગમ પામ્યો સિદ્ધિ નિદાનજી. ૬

---

## શ્રી આદિ જિન સ્તવન

ઋષભદેવ હિતકારી,
જગતગુરુ ઋષભદેવ હિતકારી;
પ્રથમ તીર્થંકર પ્રથમ નરેસર,
પ્રથમ યતિ વ્રતધારી. ૧
વરસીદાન દેઈ તુમ જગમેં,
ઇલતિ ઇતિ નિવારી;
તૈસી કાહે કર તુ નાહી કરુના,
સાહિબ બેર હમારી. ૨
માગત નહીં હમ હાથી ઘોરે,
ધન કન કંચન નારી;

દિયે મોહે ચરનકમલકી સેવા,
યાહી લગી મોહે પ્યારી. ૩

ભવલીલા વાસિત સુર ડારે,
તું પર સબ હી ઉવારી;
મેં મેરા મન નિશ્ચલ કીના
તુમ આણા શિર ધારી. ૪

ઐસા સાહિબ નહિ કોઇ જગમેં,
યાસું હોય દિલદારી.
દિલહી દલાલ પ્રેમકે બિચેં,
તિહાં હઠ ખેંચે ગમારી. ૫

તુમહિ સાહિબ મેં હું બંદા,
યામત દીઓ વિસારી;
શ્રી નયવિજય વિબુધ સેવકકે,
તુમ હો પરમ ઉપકારી. ૬

## શ્રી મહાવીરસ્વામીનું સ્તવન

સિદ્ધારથના રે નંદન વિનવું,
વિનતડી અવધાર;
ભવમંડપમાં રે નાટક નાચિયો,
હવે મુજ દાન દેવાર. ૧
ત્રણ રતન મુજ આપો તાતજી.
જિમ નાવે રે સંતાપ;
દાન દિયંતારે પ્રભુ કોસલ કીસી ?
આપો પદવી રે આપ. ૨
ચરણ અંગુઠેરે મેરૂ કંપાવિયો,
મોડ્યાં સુરનાં રે માન;
અષ્ટકર્મના ઝઘડા જીતવા,
દીધાં વરસી રે દાન. ૩
શાસનનાયક શિવસુખદાયક,
ત્રિશલા કુખે રતન;
સિદ્ધારથનો રે વંશ દિપાવિયો,
પ્રભુજી તુમે ધન ધન ૪

વાચક શેખર કીર્તિવિજયગુરુ,
પામી તાસ પસાય;
ધરમ તણા એ જિન ચોવીશમા,
વિનયવિજય ગુણ ગાય. ૫

---

## શ્રી સિદ્ધાચળ સ્તવન.

અબ તો પાર ભયે હમ સાધુ,
શ્રી સિદ્ધાચળ દરસ કરી રે–અબ૦
આદિ જિનેશ્વર મહેર કરી અબ,
પાપ પડલ સબ દૂર ભયો રે;
તનમન પાવન ભવિજન કેરો,
નિરખી જિનંદ ચંદ સુખ થયો રે–અબ૦ ૧

પુંડરિક પમુહા મુનિ બહુ સિદ્ધા,
સિદ્ધક્ષેત્ર હમ જાત્ર લહ્યો રે;
પશુ પંખી જિહાં છિનકમેં તરીઆં,
તો હમ દૃઢ વિશ્વાસ ગ્રહ્યો રે–અબ૦ ૨

જિન ગણધર અવધિ મુનિ નાહી,
કીસ આગે હું પોકાર કરૂં રે;
જિમ તિમ કરી વિમલાચલ ભેટ્યો,
ભવસાયરથી નાંહીં ડરૂં રે–અબ૦ ૩

દૂર દેશાંતરમે હમ ઉપને,
કુગુરૂ કુપંથ કો જાલ પર્યો રે;
શ્રી જિન આગમ હમ મન માન્યો,
તબ હિ કુપંથ જાલ જર્યો રે–અબ૦ ૪

તો તુમ શરણુ વિચારી આયો,
દીન અનાથ કો શરણુ દીઓ રે;
જયો વિમલાચલ મંડન સ્વામી,
જનમ જનમ કો પાપ ગયો રે–અબ૦ ૫

દૂર ભવિ અભવ્ય ન દેખે,
સૂરી ધનેશ્વર એમ કહ્યો રે,
જો વિમલાચલ ફરસે પ્રાણી,
મોક્ષ મહેલ તેણે વેગે લહ્યો રે–અબ૦ ૬

જયો જગદીશ્વર તું પરમેશ્વર,
પૂર્વ નવાણું વાર થયો રે;
સમવસરણ રાયણ તલે તેરો,
નિરખી ભ્રમ અબ દૂર ગયો રે—અબ૦ ૭

શ્રી વિમલાચલ મુજ મન વસીયો,
માનું સંસારનો અંત થયો રે;
યાત્રા કરી મન સંતોષ ભયો અબ,
જનમ મરણ દુઃખ દૂર ગયો રે—અબ૦ ૮

નિર્મલ મુનિ જન જો તેં તાર્યા,
તે તો પ્રસિદ્ધ સિદ્ધાન્તે કહ્યો રે;
મુજ સરિખા નિંદક જો તારો,
તારક બિરૂદ એ સાચ લહ્યો રે—અબ૦ ૯

જ્ઞાન હીન ગુણ રહિત વિરોધી,
લંપટ ધીઠ્ઠ કષાય ખરો રે;
તુમ બિન તારક કોઇ ન દીસે,
જયો જગદીશ્વર સિદ્ધગિરો રે—અબ૦ ૧૦

નરક તિર્યંચ ગતિ દૂર નિવારી,
ભવસાયર કી પીર હરી રે;
આતમરામ અનઘ પદ પામી,
મોક્ષ વધુ અબ વેગ વરી રે–અબ૦ ૧૧

સંવત બત્રીશ ઓગણીસે,
માસ વૈશાખ આનંદ ભયો રે;
પાલીતાણા શુભ નગર નિવાસી,
ઋષભ જિનંદ ચંદ દરશ થયો રે–અબ૦ ૧૨

---

## સામાન્ય જિન સ્તવન

આજ મારા પ્રભુજી સામું જુઓ,
સેવક કહીને બોલાવો રે,
એટલે હું મનગમતું પામ્યો,
રૂઠડાં બાળ મનાવો મારા સાંઇરે. આજ ૧

પતિતપાવન શરણાગતવત્સલ,
એ જશ જગમાં દાવો રે:

મનરે મનાવ્યા વિણુ નહીં મૂકું,
એહી જ મારો દાવો રે. આજ ૨

કબજે આવ્યા તે નહીં મૂકું,
જિહાં લગે તુમ સમ થાવો રે;
જો તુમ ધ્યાન વિના શિવ લહીએ,
તો તે દાવ બતાવો રે. આજ ૩

મહાગોપ ને મહાનિર્યામક,
ઇણુ પરે બિરૂદ ધરાવો રે;
તો શું આશ્રિતને ઉદ્ધરતા,
બહુ બહુ શું કહાવો રે. આજ ૪

જ્ઞાનવિમળ ગુરુનો નિધિ મહિમા,
મંગળ એહી વધાવો રે;
અચળ અભેદપણે અવલંબી,
અહોનિશ એહી દિલ ધ્યાવોરે. આજ ૫

## શ્રી સિદ્ધગિરિમંડન આદિ જિન સ્તવન

મનના મનોરથ સવિ ફલ્યાએ,
સિધ્યા વંછિત કાજ પૂજો ગિરિરાજનેરે
પ્રાયે એ ગિરિ શાશ્વતોરે,
ભવજળ તરવા ઝાઝ. પૂજો ૧
મણિ માણેક મુક્તાફલે એ,
રજતકનકના ફૂલ; પૂજો.
કેસર ચંદન ઘસી ઘનાએ,
બીજી વસ્તુ અમૂલ પૂજો ૨
છઠે અંગે દાખીઓ એ,
આઠમેં અંગે શાખ; પૂજો
સ્થિરાવલિ પયન્ને વર્ણવ્યો રે,
એ આગમની શાખ. પૂજો ૩
વિમલ કરે ભવિલોકને એ,
તેણે વિમલાચલ જાણ; પૂજો
શુક રાજાથી વિસ્તર્યો એ,
એ શત્રુંજય ગુણખાણ. પૂજો ૪

પુંડરીક ગણધરથી થયો એ,
પુંડરીકગિરિ ગુણ ધામ. પૂજો
સુરનરકૃત જાણીએ રે,
ઉત્તમ એકવીશ નામ. પૂજો ૫
એ ગિરિવરના ગુણ ઘણા એ,
નાણીએ નવિ કહેવાય; પૂજો
જાણે પણ કહી નવ શકે એ;
મૂક ગુડને ન્યાય પૂજો ૬
ગિરિવર દર્શન નવી કર્યો એ,
તે રહ્યો ગર્ભાવાસ; પૂજો.
દર્શન ફરશન સવી કર્યો એ,
પૂરે મનની આશ. પૂજો. ૭
આજ મહોદય મેં લહ્યો એ,
પામ્યો પદ રસાલ; પૂજો
મણિ ઉદ્યોત ગિરિ સેવતાંએ,
ઘર ઘર મંગલમાલ. પૂજો ૮

## શ્રી શાન્તિનાથ સ્તવન.

શાન્તિ જિનેશ્વર સાચો સાહિબ,
  શાન્તિકરણ અનુકૂલમેં હો જિનજી;
તું મેરે મનમેં તું મેરે દિલમેં,
  ધ્યાન ધરૂં પલપલમેં સાહેબજી. તું૦ ૧
ભવમાં ભમતાં મેં દર્શન પાયો,
  આશા પૂરો એક પલમેં હો જિનજી. તું૦૨
નિર્મળ જ્યોત વદન પર સોહે,
  નિકસ્યોજ્યું ચંદ વાદલમેં હો જિનજી. તું૦૩
મેરો મન તુમ સાથે લીનો,
  મીન વસે જ્યું જલમેં સાહેબજી. તું૦ ૪
જિન રંગ કહે પ્રભુ શાન્તિ જિનેશ્વર,
  દીઠોજી દેવ સકળ મેં હો જિનજી. તું૦ ૫

---

## શ્રી નેમનાથ સ્તવન.

વાજે નગારાંકી ઠોર, નેમપ્રભુ ફોજ ચઢી હે.
(અંચલી૦)

હય ગય રથ બહુ દલ હરી સાથે,
જાદવ છપ્પન કુલકોડ. નેમ૦ વાજે૦ ૧
સુરનર દેખત હરખિત હોવે,
જ્યું ગાજત ઘન મોર. નેમ૦ વાજે૦ ૨
તોરણુ આઇ નિસાણુ વજાઇ,
પશુઅન કીધો શોર. નેમ૦ વાજે૦ ૩
પશુઆં છોડાએ મન્મથ રિપુકો,
બાંધ્યો બાઇ મરોર. નેમ૦ વાજે૦ ૪
ગઢ ગિરનાર ચઢે યદુનંદન,
મોહકો ગઢ દીયો તોર. નેમ૦ વાજે૦ ૫
જિત ભઇ પ્રભુ નેમ સાહેબકી,
નાઠે ઘાતી ચોર. નેમ૦ વાજે૦ ૬
કેવલ કમલાકંત કૃપાનિધિ,
પાયો અપનો ઠોર. નેમ૦ વાજે૦ ૭
સમુદ્રવિજય શિવાદેવીકો નંદન,
તિન ભુવન સીર મોર. નેમ૦ વાજે૦ ૮

વાચક રામ કહે પ્રભુ તુમ વિના,
તારક નહિં કોઇ ઓર. નેમ૦ વાજે૦ ૯

## શ્રી સાધારણ જિન સ્તવન.

મનમાં આવજો રે નાથ, હું થયો આજ સનાથ મન.
જય જિનેસ નિરંજણો, ભંજણો ભવ દુઃખરાશ
રંજણો સવિ ભવિ ચિત્તનો,
મંજણો પાપનો પાશ. મનમાં૦ ૧
આદિ બ્રહ્મ અનુપમ તું, અબ્રહ્મ કીધાં દૂર;
ભવ ભ્રમ સવિ ભાંગી ગયા,
તુંહિ ચિદાનંદ સનૂર. મનમાં૦ ૨
વીતરાગ ભાવ ન આવહી, જિહાં લગી મુજને દેવ;
તિહાં લગે તુમ પદ કમલની,
સેવના રહેજો એ ટેવ. મનમાં૦ ૩
યદ્યપિ તુમે અતુલબલી, યશવાદ એમ કહેવાય;
પણ કબ્જે આવ્યા મુજ મને,
તે સહજથી ન જવાય. મનમાં૦ ૪

મન મનાવ્યા વિણુ માહરૂં, કેમ બંધનથી છુટાય?
મનવાંછિત દેતાં થકા કાંઇ,
પાલવડો ન ઝલાય. મનમાં૦ ૫
હઠ બાલનો હોય આકરો, તે લહો છો જિનરાજ;
આજુ કહાવે શું હોવે?
ગિરૂઆ ગરિબનિવાજ. મનમાં૦ ૬
જ્ઞાનવિમલ ગુણથી લહો, સવિ ભવિક મનના ભાવ;
તો અક્ષય સુખલીલા દીઓ,
જિમ હોએ સુજસ જમાવ. મનમાં૦ ૭

---

## પ્રભુપન્થે રાગ.

( રાગ સામેરી. )

મેરે પ્રભુશું પ્રગટ્યો પુરન રાગ—ટેક૦
જિન–ગુન–ચંદ્ર કિરનસું ઉભગ્યો,
સહજ સમુદ્ર અથાગ—મેરે૦ ૧
ધ્યાતા ધ્યેય ભયે દોઉ એકહુ, મિટ્યો ભેદકો ભાગ,

કુલ બિદારી ચલે જબ સરિતા;
તવ નહિ રહત તડાગ૦ મેરે૦ ૨
પૂરન મન સબ પૂરન દિસે, નહિ દુબિધાકો લાગ;
પાઉં ચલત પનહિ જો પહેરે;
નહિ તસ કંટક લાગ. મેરે૦ ૩
ભયો પ્રેમ લોકોત્તર જુઠો, લોક બંધકો તાગ;
કહો કોઉ કછુ હમતો ન રૂચે,
છૂટી એક વીતરાગ. મેરે૦ ૪
વાસત હે જિન ગુન મુઝ દિલકુ, જેસો સુરતરૂ બાગ;
ઓર વાસના કાલમેં ન તાતે;
જસ કહે તું વડભાગ. મેરે૦ ૫

---

## ક્યું કર ભક્તિ કરૂં ?

( રાગ–માલકોશ. )

ક્યું કર ભક્તિ કરૂં પ્રભુ તેરી ક્યું૦
ક્રોધ, લોભ, મદ માન વિષય રસ;
છાંડત ગેલ ન મેરી. ક્યું૦ ૧

કર્મ નચાવે તિમહિ નાચત,
માયાવશ નટ ચેરી૦ ક્યું૦ ૨
દ્રષ્ટિરાગ દ્રઢ બંધન બાંધ્યો,
નીકસન ન લહી સેરી. ક્યું૦ ૩
કરત પ્રશંસા સબ મિલ અપની,
પરનિંદા અધિકેરી. ક્યું૦ ૪
કહત માન જિન ભાવ ભગતિ બિન,
શિવ ગતિ હોત ન નેરી૦ ક્યું૦ ૫

## પ્રભુને શરણે.

( રાગ–ધન્યાશ્રી અથવા ગુજર્જરી. )

જિન તેરે ચરણ કી સરન ગ્રહું. ટેક૦
હૃદયકમલમેં ધ્યાન ધરત હું,
શિર તુજ આણ વહું. જિન૦ ૧
તુજ સમ ખોલ્યો દેવ ખલકમેં,
પેખ્યો નહિ કબહું;
તેરે ગુનકી જપું જપમાલા;
અહનિશિ પાપ દહું. જિન૦ ૨

મેરે મનકી તુમ સબ જાનો,
કયા મુખ બોત કહું;
કહે જશવિજય કરો ત્યું સાહિબ,
જયું ભવ દુઃખ ન લહું૦ જિન૦ ૩

## શ્રી ઋષભદેવ જિણંદ સ્તવન

ઋષભ જિણંદા ઋષભ જિણંદા,
તું સાહિબ હું છું તુજ બંદા;
તુજ શું પ્રીતિ બની મુજ સાચી,
મુજ મન તુજ ગુણ શું રહ્યો રાચી. ઋ ૧
દીઠા દેવ રુચે ન અનેરા,
તુજ પાખ લિઅે ચિત્તડું દીયે ફેરા;
સ્વામી શું કામણડું કીધું,
ચિત્તડું અમારું ચોરી લીધું. ઋ ૨
પ્રેમ બંધાણો તે તો જાણો,
નિરવહેશો તો હોશે પ્રમાણો;
વાચક જશ વિનવે જિનરાજ,
બાહ્ય ગ્રહ્યાની તુજને લાજ. ઋ ૩

# મનોવેદના

( રાગ આશાવરી )

પ્રભુ મેરે અઈસી આય બની;
મનકી વ્યથા કુનપે કહીએ,
જાનો આપ ધની. પ્રભુ ૧
જનમ મરણુ જરા જીઉ ગહી લહે,
વિલગી વિપત્તિ ઘની;
તન મન નયન દુઃખ દેખત,
સુખ નવી એક કની. પ્રભુ ૨
ચિત્ત દુભઇ દુરજનકે બકના, જૈસે અર અગની;
સજન હૈ કોઉ નહિ જાકે આગે,
બાત કહું અપની. પ્રભુ ૩
ચઉ ગઇ ગમણુ ભ્રમણુ દુઃખ વારો,
બિનતી યહી સુની;
અવિચલ સંપદ જસકું દીજે,
અપનો દાસ ભની પ્રભુ ૪

## શ્રી શંખેશ્વર પાર્શ્વ જિન સ્તવન

( રાગ પંજાબી ઠેકાની ઠુમરી )

મોરી ઐંયાં તો પકર શંખેશ શ્યામ,
કરુણારસ ભરે તોરે નેન શ્યામ. મોરી ૧
તુમ તો તાર ફણીંદ જગ સાચે,
હમકું વિસાર ન કરુણાધામ. મોરી ૨
જાદવપતિ અરતિ તુમ કાપી,
ધારિત જગ શંખેશ નામ. મોરી. ૨
હમ તો કાલ પંચમ વશ આયે,
તુમરો હિ શરણ જિનેશ નામ. મોરી ૩
સંયમ તપ કરને શુદ્ધ શક્તિ,
ન ધરૂં કર્મ ઝકોર પામ. મોરી ૪
આનંદ રસ પૂરણ મુખ દેખી,
આનંદ પૂરણ આત્મરામ. મોરી ૫

## શ્રી સિદ્ધાચલ સ્તવન

સિદ્ધાચલ ગિરિ ભેટ્યારે, ધન્ય ભાગ્ય હમારા,
એ ગિરિવરનો મહિમા મોટો, કહેતાં ન આવે પારા;
રાયણ રૂખ સમોસર્યા સ્વામી,
પૂર્વ નવાણું વારા રે. ધન્ય૦ ૧

મૂલનાયક શ્રી આદિ જિનેશ્વર,
ચઉમુખ પ્રતિમા ચારા;
અષ્ટ દ્રવ્ય શું પૂજો ભાવે,
સમકિત મૂલ આધારારે. ધન્ય૦ ૨

ભાવ ભક્તિ શું પ્રભુ ગુણ ગાતાં,
અપના જન્મ સુધારા;
યાત્રા કરી ભવિજન શુભ ભાવે,
નરક તિર્યંચ ગતિ વારારે. ધન્ય૦ ૩

દૂર દેશાંતરથી હું આવ્યો,
શ્રવણે સુણી ગુણ તોરા;

પતિત ઉદ્ધારણ બિરૂદ તુમારૂં,
એ તીરથ જગસારા રે. ધન્ય૦ ૪

સંવત અઢાર ત્યાસી માસ અષાડા,
વદી આઠમ સોમવારા;
પ્રભુકે ચરણ પ્રતાપકે સંઘમેં,
ખીમારતન પ્રભુપ્યારારે. ધન્ય૦ ૫

---

## શ્રી સુવધિનાથ પ્રભુ સ્તવન

દરશનીયાનો વાસી પ્યારો લાગે મ્હારા જિણંદા;
તુંહિજ બ્રહ્મા બ્રાહ્મણ જાણે,
વૈષ્ણવ વિષ્ણુ વખાણે. મ્હા૦ ૧

રૂદ્ર તપસ્વી તુજને ભાખે,
સઘળા તુજ દિલ રાખે. મ્હા૦ ૨

જૈન જિનેંદ્ર કહે શિવદાતા,
બુદ્ધ બૌદ્ધ મત રાતા. મ્હા૦ ૩

કૌલિક કૌલ કહી ગુણુ ગાતા,
ખટ દરશનનો ત્રાતા. મ્હા૦ ૪
રૂપ અનેક ફટિકમાં ભાસે,
વર્ણ ઉપાધીને પાસે. મ્હા૦ ૫
ખટદરશન સવિ તુજને ધ્યાવે,
એક અનેક કહાવે. મ્હા૦ ૬
વિવિધ રૂપ જળ ભૂમિવિભાગે,
તિમ તું દરશન લાગે. મ્હા૦ ૭
કેવલ ધ્યાન ગમ્ય દિલરાજે,
કેવલજ્ઞાન બિરાજે. મ્હા૦ ૮
ન્યાયસાગર પ્રભુ સુવિધિ મનાવે,
મહાનંદ પદ પાવે. મ્હા૦ ૯

---

## "શ્રી વાસુપૂજ્ય પ્રભુ સ્તવન"

એસો નહિ કોઇ ત્રિભુવનમેં,
સબ દેવનમે એ૦

જાકે જનમ સમય અમરી,
આઇ છપન દિશિ કુમરી;
નિજ નિજ કૃત કરે પ્રભુ તુઇ,
કેલી સદનમેં ઐ૦ ૧

ચોસઠ હરિ આએ,
પ્રભુ લે મેરૂશિખર ઠાએ,
કરી જન્મોત્સવ ભક્તિ બનાયે,
પાંડુક વનમેં ઐ૦ ૨

તજી ઘર આશ્રમ સંજમ ઠાએ,
ક્ષપકશ્રેણી ચઢી કેવલ પાવે;
છંદમેં ધર્મકથા કરી આયે,
સમોવસરનમેં. ઐ૦ ૩

દેખો માત જયા કો છોરા,
લાલમની તનસે હેજ સલોના;
સુર નરપતિ સબ શિશ,
નમાએ જાકો પ્રન મેં ઐ૦ ૪

દુ:ખભંજન જનરંજન દેવા,
પાઉં ભવ ભવ ઇતની સેવા;
કહે અમૃત મુજ રખલે સાથે,
તેરી શરનમેં ઐ૦ ૫

## શ્રી સુમતિનાથ પ્રભુ સ્તવન

સુમતિ જિન તુમ ચરણે ચિત્ત દીનો,
એ તો જનમ જનમ દુઃખ છીનો. (અંચળી)
કુમતિ કુટલ સંગ દૂર નિવારી,
સુમતિ સુગુન રસ ભીનો;
સુમતિ નામ જિન મંત્ર સુન્યો હે,
મોહ નિંદ ભઇ ખીનો. ૧
કરમ પરજન્ય બંક અતિ સિજયો,
મોહ મૂઢતા દીનો;
નિજ ગુણ ભૂલ રચ્યો,
પરગુણમેં જનમ મરણ દુઃખ લીનો. સુ ૨

અબ તુમ નામ પ્રભંજન પ્રગટ્યો,
મોહ અતિ ખય કીનો.
મોહ અગ્યાન અવિરત એતો,
મૂલ છીન ભયે તીનો. સુ ૩
મન ચંચલ અતિ ભમરક મેરા,
તુમ ગુણ મકરંદ પીનો;
અવર દેવ સબ દુર તજતુ હે,
સુમતિ ગુપ્તિ ચિત્ત દિનો. સુ ૪
માત તાત તીરીયા સૂત ભાઇ,
તન ધન તરૂણ નવીનો;
એ સબ મોહ જાલકી માયા,
ઈન સંગ ભયો હૈ મલીનો. સુ ૫
દરશન જ્ઞાન ચરિતર તીનો,
નિજ ગુન ધન હર લીનો;
સુમતિ પ્યારી ભઇ રખવારી,
વિષય ઇંદ્રી ભઇ હીનો. સુ ૬

સુમતિ સુમતિ સમતા રસસાગર,
આગર ગ્યાન ભરીનો;
આતમરૂપ સુમતિ પ્રગટે,
શમદમ દાનવરીનો. સુ ૭

## " શ્રી પાર્શ્વજિન સ્તવન. "

ચેતન તું કયાં કરે યારી,
દીવાને કર્મ સે ભારી;
તારી તે સંપત્તિ સબ હારી,
સમજ લે શીખ તું સારી. ૧
સજ્જન તું મોહકા સંગી,
ચલત હે ચાલ બેઢંગી;
દારા ઘર કામકા રંગી,
કીની નહી વાત એ ચંગી. ૨
અનાદિકી ભૂલ હૈ તેરી,
કુમતી સે ચેતના ઘેરી;

સંગ લગી ડોર દે ફેરી,
ઠગોરી મોહકી ચોરી. ૩
જ્ઞાની તું જ્ઞાન વિના ભૂલા,
પ્રેમ કે ફંદમેં ઝુલા;
સહી ઐસી કર્મ કી હુલા,
સયાને સમજ તું હુલા. ૪
ખોજ કર એક તું મેરા,
આપ મેં આપ પદ તેરા;
અમૃત કહે પાસજી કેરા,
સેવીયે પદ યુગ સવેરા. ૫

---

## "શ્રી નમિનાથ જિન સ્તવન."

પુરૂષોત્તમ સત્તા છે થારા ઘટમાં,
વપ્રાનંદન વંદન કીજે;
તુજ સમ અવર ન યતિ વટમાં પુ૦ ૧

હરિહર બ્રહ્મા પુરંદર પમુહા.
મગન સવિ હુઆ ભવ નટમાં. પુ૦ ૨
ઉપશમ રતિ પ્રભુ તાહરી જગને,
જિતી કરાવી અરી પટમાં. પુ૦ ૩
વીતરાગતા તુજ તનુ આખે,
સમરસ વરસે ભવિ તટમાં. પુ૦ ૪
વિજય નૃપતિ સુત સેવા ક્ષણુમાં,
આણે સેવક ભવ તટમાં પુ૦ ૫
ન્યાયસાગર પ્રભુ સહજ વિલાસી,
અજર અમર લહી ઝટપટમાં. પુ૦ ૬

---

## શ્રી મુનિસુવ્રતસ્વામી જિન સ્તવન

શ્રી મુનિસુવ્રત હરિકુલ ચંદા,
દુરનય પંથ નસાયો;
સ્યાદ્વાદરસ ગર્ભિત બાની,
તત્વ સરૂપ જનાયો.

સુણુ ગ્યાની જિન બાની,
રસ પીજો અતિ સન્માની. ૧
બંધ મોક્ષ એકાંત માની, મોક્ષ જગત્ ઉછેદે;
ઉભય નયાત્મ ભેદ ગ્રહીને, તત્વપદારથ વેદે ૨
નિત્ય અનિત્ય એકાંતે કહી, અરથ ક્રીયા સબ નાસે;
ઉભય સ્વરૂપે વસ્તુ બિરાજે,
સ્યાદ્‌વાદ ઈમ ભાસે. ૩
કરતા ભુગતા બાહિજ દ્રષ્ટે,
એકાંતે નહીં થાવે,
નિશ્ચય શુદ્ધ નયાતમ રૂપે,
કુણુ કરતા ભુગતાવે ૪
રૂપ વિના ભયો રૂપ સ્વરૂપી,
એક નયાતમ સંગી,
તનવ્યાપી વિભુ એકઅનેકા,
આનંદઘન દુઃખ રંગી. ૫
શુદ્ધ, અશુદ્ધ, નાશ, અવિનાશી,
નિરંજન નિરાકારો;

સ્યાદ્‌વાદ સમરો નીકો,
દુરનય પંથ નિવારો. ૬
સપ્તભંગી મતદાયક જિનજી,
એક અનુગ્રહ કીજે;
આતમ રૂપ જિહો તુમ લાધો,
સૌ સેવકકું દીજે. ૭

## શ્રી પાર્શ્વનાથપ્રભુ સ્તવન

પ્યારો પ્યારો રે હો વાલા મારા,
પાસ જિણંદ મુને પ્યારો;
તારો તારો રે વાલા મારા ભવનાં દુઃખડાં વારો.
કાશી દેશ વાણારસી નગરી,
અશ્વસેન કુલ સોહીએ. રે
પાસ જિણંદા વામાનંદા મારા વાલા,
દેખત જનમન મોહીએ. પ્યારો ૧
છપ્પન દિક્કુમરી મીલી આવે,
પ્રભુજીને હુલાવે રે;

થેઈ થેઇ નાચ કરે મોરા વાલા,
હરખે જિનગુણ ગાવે. પ્યારો ૨

કમઠ હઠ ગાળ્યો પ્રભુ પાર્શ્વે,
બળતો ઉગાર્યો ફણીનાગ રે;
દીઓ સાર નવકાર નાગકું,
ધરણેન્દ્ર પદ પાયો રે. પ્યારો. ૩

દીક્ષા લઇ પ્રભુ કેવળ પાયો,
સમવસરણમેં સુહાયો રે;
દીયે મધુરી દેશના પ્રભુ,
ચૌમુખ ધર્મ સુહાયો રે. પ્યારો ૪

કર્મ ખપાવી શિવપુર જાવે,
અજરામર પદ પાવે રે;
જ્ઞાન અમૃતરસ ફરસે મારા વાલા,
જ્યોતિસે જ્યોત મિલાવે રે. પ્યારો ૫

# શ્રી આદિનાથ સ્તવન

બાલપણે આપણુ સુસનેહી,
રમતા નવ નવ વેશે;
આજ તમે પામ્યા પ્રભુતાઇ,
અમે તો સંસારને વેશે;
હો પ્રભુજી ઓલંભડે મત ખીજો (૧)
જો તુમ ધ્યાતાં શિવસુખ લહીએ,
તો તુમને કેઇ ધ્યાવે;
પણ ભવસ્થિતિ પરિપકવ થયા વિણુ,
કોઇ ન મુક્તિ જાવે;
હો પ્રભુજી ઓલંભડે મત ખીજો (૨)
સિદ્ધ નિવાસ લહે ભવસિદ્ધિ,
તેમાં શો પાડ તુમારો;
તો ઉપગાર તુમ્હારો વહીએ,
અભવ સિદ્ધને તારો;
હો પ્રભુજી ઓલંભડે મત ખીજો (૩)

જ્ઞાન રયણ પામીને એકાંતે,
થઇ બેઠા મેવાશી;
તેહ માંહેલો એક અંશ જો આપો,
તે વાતે સાબાશી;
હો પ્રભુજી ઓલંભડે મત ખીજો (૪)

અક્ષય પદ દેતા ભવિજનને,
સંકીરણતા નવી થાએ;
શિવપદ દેવા જો સમરથ છો,
તો જશ લેતા શું જાવે;
હો પ્રભુજી ઓલંભડે મત ખીજો (૫)

સેવાગુણ રંજયો ભવિજનને,
જો તમે કરો વડભાગી;
તો તમે સ્વામી કેમ કહેવાશો,
નિરમમ ને નીરાગી;
હો પ્રભુજી ઓલંભડે મત ખીજો (૬)

નાભિનંદન જગવંદન પ્યારો,
જગગુરૂ જગહિતકારી;
રૂપવિબુધનો મોહન પભણે,
વૃષભ લંછન મનોહારી;
હો પ્રભુજી ઓલંભડે મત ખીજો (૭)

## "શ્રી આદિજિન સ્તવન"

(રાગ ખમાજ જીલ્લા તાલ દાદરા)

નાભિજીકે નંદાજીસે લગા,
મેરા નેહરા (અંચલી)
વદન સદન સુખ, મદન કદનમુખ,
પ્રભુકો બદન કીધ શમરસ મેહરા-(નાભી)
અમલ કમલ દલ નયન ઉજ્જલજલ,
મીનયુગલ માનું અષ્ટમી કો સેહરા-(નાભી)
ભાવ અતીહી રસાલ, વિશાલ અકલ દ્યુતિકાર,
શારદ શશી માનું અષ્ટમીકો જેહરા-(નાભી)

કીતનો બરન કરૂં ઊપમા કહાંસે ધરૂં,
જ્ઞાનસાર પાયો નામ જ્ઞાન નહીં ગેહરા–(નાભી)

## શ્રી મહાવીર જિન સ્તવન

બલિહારી જાઊં વારી,
મહાવીર તોરે સમવસરણકી બલિહારી.
–એ આંકણી

ત્રણ ગઢ ઉપર તખત બિરાજે,
બેઠી છે પર્ષદા ભારી. મહાવીર ૧
વાણી જોજન સૌ કોઇ સાંભળે,
તાર્યાં છે નર ને નારી. મહાવીર ૨
આનંદઘન પ્રભુ એણી પેરે બોલે,
આવા ગમન દે નિવારી. મહાવીર ૩

## "શ્રી મહાવીર જિન સ્તવન."

નારે પ્રભુ નહીં માનું, નહીં માનું રે
અવરની આણ; નારે પ્રભુ૦

મ્હારે ત્હારૂં વચન પ્રમાણુ નારે પ્રભુ૦
હરિહરાદિક દેવ અનેરા, તે દીઠા જગમાંય રે;
ભામિની ભરમ ભ્રકુટીએ ભૂલ્યા;
તે મુજને ન સોહાય. નારે પ્રભુ૦ ૧
કેઇક રાગી ને કેઇક દ્વેષી, કેઇક લોભી દેવરે;
કેઇક મદ માયામાં ભરીયા,
કેમ કરીએ તસ સેવ. નારે૦ ૨
મુદ્રા પણુ તેહમાં નવિ દીસે પ્રભુ,
તુજ માંહેલી તિલ માત્રરે;
તે દેખી દિલડું નવિ રીઝે,
શી કરવી તસ વાત. નારે૦ ૩
તું ગતિ તું મતિ તું મુજ પ્રીતમ,
જીવ જીવન આધાર રે;
રાત દિવસ સ્વપ્નાંતરમાંહી,
તું મ્હારે નિરધારરે. નારે૦ ૪
અવગુણુ સહુ ઉવેખીને પ્રભુ,
સેવક કરીને નિહાળ રે;

જગબાંધવ એ વિનતિ મારી,
મ્હારાં સવિ દુઃખ દૂરે ટાળ. નારે૦ ૫
ચોવીસમાં પ્રભુ ત્રિભુવન સ્વામી,
સિદ્ધારથના નંદ રે;
ત્રિશલાજીના ન્હાનડીયા પ્રભુ;
તુમ દીઠે અતિ હિ આનંદ. નારે૦ ૬
સુમતિવિજય કવિરાયનો રે,
રામવિજય કરજોડ રે;
ઉપગારી અરિહંતજી માહરા;
ભવો ભવના બંધ છોડ. નારે૦ ૭

## શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

ચાલો ચાલો વિમલગિરિ જઇયે રે,
ભવજલ તરવાને;
તુમે જયણાએ ધરજો પાયરે,
પાર ઉતરવાને.—એ આંકણી

બાલ કાલની ચેષ્ટા ટાળી,
હાં રે હું તો ધર્મયૌવન હવે પાયોરે-ભવ૦
ભૂલ અનાદિની દૂર નિવારી,
હાંરે હું અનુભવમાં લય-લાયોરે-પાર૦ ચાલો૦ ૧
ભવતૃષ્ણા સવિ દૂર નિવારી,
હાંરે મારી જિનચરણે લય લાગીરે-ભવ૦
સંવરભાવમાં દિલ ઠરાણું,
હાંરે મારી ભવની ભાવઠ ભાગીરે. પાર૦ચાલો૦૨
સચિત્ત સર્વનો ત્યાગ કરીને,
હાંરે નિત્ય એકાસણા તપ કારી રે-ભવ૦
પડિક્કમણાં દોય ટંકનાં કરશું,
હાંરે ભલી અમૃતક્રિયા દિલધારીરે. પાર૦ચાલો૦૩
વ્રત ઉચ્ચરશું ગુરુની શાખે,
હાંરે હું તો યથાશક્તિ અનુસારરે-ભવ૦
ગુરુ સંઘાતે ચડશું ગિરિ પાજે,
હાંરે એ તો ભવોદધિ બૂડતાં તારેરે. પાર૦ચાલો૦૪

ભવતારક એ તીરથ ફરસી,
હાંરે હું તો સૂરજકુંડમાં નાહી રે-ભવ૦
અષ્ટ પ્રકારી શ્રી આદિ જિણંદની,
હાંરે હું તો પૂજા કરીશ લય લાઇરે. પાર૦ચાલો૦૫
તીરથપતિને તીરથ સેવા
હાંરે એ તો મીઠા (સાચા) મોક્ષના મેવારે-ભવ૦
સાત છઠ્ઠ દોય અઠ્ઠમ કરીને,
હાંરે મને સ્વામીવાત્સલ્યની હેવારે. પાર૦ચાલો૦૬
પ્રભુપદપદ્મ રાયણ તળે પૂજી,
હાંરે હું તો પામીશ હરખ અપારરે-ભવ૦
**રૂપવિજય** પ્રભુધ્યાન પસાયે,
હાંરે હું તો પામીશ સુખશ્રીકારરે. પાર૦ ચાલો૦ ૭

---

## " શ્રી શત્રુંજય સ્તવન "

બાપડલાં રે પાતિકડાં તમે
શું કરશો હવે રહીને રે;

શ્રી સિદ્ધાચલ નયણે નિરખ્યો,
દૂર જાઓ તમે વહીને રે. બાપ. ૧
કાળ અનાદિ લગે તુમ સાથે,
પ્રીત કરી નિરવહીને રે;
જે થકી પ્રભુ ચરણે રહેવું,
એમ શિખવીચું મનને રે. બાપ. ૨
દુઃષમ કાળે ઇણે ભરતે,
મુક્તિ નહીં સંઘયણુને રે;
પણ તુમ ભક્તિ મુક્તિને ખેંચે,
ચમક ઉપલ જેમ લોહને રે. બાપ. ૩
શુદ્ધ સુવાસન ચૂરણ આપ્યું,
મિથ્યા પંક શોધનને રે;
આતમભાવ થયો મુજ નિર્મળ,
આનંદમય તુજ ભજને રે. બાપ. ૪
અખય નિધાન તુમ સમકિત પામી,
કુણ વંછે ચલ ધનને રે;

શાંત સુધારસ નયનકચોળે,
સિંચો સેવક તનને રે. બાપ. ૫

બાહ્ય અભ્યંતર શત્રુ કેરો,
ભય ન હોવે હવે મુજને રે;
સેવક સુખિયો સુજસ વિલાસી,
તે મહિમા પ્રભુ તુજને રે. બાપ. ૬

નામ મંત્ર તુમારો સાધ્યો,
તે થયો જગમોહનને રે;
તુજ મુખમુદ્રા નિરખી હરખું,
જિમ ચાતક જલધરને રે. બાપ. ૭

તુજ વિણુ અવર ન દેવ કરીને,
ન વિચારું ફરી ફરીને રે;
જ્ઞાનવિમલ કહે ભવજલ તારો,
સેવક બાંહ્ય ગ્રહીને રે. બાપ. ૮

## 'શ્રી અજિતનાથ પ્રભુ સ્તવન'

અજિત જિણેસર ચરણની સેવા,
હેવાએ હું હલિયો;
કહિયે અણચાખ્યો પણ અનુભવ,
રસનો ટાણો મલિયો.
પ્રભુજી મહેર કરીને આજ,
કાજ હમારાં સારો. ૧

મૂકાવ્યો પણ હું નવિ મૂકું,
ચૂકું એ ન ટાણો;
ભક્તિભાવ ઊઠ્યો જે અંતર,
તે કિમ રહે શરમાણો. પ્રભુ. ૨

લોચન શાંત સુધારસ સુભગા,
મુખ મટકાળું પ્રસન્ન;
યોગમુદ્રાનો લટકો ચટકો,
અતિશયનો અતિધન્ન. પ્રભુ. ૩

પિંડ પદસ્થ રૂપસ્થે લીનો,
　　　　ચરણુકમળ તુજ ગ્રહિયાં;
ભ્રમર પરે રસસ્વાદ ચખાવો,
　　　　વિરસો કાં કરો મહિયાં. પ્રભુ. ૪
બાળકાળમાં વાર અનંતી,
　　　　સામગ્રીએ નવિ જાગ્યો;
યૌવનકાળે તે રસ ચાખ્યો,
　　　　તું સમરથ પ્રભુ માગ્યો. પ્રભુ. ૫
તું અનુભવ રસ દેવા સમરથ,
　　　　હું પણ અરથી તેહનો;
ચિત્ત વિત્ત ને પાત્ર સંબંધે,
　　　　ઊન રહ્યો હવે કેહનો. પ્રભુ. ૬
પ્રભુની મહેરે તે રસ ચાખ્યો,
　　　　અંતરંગ સુખ પામ્યો;
માનવિજય વાચક ઇમ જંપે,
　　　　હુઓ મુજ મન કામ્યો. પ્રભુ. ૭

## પ્રભુનું અદ્‌ભુત રૂપ

રાગ, દેવગંધાર.

દેખો માઈ! અજબ રૂપ જિનજીકો; ॥ દેખો૦ ॥
ઉનકે આગે ઔર સબહુંકો,
રૂપ લાગે મોહે ફીકો. ॥ દેખો૦ ॥
લોચન-કરૂના-અમૃત-કચોલે;
મુખ સોહે અતિ નીકો;
કવિ જસવિજય કહે યોં સાહિબ,
નેમજી ત્રિભુવન ટીકો. ॥ દેખો૦ ॥

---

## જિનબિંબ સ્થાપન સ્તવન

ભરતાદિકે ઉદ્ધાર જ કીધો, શત્રુંજય મોઝાર;
સોનાતણા જેણે દેહરાં કરાવ્યાં,
રત્નતણા બિંબ સ્થાપ્યાં;
હો કુમતિ! કાં પ્રતિમા ઉથાપી,
એ જિનવચને થાપી. હો કુમતિ ૧

વીર પછી બસે નેવું વરસે,
સંપ્રતિ રાય સુજાણ;
સવા લાખ પ્રાસાદ કરાવ્યાં,
સવા ક્રોડ બિંબ સ્થાપ્યા. હો કુમતિ ૨
દ્રૌપદીએ જિનપ્રતિમા પૂજી,
સૂત્રમાં સાખ ઠરાણી;
છઠ્ઠે અંગે તે વીરે ભાખ્યું,
ગણધર પૂરે સાખી. હો કુમતિ ૩
સંવત નવસેં તાણું વરસે,
વિમળ મંત્રીશ્વર જેહ;
આબુતણા જેણે દેહરાં કરાવ્યાં,
છ હજાર બિંબ સ્થાપ્યાં. હો કુમતિ ૪
સંવત અગીયાર નવ્વાણું વરસે,
રાજા કુમારપાળ;
પાંચ હજાર પ્રાસાદ કરાવ્યાં,
સાત હજાર બિંબ સ્થાપ્યા. હો કુમતિ ૫

સંવત બાર પંચાણું વરસે,
વસ્તુપાળ ને તેજપાળ;
પાંચ હજાર પ્રાસાદ કરાવ્યાં,
અગીઆર હજાર બિંબ સ્થાપ્યા. હો કુમતિ ૬
સંવત બાર બહોંતેર વરસે,
સંઘવી ધન્નો જેહ;
રાણુકપુર જેણે દેહરા કરાવ્યાં,
ક્રોડ નવ્વાણું દ્રવ્ય ખરચ્યાં. હો કુમતિ ૭
સંવત તેર એકોતેર વરસે,
સમરોશા રંગ શેઠ;
ઉદ્ધાર પંદરમો શેત્રુંજે કીધો,
અગીઆર લાખ દ્રવ્ય ખરચ્યાં. હો કુમતિ ૮
સંવત સોલ બહોંતેર વરસે,
બાદશાહને વારે;
ઉદ્ધાર સોલમો શેત્રુંજે કીધો,
કરમાશાહે જસ લીધો. હો કુમતિ ૮

એ જિનપ્રતિમા જિનવર સરખી,
પૂજો ત્રિવિધ તુમે પ્રાણી;
જિનપ્રતિમામાં સંદેહ ન રાખો,
વાચક જસની વાણી. હો કુમતિ ૧૦

## દીવાલીનું સ્તવન

મારે દીવાળી થઈ આજ,
જિન મુખ જોવાને;
સર્યાં સર્યાં રે સેવકનાં કાજ,
ભવદુઃખ ખોવાને. (અંચલી)
મહાવીરસ્વામી મુગતે પહોંત્યા,
ગૌતમ કેવલજ્ઞાન રે;
ધન અમાસ દીવાલી મારે,
વીર પ્રભુ નિરવાણ રે. જિન ૧
ચારિત્ર પાળી નિરમળુ ને,
ટાળ્યા વિષય કષાય રે;

એવા મુનિને વંદીયે તો,
ઉતારે ભવ પાર. જિન ૨
બાકુળા વહોર્યા વીર જિને,
તારી ચંદન બાળા રે;
કેવળ લહી પ્રભુ મુગતે પહોત્યા,
પામ્યા ભવનો પાર. જિન ૩
એવા મુનિને વંદીયે જે,
પંચ જ્ઞાને ધરતા રે;
સમવસરણ દઇ દેશના રે,
પ્રભુ તાર્યા નરનાર. જિન ૪
ચોવીશમા જિનેશ્વરને,
મુક્તિતણા દાતાર રે
કર જોડી કવિ એમ ભણે રે,
પ્રભુ દુનિયા ફેરો ટાળ. જિન ૫

## વીર જિન સ્તવન

વીરજી સુણો એક વિનંતિ મોરી,
વાત વિચારોને તુમે ઘણી રે;
વીર મને તારો મહાવીર મને તારો,
ભવજલ પાર ઊતારોને રે.
પરિભ્રમણ મેં અનંતા રે કીધા,
હજુએ ન આવ્યો છેડલો રે;
તુમે તો થયા પ્રભુ સિદ્ધ નિરંજન,
હમે તો અનંતા ભવ ભમ્યા રે. વીર ૧
તુમે ને હમે વાર અનંતી વેળા,
રમીયા સંસારીપણે રે;
તેહ પ્રીત જો પૂરણ પાળો,
તો હમને તુમ સમ કરો રે. વીર ૨
તુમ સમ હમને યોગ્ય ન જાણો,
તો થોડું કાંઈ દીજીએ રે;

ભવોભવ તુમ ચરણોની સેવા,
પામી હમેં ઘણું રીઝીએ રે. વીર ૩
ઇન્દ્રજાળીઓ કહેતો રે આવ્યો,
ગણધર પદ તેહને દીયો રે;
અર્જુનમાળી જે ઘોર પાપી,
તેહને જિન તમે ઉદ્ધર્યો રે. વીર ૪
ચંદનબાળાએ અડદનાં બાકુલ,
પડિલાભ્યા તમને પ્રભુ રે;
તેને સાહુણી સાચી રે કીધી,
શિવવધુ સાથે ભેળવી રે. વીર ૫
ચરણે ચંડકોશીયો ડસીયો,
કલ્પ આઠમે તે ગયો રે;
ગુણ તો તમારા પ્રભુ મુખથી સુણીને,
આવી તુમ સન્મુખ રહ્યો રે. વીર ૬
નિરંજન પ્રભુ નામ ધરાવો,
તો સહુને સરીખા ગણો રે;

ભેદભાવ સહુ દૂર કરીને,
મુજશું રમો એકમેકશું રે. વીર ૭
મોડા વહેલા તુમહી જ તારક,
હવે વિલંબ શા કારણે રે;
જ્ઞાનતણા ભવનાં પાપ મિટાવો,
વારી જાઉં વીર તોરા વારણે રે. વીર ૮

---

રાગ આશાવરી

મનુ પ્યારા મનુ પ્યારા, રીખવદેવ.
મનુ પ્યારા મનુ પ્યારા. અંચલી.
પ્રથમ તીર્થંકર પ્રથમ નરેશ્વર,
પ્રથમ યતિવ્રતધારા. ૧ મનુ.
નાભિરાયા મરૂદેવીકો નંદન,
યુગલા ધર્મ નિવારા. ૨ મનુ.
કેવળ લઇ પ્રભુ મુગતે પોહોતા,
આવાગમન નિવારા. ૩ મનુ.

આનંદઘન પ્રભુ ઇતની વિનતિ,
આ ભવપાર ઉતારા. ૪ મનુ.

---

રાગ કાનડો

ક્યારે મને મળશે મારો સંત સનેહી?
સંત સનેહી સૂરિજન પાખે,
રાખે ધીરજ દેહી. ૧ ક્યારે.
જનજન આગળ અંતરગતની,
વાતલડી કહું કેહી. ૨ ક્યારે.
આનંદઘન પ્રભુ વૈદ્ય વિયોગે,
કેમ જીવે મધુમેહી. ૩ ક્યારે.

---

રાગ કેરબો

રખે નાચતાં પ્રભુજી આગે લાજ આણો.
લાજ વિણસે કાજ કેઇનાં,
કાળ અનંત જીવ અથડાણો. ૧ રખે.

ઇન્દ્ર હિ નાચે ચન્દ્ર હિ નાચે.
નાચે વિદ્યાધર રાણા. ૨ રખે.
રૂપચંદ કહે નાથ નિરંજન,
સાચો સદાએ સુખ જાણો. ૩ રખે.

---

## શ્રી શાન્તિનાથ સ્તવન.

મ્હારો મુજરો લ્યોને રાજ,
સાહિબ શાન્તિ સલુણા. (અંચલી)
અચિરાજીના નંદન તોરે,
દર્શન હેતે આવ્યો;
સમકિત રીઝ કરોને સ્વામી,
ભક્તિ ભેટણું લાવ્યો. મ્હારો ૧
દુઃખ ભંજન છે બિરૂદ તુમારો,
અમને આશ તુમારી;
તુમે નિરાગી થઇને છૂટો,
શી ગતિ હોશે અમારી. મ્હારો ૨

કહેશે લોક ન તાણી કહેવું,
એવડું સ્વામી આગે;
પણ બાલક જો બોલી ન જાણે,
તો કેમ વ્હાલો લાગે? મ્હારો ૩
મ્હારે તો તું સમરથ સાહિબ,
તો કિમ ઓછું માનું;
ચિંતામણિ જેણે ગાંઠે બાંધ્યું,
તેહને કામ કિશ્યાનું. મ્હારો ૪
અધ્યાતમ રવિ ઊગ્યો મુજ ઘટ,
મોહ તિમિર હર્યું જુગતે;
વિમલવિજય વાચકનો સેવક,
રામ કહે શુભ ભગતે. મ્હારો ૫

---

## મહાવીર સ્વામીનું સ્તવન

ત્રિશલાદે ગોદ ખિલાવે છે,
ત્રિશલાદે ગોદ ખિલાવે છે;

વીર જિણંદ જગત કિરપાલા,
તેરા હી દર્શ સુહાવે છે. (૧)
આ મેરે વ્હાલા ત્રિભુવનપાલા;
ઠુમક ઠુમક ચલ આવે છે. (૨)
પારણે પોઢ્યો ત્રિભુવન નાયક;
ફિર ફિરકે કંઠ લગાવે છે. (૩)
આવો સખી મુજ નંદન દેખો;
જગતૂ ઉદ્યોત કરાવે છે. (૪)
આતમ અનુભવ રસકે દાતા,
ચરણ શરણ તુમ ભાવે છે. (૫)

## શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

સિદ્ધાચલ વંદોરે નરનારી,
વિમલાચલ વંદોરે નરનારી;
નાભિરાયા મરૂદેવીકો નંદન,
ઋષભદેવ હિતકારી. (૧)

પુંડરીક પમુહા મુનિવર સિધ્યા,
આત્મ તત્વ વિચારી (૨)

શિવસુખ કારણ, ભવદુઃખ વારણ,
ત્રિભુવન જન હિતકારી. (૩)

સમકિત શુદ્ધકરણ એ તીરથ,
મોહ મિથ્યાત્વ નિવારી. (૪)

જ્ઞાન ઉદ્યોત પ્રભુ કેવલધારી,
ભક્તિ કરું એક તારી. (૫)

---

## અથ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન સ્તવન

( તાપી નાણાનું પુણ્ય–એ દેશી )

એહિજ ઉત્તમ કામ,
બીજું મુને કાંઇ ન ગમે;
સુકૃત કમાઇ ફલ પત પાઇ,
પામું પ્રભુનું નામ. બીજું ૧

ધન પખવાડો ધન તે દહાડો
ધન તે ઘડી લય જામ. બીજું
સાર સંસારમેં એહિજ જાણું,
જે જપિયે જિન નામ. બીજું ૨

ધન તે ગામનગર વર પટ્ટણ
પુર સંબોધન ઠામ. બીજું
તેહિજ ભુવન વિમાન અમાન ગુણ,
જિહાં હોય જિનવર ધામ. બીજું ૩

કષ્ટક્રિયા સવિ તુમ વિણુ નિષ્ફળ,
જ્યું ગગને ચિત્રામ. બીજું
જે તુમ ચાર નિક્ષેપે ધીઠા,
કરણી તસ સવિ વામ. બીજું ૪

તુમ આણા વિણુ તેવે કાંઇ,
ભણુ અસંખ બદામ. બીજું
તે ખસિયા પરે હાથ ઘસે નર,
દુઃખ લહે જિમ ગદપામ. બીજું ૫

પાસ શંખેશ્વર પરતા પૂરણ,
પુહવીએ દશ શત ધામ. બીજું
જ્ઞાનવિમલ પ્રભુ સંગતિ એહિજ,
લાખ કોડિ નિધિ દામ. બીજું ૬

---

## ઋષભદેવ ભગવાનનું સ્તવન

બાલુડો નિઃસ્નેહી થઇ ગયો રે,
છોડયું વિનીતાનું રાજ–છોડયું...
સંયમ રમણી આરાધવા,
લેવા મુકિતનું રાજ–લેવા...
મેરે દિલ વસી ગયો બાલમો.
માતાને મેલ્યાં એકલાં રે,
જાએ દીન નવિ રાત–જાએ...
રત્ન સિંહાસન બેસવા,
ચાલે અડવાણે પાય–ચાલે...
મેરે દિલ વસી ગયો વાલમો.

વ્હાલાનું નામ નવિ વિસરે રે,
ઝરે આંસુડાંની ધાર-ઝરે...
આંખલડી છાયા વળી,
ગયાં વરસ હજાર-ગયાં...
મેરે દિલ વસી ગયો વાલમો.
કેવલ રત્ન આપી કરી રે,
પૂરી માતાની આશ-પૂરી...
સમવસરણુ લીલા જોઇને,
સાધ્યાં આતમ કાજ-સાધ્યાં...
ભકત વત્સલ ભગવંતને રે,
નામે નિર્મળ કાય-નામે...
આદિ જિણુંદ આરાધતા,
મહિમા શિવસુખ થાય-મહિમા...
મેરે દિલ વસી ગયો વાલમો.

## અષ્ટાપદજીનું સ્તવન

અષ્ટાપદ ગિરિ યાત્રા કરણકું,
રાવણુ પ્રતિહારી આયા;
પુષ્પક નામ વિમાને બેસી,
મંદોદરી સહાયા.
શ્રી જિન પૂજી લાલ, સમકિત નિર્મલ કીજે,
હૈડે હરખી લાલ સમતા સંગ કીજે;
નયણે નિરખી લાલ નરભવ સફલો કીજે.
ચઉમુખ ચઉગત હરણુ પ્રાસાદે,
ચોવીશે જિન બેઠા;
ચિંહુ દિશી સિંહાસન સમ નાસા,
પૂર્વ દિશી દોય જીઠા. શ્રી૦
સંભવ આદિ દક્ષિણ ચારે,
પશ્ચિમે આઠ સુપાસા;
ધર્મ આદિ ઉત્તર દિશી જાણો,
એવા જિન ચઉવીસા. શ્રી૦

બેઠા સિંહતણે આકારે,
જિણહર ભરતે કીધો;
રયણ બિંબ મૂર્તિ સ્થાપીને,
જગજશ વાદ પ્રસિદ્ધો. શ્રી૦

કરે મંદોદરી રાણી નાટક,
રાવણ તંતી બજાવે;
માદલ વીણા તાર તંબુરા,
પગરવ ઠમ ઠમકાવે. શ્રી૦

ભકિત ભાવશું એમ નાટક કરતાં,
ત્રુટી તંતી વિચાલે;
સાંધી આપ નસા નિજ કરની,
લઘુ કળાશ્યું તત્કાલે. શ્રી૦

દ્રવ્ય ભાવશું ઈમ ભકિત ન ખંડી,
તો અક્ષયપદ સાધ્યું;
સમકિત સુરતરુ ફળ પામીને,
તીર્થંકર પદ બાંધ્યું. શ્રી૦

એણી પરે ભવિ જન જે જિન આગે,
બહુ પરે ભાવના ભાવે;
જ્ઞાનવિમલ ગુણ એહના અહર્નિશ,
સુર નર નાયક ગાવે. શ્રી

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું સ્તવન

( વિમલાચલ વિમલા પ્રાણી–એ રાગ )

નિત્ય સમરૂં સાહેબ સયણાં,
નામ સુણતાં શીતલ વયણાં,
ગુણ ગાતાં ઉલસે નયણાંરે,
શંખેશ્વર સાહીબ સાચો,
બીજાનો આસરો કાચો રે,
શંખેશ્વર સાહેબ. ૧
દ્રવ્યથી દેવ દાનવ પૂજે,
ગુણ સંચિત સો પણ લીજે,
અરિહાપદ પર્યવ છાજે,

મુદ્રા પદ્દમાસન રાજેરે,
શં૦ સા૦ ૨

સંવેગ તજી ઘરવાસો,
પ્રભુ પાર્શ્વના ગણધર થાશો,
તવ મુક્તિપુરીમાં જાશો,
ગુણ લોકમાં વયણાં ગવાશોરે,
શં૦ સા૦ ૩

એમ દામોદર જિન વાણી,
અષાઢી શ્રાવકે જાણી,
જિન વંદીને નિજ ઘર આવે,
પ્રભુ પાર્શ્વની પ્રતિમા ભરાવેરે,
શં૦ સા૦ ૪

ત્રણ કાળ તે ધૂપ ઉખેવે,
ઉપકારી શ્રી જિન સેવે,
પછી તેહ વૈમાનિક થાવે,
તેહ પ્રતિમા તિહાં લાવેરે,
શં૦ સા૦ ૫

ઘણા કાળ પૂજી બહુમાને,
વળી સૂરજ ચંદ્ર વિમાને,
નાગ લોકના કષ્ટ નિવાર્યા,
જ્યારે પાર્શ્વ પ્રભુ પધાર્યારે,
શં૦ સા૦ ૬

યદુસેન રહ્યું રણુ ઘેરી,
જીત્યા નવિ જાએ વૈરી,
જરાસંગે જરા તવ મેલી,
હરી બળ વિના સઘળે ફેરીરે,
શં૦ સા૦ ૭

નેમીશ્વર ચોકી વિશાળી,
અઠ્ઠમ કરે વનમાળી,
તુઠી પદ્દમાવતી બાળી,
દીએ પ્રતિમા ઝાકઝમાળીરે,
શં૦ સા૦ ૮

પ્રભુ પાર્શ્વની પ્રતિમા પૂજી,
બળવંત જરા તવ ધ્રુજી,

છંટકાવ ન્હવણુ જળ જ્યોતિ,
જાદવની જરા જાય રોતીરે,
શં૦ સા૦ ૯

શંખપુરી સહુને જગાવે,
શંખેશ્વર ગામ વસાવે,
મંદિરમાં પ્રભુ પધરાવે,
શંખેશ્વર નામ ધરાવેરે,
શં૦ સા૦ ૧૦

રહે જે જિનરાજ હજૂરે,
સેવક મન વાંછિત પૂરે,
એ ભેટણુ પ્રભુજીને છાજે,
શેઠ મોતીભાઇના રાજેરે,
શં૦ સા૦ ૧૧

તેના માણેક કેરા નંદ,
સંઘવી પ્રેમચંદ વીરચંદ,

રાજનગરથી સંઘ ચલાવે,
ગામોગામના સંઘ મિલાવેરે,
શં૦ સા૦ ૧૨
અઢાર ઇઠ્ઠોતેર વર્ષે,
ફાગણ વદી તેરસ દિવસે,
જિન વંદીને આણંદ પાવે,
શુભવીર વચન રસ ગાવેરે,
શં૦ સા૦ ૧૩

---

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું સ્તવન

પ્રભુ જગજીવન જગબંધુરે,
સાંઇ સયાણોરે,
તારી મુદ્રાએ મન માન્યુંરે,
જૂઠ ન જાણોરે, સાંઇ સ. ૧
તું પરમાતમ તું પરમેશ્વર,
તું પરબ્રહ્મ સ્વરૂપી,

સિદ્ધસાધક સિદ્ધાન્ત સનાતન
    તું ત્રય ભાવે પ્રરૂપીરે. સાંઇ સ. ૨
તાહરી પ્રભુતા તીહું જગમાંહે,
    પણ તુજ પ્રભુતા મોટી,
તુમ સરીખો મારે મહારાજા,
    તેમાં કાંઇ નવી ખોટીરે. સાંઈ સ. ૩
તું નિર્દ્રવ્ય પરમ પદવાસી,
    હું તો દ્રવ્યનો ભોગી,
હું નિર્ગુણ તું ગુણધારી,
    હું કર્મી, તું અભોગીરે. સાંઇ સ. ૪
તું તો અરૂપી, ને હું રૂપી,
    હું રાગી, તું નીરાગી,
તું નિર્વિષ, હું વિષધારી,
    હું સંગ્રહી તું ત્યાગીરે. સાંઈ સ. ૫
તારે રાજ નથી કાંઇ એકે,
    ચોદ રાજ છે મારે,

મારી લીલા આગળ પ્રભુજી,
શું છે અધિકું તારેરે. સાંઇ સ. ૬
પણ તું મોટો, ને હું છોટો,
ફોગટ ફુલે, શું થાએ,
ખમજો એ અપરાધ અમારો,
ભકિત વશે કહેવાયરે. સાંઇ સ. ૭
શ્રી શંખેશ્વર વામાનંદન,
ઉભા ઓલગ કીજે,
રૂપ વિબુધનો મોહન પભણે,
ચરણોની સેવા દિજેરે. સાંઇ સ. ૮

---

## શ્રી અજિતનાથ જિન સ્તવન.

પ્રીતલડી બંધાણીરે, અજિત જિણંદશું,
પ્રભુ પાખે ક્ષણ, એકે મને ન સુહાયજો;
ધ્યાનની તાલીરે, લાગી નેહશું,
જલદ ઘટા જેમ શિવસુત વાહન દાયજો. પ્રીત૦ ૧

નેહ ઘેલું મન મારૂં રે પ્રભુ અલજે રહે,
તન ધન મન કારણથી એ મુજજો;
માહરે તો આધાર છે સાહેબ રાઉલો,
અંતરગતનું પ્રભુ આગળ કહું ગુંજજો. પ્રીત૦ ૨
સાહિબ તે સાચોરે, જગમાં જાણીએ,
સેવકનાં જે સ્હેજે સુધારે કાજજો;
એહવેરે આચરણે, કેમ કરી રહું,
બિરૂદ તુમારૂં તારણતરણ જહાજજો. પ્રીત૦ ૩
તારકતા તુજ માંહેરે, શ્રવણે સાંભળી,
તે ભણી હું આવ્યો છું, દીનદયાળજો;
તુજ કરૂણાની લહેરેરે, મુજ કારજ સરે,
શું ઘણું કહીએ, જાણ આગળ કૃપાલજો. પ્રીત૦ ૪
કરૂણા દૃષ્ટી કીધીરે, સેવક ઉપરે,
ભવભય ભાવઠ, ભાંગી ભકિત પ્રસંગજો;
મનવંછિત ફલિયારે, જિન આલંબને,
કર જોડીને મોહન, કહે મનરંગજો. પ્રીત૦ ૫

## શ્રી સીમંધર જિન સ્તવન.

તારી મૂરતિએ જગ મોહ્યુંરે,
મનના મોહનીયા;
તારી સુરતિએ જગ સોહ્યું રે,
જગના જીવનીયા,
તુમ જોતાં સવિ દુરમતિ વિસરી,
દિન રાતડી નવી જાણી;
પ્રભુ ગુણ ગણ સાંકળશું બાંધ્યું,
ચંચલ ચિત્તડું તાણી રે. મ૦ ૧
પહેલાં તો એક કેવલ હરખે,
હેજાળું થઇ હળીયો;
ગુણ જાણીને રૂપે મિલિઓ,
અભ્યંતર જઇ ભળિઓ રે. મ૦ ૨
વીતરાગ ઇમ જસ નિસુણીને,
રાગી રાગ કરેહ;
આપ અરૂપી રાગ નિમિત્તે,
દાસ અરૂપ ધરેહ રે. મ૦ ૩

શ્રી સીમંધર તું જગબંધુ,
સુંદર તાહરી વાણી;
મંદર ભૂધર અધિક ધીરજ ધર,
વંદે તે ધન્ય પ્રાણી રે. મ૦ ૪
શ્રી શ્રેયાંસ નરેસર નંદન,
ચંદન શીતલ વાણી;
સત્યકી માતા વૃષભ લંછન પ્રભુ,
જ્ઞાનવિમલ ગુણખાણી. મ૦ ૫

---

## સિદ્ધાચળજીનો મહિમા

નયરી અયોધ્યાથી સંચર્યાએ,
લેઇ લેઇ રિદ્ધિ અસેસ;
ભરત નૃપ ભાવશું એ,
શત્રુંજય યાત્રા રંગ ભરે એ.
આવે આવે ઉલટ અંગ,
ભરત નૃપ ભાવશું એ;

આવે આવે રિખવનો પુત્ર,
વિમળગિરિ જાત્રાએ એ,
લાવે ચક્રવર્તીની રિદ્ધ—ભરત.
મંડલિક મુગટ વર ધન ઘણાએ,
બત્રીસ સહસ નરેશ—ભરત.
ઢમ ઢમ વાજે છંદશુંએ,
લાખ ચોરાશી નિશાન—ભરત.
લાખ ચોરાશી ગજ તુરીએ,
તેના રત્નજડિત પલાણ—ભરત.
લાખ ચોરાશી રથ ભલાએ,
વૃષભ ધોરી સુકુમાલ—ભરત.
ચરણે ઝાંઝર સોનાતણાએ,
કોટે સોવન ઘુઘરમાલ—ભરત.
બત્રીસ સહસ નાટક કહીએ,
ત્રણ લાખ મંત્રી દક્ષ—ભરત.
દીવીધરા પાંચ લાખ કહ્યા એ,
સોલ સહસ કરે સેવા—ભરત.

દશ કોડી આલંબ ધજાધરાએ,
પાયક છન્નું કોડિ—ભરત.
ચોસઠ સહસ અંતેઉરીયે,
રૂપે સરખી જોડી—ભરત.
એક લાખ સહસ અઠાવીસએ,
વારાંગના રૂપ નિહાલ—ભરત.
શેષ તુરંગમ સર્વે મિલીએ,
કોડી અઢાર નિહાલ—ભરત.
ત્રણ કોડી સાથે વ્યવહારીઆએ,
બત્રીસ કોડી સ્વાર—ભરત.
શેઠ સાર્થવાહ સામટાએ,
રાય રાણા નહિ પાર—ભરત.
નવનિધિ ચૌદ રયણ ભલાએ,
લીધો લીધો સવિ પરિવાર—ભરત.
સંઘપતિ તિલક સોહામણુંએ,
ભાલે ધરાવ્યું સાર—ભરત.

પગે પગે કરમ નિકંદનાએ,
આવ્યા આસન જામ—ભરત.
ગિરિ પેખી લોચન કર્યાંએ,
ધન્ય ધન્ય શેત્રુંજા નામ—ભરત.
સોવન ફૂલા મુગતાફલેએ,
વધાવ્યો ગિરિરાજ—ભરત.
દેઇ પ્રદિક્ષણા પાગથીએ,
સિધ્યાં સઘળાં કાજ—ભરત.

---

**શ્રી સિદ્ધગિરિમંડન આદિ જિન સ્તવન.**

આંખડીએ રે મેં આજ, શેત્રુંજો દીઠો રે,
સવા લાખ ટકાનો દહાડો રે, લાગે મને મીઠો રે.
સફળ થયો રે મારા મનનો ઉમાયો,
વ્હાલા મારા ભવનો સંશય ભાંગ્યો રે;
નરક તિર્યંચ ગતિ દૂર નિવારી,
ચરણે પ્રભુજીને લાગ્યો રે. શેત્રુંજો૦

માનવ ભવનો લાહો લીજે,
વ્હાલા મોરા દેહડી પાવન કીજે રે;
સોના રૂપાને ફૂલડે વધાવી,
પ્રેમે પ્રદક્ષિણા દીજે રે. શેત્રુંજો૦

દુધડે પખાલી ને કેસર ઘોળી,
વ્હાલા મારા આદેશ્વર પૂજ્યા રે;
શ્રી સિદ્ધાચળ નયણે જોતાં,
પાપ મેવાસી ધ્રુજ્યા રે. શેત્રુંજો૦

શ્રીમુખ સુધરમા સુરપતી આગે,
વ્હાલા મારા વીર જિણંદ એમ બોલે રે;
ત્રણ ભુવનમાં તીરથ મ્હોટું,
નહીં કોઇ શેત્રુંજા તોલે રે. શેત્રુંજો૦

ઇન્દ્ર સરીખા એ તીરથની રે,
વ્હાલા મારા ચાકરી ચિત્તમાં ચાહે રે;
કાયાની તો કાસલ કાઢી,
સુરજકુંડમાં નાહ્યા રે. શેત્રુંજો૦

કાંકરે કાંકરે જીવ સિદ્ધક્ષેત્રે,
વ્હાલા મારા સાધુ અનંતા સિદ્ધા રે;
તે માટે એ તીરથ મ્હોટું,
ઉદ્ધાર અનંતા કીધા રે. શેત્રુંજો૦
નાભિરાયા સુત નજરે જોતાં,
વ્હાલા મારા મેહ અમીરસ વુઠા રે;
ઉદયરતન કહે આજ મ્હારે પોતે,
શ્રી આદેસર તુઠા રે. શેત્રુંજો૦

---

## શાન્તિનાથ સ્તવન.

શાન્તિ જિનેશ્વર સાહિબારે,
શાંતિતણો દાતાર;
અંતરજામી છે માહરા રે,
આતમના રે આધાર. શાન્તિ૦ ૧
ચિત્ત ચાહે પ્રભુ ચાકરી રે,
મન ચાહે મળવાને કાજ;

નયન ચાહે પ્રભુ નિરખવા રે,
દ્યો દરિશન મહારાજ. શાન્તિ૦ ૨

પલક નહિ વીસરું પ્રભુ મનથકી,
જેમ મોરા મન મેહ;
એક પખો કેમ રાખીએ રે ?
રાજ કપટનો નેહ. શાન્તિ૦ ૩

નયણે નજર નિહાલતાં રે,
વાધે બમણો વાન;
અખૂટ ખજાનો પ્રભુ તાહરો રે,
દીજીએ વંછિત દાન. શાન્તિ૦ ૪

આશ કરે જે કોઇ આપણી રે,
ન મૂકીએ નિરાશ;
સેવક જાણીને આપણો રે,
દીજીએ તાસ દિલાસ. શાન્તિ૦ ૫

દાયકને દેતા થકાં રે,
ખીણુ નવી લાગે વાર;

કાજ સરે નિજ દાસના રે,
એ મોટો ઉપગાર. શાન્તિ૦ ૬
એવું જાણીને જગધણી રે,
દીલમાંહી ધરજ્યો પ્યાર;
રૂપવિજય કવિરાજનો રે,
મોહન જય જયકાર. શાન્તિ૦ ૭

---

## વર્ધમાનસ્વામી સ્તવન.

ગિરૂઆરે ગુણ તુમ તણા,
શ્રી વર્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે,
માહરી નિર્મળ થાયે કાયા રે. ગિ૦ ૧
તુમ ગુણ ગણ ગંગાજલે,
હું ઝીલી નિર્મળ થાઉં રે;
અવર ન ધંધો આદરૂં,
નિશ દિન તોરા ગુણ ગાઉં રે. ગિ૦ ૨

ઝીલ્યા જે ગંગાજલે,
　　તે છીલર જલ નવી પેસે રે;
જે માલતી ફૂલે મોહીઆ,
　　તે બાઉલ જઇ નવિ બેસે રે. ગિ૦ ૩
એમ અમે તુમ ગુણ ગોઠશું,
　　રંગ રાચ્યાને વલી માચ્યા રે;
તે કેમ પર સુર આદરે,
　　જે પરનારી વશ રાચ્યા રે. ગિ૦ ૪
તું ગતિ તું મતિ આસરો,
　　તું આલંબન મુજ પ્યારો રે;
વાચક જશ કહે માહરે,
　　જીવ જીવન આધારો રે. ગિ૦ ૫

---

## સામાન્ય જિન સ્તવન.

સકલ સમતા સુરલતાનો,
　　તુંહી અનુપમ કંદ રે;

તુંહી કૃપારસ કનકકુંભો,
તુંહી જિણંદ મુણીંદ રે. પ્રભુ૦ ૧
પ્રભુ તુંહી તુંહી તુંહી તુંહી,
તુંહી ધરતા ધ્યાન રે;
તુંજ સ્વરૂપી જે થયા,
તેણે લહ્યું તાહરૂં તાન રે. પ્રભુ૦ ૨
તુંહી અલગો ભવથકી પણ,
ભવિક તાહરે નામ રે;
પર ભવનો તેહ પામે,
એહ અચરીજ ઠામ રે. પ્રભુ૦ ૩
જન્મ પાવન આજ માહરો,
નિરખીયો તુજ નૂર રે;
ભવોભવ અનુમોદના જીન,
હુઓ આપ હજૂર રે. પ્રભુ૦ ૪
એક માહરે અખય આતમ,
અસંખ્યાત પ્રદેશ રે;

તાહરા ગુણુ છે અનંતા,
　　　　કીમ કરૂં તાસ નિવેશ રે. પ્રભુ૦ ૫

એક એક પ્રદેશે તાહરે,
　　　　ગુણુ અનંતનો વાસ રે;
એમ કરી તુજ સહજ મીલત,
　　　　હુએ જ્ઞાન પ્રકાશ રે. પ્રભુ૦ ૬

ધ્યાન ધ્યાતા ધ્યેય એક,
　　　　એકી ભાવે હોય એમ રે;
એમ કરતાં સેવ્ય સેવક,
　　　　ભાવ હોએ ક્ષેમ રે. પ્રભુ૦ ૭

શુદ્ધ સેવા તાહરી જે,
　　　　હોય અચલ સ્વભાવ રે;
જ્ઞાનવિમલ સૂરીંદ પ્રભુતા,
　　　　હોય સુજશ જમાવ રે. પ્રભુ૦ ૮

# શ્રી વાસુપૂજ્યસ્વામી સ્તવન.

સ્વામી તુમે કાંઇ કામણુ કીધુ',
ચિતડું અમારૂં ચોરી લીધું;
સાહીબા વાસુપૂજ્ય જિણંદા,
મોહના વાસુપૂજ્ય. આંકણી.

અમે પણુ તુમશું કામણુ કરશું,
ભગતી ગ્રહી મન ઘરમાં ધરશ્યું. સ૦ ૧

મન ઘરમાં ધરીઆ ઘર શોભા,
દેખત નીત રહશ્યું થીર થોભા;
મન વૈકુંઠ અકુંઠિત ભગતી,
યોગી ભાખે અનુભવ યુગતી. સા૦ ૨

કલેશે વાસિત મન સંસાર,
કલેશ રહીત મન તે ભવ પાર;
જો વિશુદ્ધ મનઘર તુમે આયા,
પ્રભુ તો અમે નવનીધ રીધ પાયા. સા૦ ૩

સાત રાજ અલગા જઇ બેઠા,
પણ ભગતે અમ મનમાં પેઠા;
અલગાને વલગા જે રહેવું,
તે ભાણા ખડખડ દુઃખ સહેવું. સા૦ ૪
ધ્યાયક ધ્યેય ધ્યાન ગુણ એકે,
ભેદ છેદ કરશ્યું હવે ટેકે;
ખીર નીર પરે તુમ શું મીલશું,
વાચક જશ કહે હેજે હલશું. સા૦ ૫

---

## મહાવીર જિન સ્તવન.

પ્રભુજી વિર જિણંદને વંદીએ,
ચોવીસમો જિનરાય; હો ત્રિશલાના જાયા,
પ્રભુજીને નામે નવનિધ સંપજે;
ભવ દુઃખ સવી મીટી જાય. હો ત્રિશ૦ જાયા. ૧
પ્રભુજી કંચનવાન કર સાતનો,
જગ તાતનો એટલો માન; હો ત્રિશ૦

પ્રભુજી મૃગપતિ લંછન રાજતો,
ભાંજતાં મદ ગજ માન. હો ત્રિશ૦ જાયા. ૨

પ્રભુજી સિદ્ધારથ ભગવંત છો,
સિદ્ધારથ કુલ ચંદ; હો. ત્રિશ૦
પ્રભુજી ભક્તવચ્છલ ભવ દુઃખહરૂ,
સુરતરૂ સમ સુખકંદ. હો ત્રિશ૦ જાયા. ૩

પ્રભુજી ગંધાર બંદર ગુણનીલો,
જગ તાત તું જગદીશ; હો. ત્રિશ૦
પ્રભુજી દર્શન દેખીને ચિત્ત ઠર્યું,
સર્યું મુજ વળી કાજ. હો ત્રિશ૦ જાયા. ૪

પ્રભુજી શિવનગરીનો રાજીઓ,
જગતારણ જિનદેવ. હો ત્રિશ૦
પ્રભુજી રંગવિજયને આપજો,
ભવભવ તુમ પાય સેવ. હો ત્રિશ૦ ૫ ઇતિ.

## સમેતશિખર સ્તવન.

રાગ—ઝીંઝોટીની ઠુમરી.

સમેતશિખર ચાલો જઇએ,
મોરી સજની. સમેત૦ ટેક.
દેશદેશ કે જાત્રુ આવે,
અતી સુખ ચહીએ. મોરી સજની. સ૦ ૧
વીસે ટુંકે વીસ જિનેશ્વર,
વંદીને પાવન થઇએ. મોરી સજની. સ૦ ૨
મન વચ કાયા પ્રદક્ષણા દે કર,
મુક્તી પરમ પદ ગ્રહીએ. મોરી સજની. સ૦ ૩

---

## શ્રી ધર્મનાથજીનું સ્તવન.

થાશું પ્રેમ બન્યો છે રાજ,
નીરવહશ્યો તો લેખે;
મેં રાગી તુમે નીરાગી,
અણજુગતે હોવે હાસી;

એક પખો જે નેહ નીરવહીએ,
તેહમાં વસી શાબાસી. થા૦ ૧
નીરાગી સેવ્યો કાંઇ હોવે,
એમ મનમાં નવી આણું;
ફલે અચેતન પણ જેમ સુરમણી,
તેમ તુમ ભગતી પ્રમાણું, થા૦ ૨
ચંદન શીતલતા ઉપજાવે,
અગની તે સીત મટાવે;
સેવકનાં તેમ દુઃખ ગમાવે,
પ્રભુ ગુણ પ્રેમ સ્વભાવે. થા૦ ૩.
વ્યસન ઉદય જે જલધિ અણુંહરે,
શશિને તેજ સંબંધે;
અણુસંબંધે કુમુદ અણુહરે,
શુધ સ્વભાવ પ્રબંધે. થા૦ ૪
દેવ અનેરા તુમથી છોટા,
થેં જગમાં અધિકેરા;

જશ કહે ધર્મ જિનેશ્વર થાસુ,
દીલ માન્યા હે મેરા. થા૦ ૫.

## ગોડી પાર્શ્વનાથ સ્તવન.

મીલાવના મીલાવના મીલાવના રે,
ગોડીજી કો હી દરશ મીલાવના. ટેક.
અનુભવ મેવા ભજલે પ્રભુજી,
ઉન મોહે દરસ દેખાવના રે. ગોડીજી૦ ૧
અંતરયામી અંતર નિરખ્યો,
દો દરીશન સુખ પાવના રે. ગોડીજી૦ ૨
રામ વિબુધ કહે જિન પ્રભુ પ્યારા,
તન કા તાપ મીટાવના રે. ગોડીજી૦ ૩

## નેમનાથજીનું સ્તવન.

તોરણ આવી રથ ફેરી ગયા રે હાં,
પશુઆં દેઇ દોષ, મેરે વાલમા,

નવભવ નેહ નીવારીઓ રે હાં,
શું જોઇ આવ્યા જોષ. મે૦ ૧
ચંદ્ર કલંકી જેહથી રે હાં
હાં રામને સીતા વિયોગ મે૦
તેહ કુરંગને વયણુડેરે હાં,
પતિ આવે કુણુ લોગ. મે૦ ૨
ઉતારી હું ચિત્તથી રે હાં,
મુક્તિ ધુતારી હેત, મે૦
સીદ્ધ અનંતે ભોગવી રે હાં,
તેહશું કવણુ સંકેત. મે૦ ૩
પ્રીત કરંતાં સોહલી રે હાં,
નીરવહેતાં જંજાલ, મે૦
જેહવો વ્યાલ ખેલાવવો રે હાં,
જેહવી અગનની જાલ. મે૦ ૪
જો વિવાહ અવસર દીજીરે હાં,
હાથ ઉપર નવી હાથ, મે૦

તો દીક્ષા અવસર દીજીએ રે હાં,
શીર ઉપર જગનાથ. મે૦ ૫
એમ વલવલતી રાજુલ ગઇ રે હાં,
નેમી કન્હે વ્રત લીધ, મે૦
વાચક જશ કહે પ્રણમીએ રે હાં,
એ દંપતી હોય સીદ્ધ. મે૦ ૬

## સાસુ વહુનું સ્તવન.

હિરાબાઇ સાસુને વીરાબાઇ વહુજી,
દરશન કરવાને જાયજો,
વહુ ઊંચા ને બારણું નીચા,
દેખી શીશ નમાય, સજન સુણજોજી. ૧
બાઇજી શિખર મોહોલ બંધાવીઆ,
ને બારણાં નીચા કીધાં રે,
સાંભળ સાસુ રીસ ચઢાવી,
વહુએ મેહેણાં દીધા, સજન૦ એક૦
સાસુને વહુ સુણો વાદ. સજન૦ ૨

જો વહુજી તમારી હોંસ હોય તો,
પીયરથી દ્રવ્ય મંગાવો રે,
નાના મોટા સમજીને કરજો,
મોટા શિખર બંધાવો. સાજન૦ એક૦ ૩
સાસુના મેહેણા વહુએ ઉપર કર્યાને,
પીયરથી દ્રવ્ય મંગાવ્યા રે,
સંવત સોળ પંચાણું રે વહુએ,
મોટા શિખર બંધાવ્યા, સજન૦ એક૦ ૪
પાંચ વરસના બાવન જુવાળાને,
દેવે કીરત બનાવી રે,
સંવત સોળ પંચાણું રે
વહુએ મોટી મુરત બનાવી. સજન૦ એક૦ ૫
તપગચ્છ ઉપર હીર સુરીસર,
તે પણ તઇઆં આવે રે,
રતનતિલક પરસાદ કરાવી,
ઉત્તમ નામ સુહાવે. સજન૦ એક૦ ૬

## દિવાળી સ્તવન.

રમતી ઝમતી અમુને સાહેલી,
બેહુ મલી લીજીએ એક તાલી રે,
સખી આજ અનોપમ દિવાળી,
લીલ વીલાસી પુરણુ માસે,
પોશ દશમની શી રઢીયાળી રે. સ૦
પશુ પંખી વશીઆ વનવાસે,
તે પણુ સુખીયા સમકાલી રે. સ૦
એણી રાત્રે ઘેર ઘેર ઓછવ હોશે,
સુખીયા જગતમાં નર નારી રે. સ૦ ૨
ઊત્તમ ગ્રહ વૈશાખા જોગે,
જનમ્યા પ્રભુજી જયકારી રે,
સાતે નરકે થયાં અજવાળા,
થાવરને પણુ સુખકારી રે. સ૦ ૩
માતા નમી આવે દીગકુમરી,
અધો લોકની વસનારી રે, સ૦

સુતીઘર ઇશાને કરતી,
જોજન એક અશુચિ ટાલી રે. સ૦ ૪
ઉર્ધ્વ લોકની આઠજ કુમરી,
વરસાવે જલ કુસુમાલી રે, સ૦
પુરવ રૂચક આઠ દરપણ ધરતી,
દક્ષણુની અડ કલસાલી રે. સ૦ ૫
અડ પછમની પંખા ધરતી,
ઉપર આઠ ચમર ઢાળી રે, સ૦
વિદિશીની ચઊદ દીપક ધરતી,
રૂચક દીપની ચૌ બાલી રે, સ૦ ૬
કેળતણા ઘર ત્રણ કરીને,
મરદન સ્નાન અલંકારીરે, સ૦
રક્ષા પોટલી બાંધી બેહુને,
મંદર મેહેલ્યા શણુગારી રે. સ૦ ૭
પ્રભુ મુખ કમળે અમરી ભમરી,
રાસ રમંતી લટકારી રે. સ૦

પ્રભુ માતા તું જગતની માતા,
જગ દિપકની કરનારી રે. સ૦ ૮
માજી તુજ નંદન ઘણું જીવો,
ઉત્તમ જીવને ઉપગારી રે, સ૦
છપ્પન દિગ્કુમરી ગુણ ગાતી,
શ્રી શુભવીર વચન સાલી રે. સ૦ ૯

---

## શ્રી આદિનાથ ભગવંતનું સ્તવન.

રાગ–ઓધવજી સંદેશો કહેજો મારા શ્યામને.

રૂષભ જીનેશ્વર સ્વામી રે અરજી માહરી,
અવધારો કંઇ ત્રણ ભુવનના દેવ જો;
કરૂણાનંદ અખંડ રે જયોતી સ્વરૂપ છો,
એહવા જોઇને મેં આદરી તુમ સેવ જો. ૧
લાખ ચોરાશી યોની રે વારોવાર હું ભમ્યો,
ચોવીશે દંડકે ઊભગ્યું મારૂં મન જો;
નિગોદાદિક ફરસી રે સ્થાવર હું થયો,
એમ રે ભમતો આવ્યો વિગલેંદ્રી ઊપન્ન જો. ૨

તિર્યંચ પંચેંદ્રી તણા રે ભવ મેં બહુ કર્યાં,
ફરસી ફરસી ચૌદ રાજ મહારાજ જો;
દશ દ્રષ્ટાંતે દોહીલો મનુષ્ય જન્મ અવતર્યો,
એમ રે ચઢતો આવ્યો શેરીએ શિવકાજ જો. ૩
જગત તણા બંધવ રે જગ સથ્થવાહ છો,
જગત ગુરૂ જગરખ્ખણ એ દેવ જો;
અજરામર અવિનાશી રે જ્યોતી સ્વરૂપ છો,
સુરનર કરતાં તુજ ચરણની સેવ જો. ૪
મરુદેવીના નંદન રે વંદના માહરી,
અવધારો કંઇ પ્રભુજી મહારાજ જો;
ચૌદ રાજનો ઉચ્છીષ્ટ પ્રભુજી તારીયે,
દીજીયે રે કાંઇ વંછિત ફળ જિનરાજ જો. ૫
વંદના નિસુણી રે પરમ સુખ દીજીયે,
કીજીયે રે કંઇ જન્મ મરણ દુઃખ દૂર જો;
પદમવિજયજી સુપસાયે રે રૂષભ જિન ભેટીયા,
જીત વંદે કંઇ પ્રહ ઊગમતે સૂર જો. ૬

## શ્રી આદિજિન સ્તવન.

જગ ચિંતામણી જગ ગુરૂ,
જગત શરણુ આધાર લાલ રે;
અઢાર ક્રોડાક્રોડી સાગરે,
ધર્મ ચલાવણુહાર લાલ રે. ૧
અસાડ વદિ ચોથે પ્રભુ,
સ્વર્ગથી લીયે અવતાર લાલ રે;
ચૈત્ર વદિ આઠમ દિને,
જનમ્યા જગદાધાર લાલ રે. ૨
પાંચશે ધનુષની દેહડી,
સોવન વર્ણ શરીર લાલ રે;
ચૈત્ર વદી આઠમે લીયે,
સંયમ મહા વડવીર લાલ રે. ૩
ફાગણુ વદિ અગીયારશે,
પામ્યા પંચમ નાણુ લાલ રે,
મહા વદિ તેરશે શિવ વર્યા,
યોગ નિરોધ કરી જાણુ લાલ રે. ૪

લાખ ચોરાશી પૂર્વતણું,
જિનવર ઊત્તમ આયુ લાલ રે,
પદમવિજય કહે પ્રણમતાં
વહેલું શિવસુખ થાય લાલ રે. ૫.

## સ્તવન.

તમારા મુખડા ઉપર વારી લાલ લટકાળા,
લટકે ચંદનબાળાં તારી લાલ લટકાળા;
શૂળીનું સિંહાસન કીધું લાલ લટકાળા,
ત્યાં ઉગારયા સુદર્શન શેઠ લાલ લટકાળા;
ચરણે ચંડકોશીયો ડશીયો લાલ લટકાળા,
તે તો દેવલોકે જઇ વસીયો લાલ લટકાળા;
કુંવર અઇવંતો કંઇ નવ જાણે લાલ લટકાળા,
તે તો અવિચલ સુખને માંગે લાલ લટકાળા;
એવી રીત તમારી ન્યારી લાલ લટકાળા,
તમને સુરશશી બલિહારી લાલ લટકાળા.

## પાર્શ્વજિન સ્તવન.

પ્રભુ પાસ ચિંતામણિ મેરો, હાંરે પ્રભુ,
મીલ ગયો હીરો ને મીટ ગયો ઘેરો;
નામ જપું નિત તેરો રે. પ્રભુ૦ ૧
પ્રીત લગી મેરી પ્રભુસે પ્યારી,
જેશો ચંદ ચકોરો રે. પ્રભુ૦ ૨
આનંદઘન પ્રભુ ચરણ શરણ હૈ,
મુજે દીયો મુક્તિ કો ડેરો રે. પ્રભુ૦ ૩

---

## શ્રી પર્યુષણ પર્વનું સ્તવન.

સુણજો સાજન સંત પજુસણ આવ્યાં રે,
તમે પુન્ય કરો પુન્યવંત;
ભવિક મન ભાવ્યાં રે.
વીર જિણેસર અતિ અલવેસર,
વહાલા મારા પરમેશ્વર એમ બોલે રે;

પર્વમાંહે પજુસણુ મહોટાં,
અવર ન આવે તસ તોલે રે. ૫૦ તુ૦ ભ૦ ૧
ચૌપદમાંહે જેમ કેસરી મોટો, વા૦
ખગમાં ગરૂડ કહીએ રે;
નદીમાંહે જેમ ગંગા મોટી,
નગમાં મેરૂ લહીએ રે. ૫૦ ૨
ભૂપતિમાં ભરતેસર ભાખ્યો, વા૦
દેવ માંહે સુર ઇંદ્ર રે;
તીરથમાં શેત્રુંજો દાખ્યો,
ગ્રહગણુમાં જેમ ચંદ્ર રે. ૫૦ ૩
દશરા દીવાળી ને વળી હોળી, વા૦
અખાત્રીજ દીવાસો રે;
બળેવ પ્રમુખ બહુલા છે બીજા,
પણુ નહિ મુક્તિનો વાસો રે. ૫૦ ૪
તે માટે તમે અમર પળાવો, વા૦
અઠ્ઠાઇ મહોત્સવ કીજે રે;

છઠ્ઠ અઠ્ઠમ આદિ તપ કરીને,
નરભવ લાહો લીજે રે. પ૦ ૫

ઢોલ દદામા ભેરી ન ફેરી, વા૦
કલ્પસૂત્રને જગાવો રે;
ઝાંઝરનાં ઝમકાર કરીને,
ગોરીની ટોલી મળી આવો રે. પ૦ ૬

સોના રૂપાને ફૂલડે વધાવો, વા૦
કલ્પસૂત્રને પૂજો રે;
નવ વખાણ વિધિએ સાંભળતાં,
પાપ મેવાસી ધ્રૂજે રે. પ૦ ૭

એમ અઠ્ઠાઈનો મહોત્સવ કરતા, વા૦
બહુ જીવ જગ ઉદ્ધરિયા રે;
વિબુધ વિમળવર સેવક એહથી,
નવ નિધિ ઋદ્ધિ સિદ્ધિ વરિયા રે. ૮

## શ્રી અભિનંદન સ્વામીનું સ્તવન.

અભિનંદન જિન દરિસણ તરસીયેં,
દરિસણ દુર્લભ દેવ;
મત મત ભેદે રે જો જઈ પૂછીયેં,
સહુ થાપે અહમેવ. અ૦ ૧

સામાન્યે કરી દરિસણ દોહિલું,
નિર્ણય સકલ વિશેષ;
મદમાં ઘેર્યો રે અંધો કેમ કરે,
રવિ શશિ રૂપ વિલેખ. અ૦ ૨

હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઇયેં,
અતિ દુર્ગમ નયવાદ;
આગમ વાદે હો ગુરૂગમ કો નહીં,
એ સબલો વિખવાદ. અ૦ ૩

ઘાતી ડુંગર આડા અતિ ઘણા,
તુજ દરિસણ જગનાથ;

ધીઠાઈ કરી મારગ સંચરૂં,
    સેંગુ કોઇ ન સાથ. અ૦ ૪

દરિસણ દરિસણ રટતો જો ફિરૂં,
    તો રણ રોઝ સમાન;
જેહને પિપાસા હો અમૃત પાનની,
    કિમ ભાંજે વિષપાન. અ૦ ૫

તરસ ન આવે હો મરણ જીવનતણો,
    સીઝે જો દરિસણ કાજ;
દરિસણ દુર્લભ સુલભ કૃપાથકી,
    આનંદઘન મહારાજ. અ૦ ૬

## શ્રી ઋષભજીનું સ્તવન.

( રાગ મરાઠી )

ઋષભ જિણંદ વિમલગિરિ મંડન,
મંડન ધર્મ ધુરા કહીએ;

તું અકલ સ્વરૂપી,
જારકે કરમ ભરમ નિજ ગુણ લહીયે. ઋષભ૦ ૧

અજર અમર પ્રભુ અલખ નિરંજન,
ભંજન સમર સમર કહીયે;
તું અદ્ભુત યોદ્ધા,
મારકે કરમ ધાર જગ જસ લહીયે. ઋષભ૦ ૨

અવ્યય વિભુ ઇશ જનરંજન,
રૂપ રેખા બિન તું કહીયે;
શિવ અચર અનંગી,
તારકે જગજન નિજ સત્તા લહીયે. ઋષભ૦ ૩

શત સુત માતા સુત સુહંકર,
જગત જયંકર તું કહીયે;
નિજ જન સબ તારે,
હમોંસેં અંતર રખના ના ચાહીયે. ઋષભ૦ ૪

મુખડા ભીંચકે બેસી રહેના,
દીન દયાલકો ના ચાહીયે;

હમ તન મન ઠારો,
વચનસે સેવક અપના કહ દઇયે. ઋષભ૦ ૫
ત્રિભુવન ઇશ સુહંકર સ્વામી,
અંતરજામી તું કહીયે;
જબ હમકું તારો,
પ્રભુસે મનકી બાત સકલ કહીયે. ઋષભ૦ ૬
કલ્પતરૂ ચિંતામણિ જાચ્યો,
આજ નિરાશેં ના રહીયે;
તું ચિંતિતદાયક,
દાસકી અરજી ચિત્તમેં દઢ ગ્રહીયે. ઋષભ૦ ૭
દીન હીન પરગુણ રસરાચી,
શરણ રહિત જગમેં રહીયે;
તું કરૂણાસિંધુ,
દાસકી કરણા કયું નહિ ચિત્ત ગ્રહીયે. ઋષભ૦ ૮
તુમ બિન તારક કોઇ ન દીસે,
હોવે તો તુમકું કયું કહીયે;

યહી દિલમેં ઠાની,
તારકે સેવક જગમેં જસ લહીયે. ઋષભ૦ ૯
સાત વાર તુમ ચરણે આયા,
દાયક શરણુ જગત કહીયે;
અબ ચરણે બેસી,
નાથસેં મનવાંછિત સબ કુછ લહીયે. ઋષભ૦ ૧૦
અવગુણી માની પરિહરશા તા,
આદિ ગુણી જગકા કહીયે;
જો ગુણિજન તારે,
તા તેરી અધિકતા કયા કહીએ. ઋષભ૦ ૧૧
આતમ ઘટમેં ખાજ પિયારે,
બાહ્ય ભટકતે ના રહીયે;
તું અજ અવિનાશી,
ધાર નિજરૂપ આનંદઘન રસ લહીયે. ઋષભ૦ ૧૨
આતમાનંદી પ્રથમ જિનેશ્વર,
તેરે ચરણુ શરણુ ગ્રહીયે;

સિદ્ધાચલ રાજા,
સરે સબ કાજ આનંદ રસ પી લહીયે. ઋષભ૦ ૧૩

---

## શ્રી નેમિનાથનો ગરબો

હાંરે મેં જોઈ રીત પ્રીતની,
હાંરે દીસે વૃત્તિ તો ચળેલી તારા ચીતની હો જીરે
એ દેશી.

હાંરે ઘેર આવોની નેમ વરણાગીયા,
હાંરે પ્રભુ હમને તો વાહાલા તુમે લાગીયા જીરે;
આવોની નેમ વરણાગીયા. આંકણી
હાંરે શું કહીએ તે મોટા ભૂપને,
હાંરે હું તો મોહી છું તમારા રૂપને જીરે.
આવોની ૧
હાંરે વાહાલાના મીઠા તે મીઠા વેણુ છે,
હાંરે વહાલાની આંખલડીમાં ચેન છે જીરે.
આવોની ૨

વાહાલો મારો ચીતતણો એ ચોર છે,
હાંરે મારા કાળજડાની કોર છે જીરે.
આવોની ૩

હાંરે વાહાલે તોરણથી રથ વાળીયા,
હાંરે વાહાલાએ જાદવકુળ અજવાળીયા જીરે.
આવોની ૪

હાંરે વાહાલે પશુવા પર કરૂણા કરી,
હાંરે વાહાલે જીવદયા મનમાં ધરી જીરે.
આવોની ૫

હાંરે વહાલો મારો ગઢ ગિરનારજીના ઘાટમાં,
હાંરે મને નેમજી મળ્યા હતા સાથમાં જીરે.
આવોની ૬

હાંરે મારો રૂપચંદજી રંગે રમે,
હાંરે મારા મનના મનોરથ સરવે ફળ્યા જીરે.
આવોની ૭

## શ્રી મલ્લિનાથ સ્વામીનું સ્તવન.

[ સખિ! આવી દેવ દીવાલીરે–એ દેશી. ]

પંચમ સુરલોકના વાસીરે,
નવ લોકાંતિક સુવિલાસીરે;
કરે વિનતિ ગુણની રાશી,
મલ્લિ જિનનાથજી વ્રત લીજેરે;
ભવિ જીવને શિવસુખ દીજે.
મલ્લિ. એ આંકણી ૧

તુમે કરૂણારસ ભંડારરે,
પામ્યા છો ભવજલ પારરે;
સેવકનો કરો ઉદ્ધાર મલ્લિ. ૨

પ્રભુ દાન સંવત્સરી આપેરે,
જગના દારિદ્ર દુઃખ કાપેરે;
ભવ્યત્વપણે તસ થાપે મલ્લિ. ૩
સુરપતિ સઘલા મલી આવેરે,

મણિ રયણ સોવન વરસાવેરે;
પ્રભુચરણે શીશ નમાવે. મલ્લિ. ૪
તીર્થોદક કુંભા લાવેરે,
પ્રભુને સિંહાસન ઠાવેરે;
સુરપતિ ભકતે નવરાવે. મલ્લિ. ૫
વસ્ત્રાભરણે શણગારે રે,
ફૂલમાલા હૃદય પધરાવે રે;
દુઃખડાં ઈંદ્રાણી ઉવારે. મલ્લિ. ૬
મલ્યા સુરનર કોડાકોડીરે,
પ્રભુ આગે રહ્યા કર જોડીરે;
કરે ભક્તિ યુક્તિ મદમોડી. મલ્લિ. ૭
મૃગશિર સુદિની અજુઆલીરે,
એકાદશી ગુણની આલીરે;
વર્યા સંયમ વધૂ લટકાલી. મલ્લિ. ૮
દીક્ષા કલ્યાણક એહરે,
ગાતાં દુઃખ ન રહે રે;
લહે રૂપવિજય જસ નેહ. મલ્લિ. ૯

## શ્રી નેમિનાથ પ્રભુનું સ્તવન.

(અજિત જિણંદ શું પ્રીતડી—એ દેશી.)

પરમાતમ પૂરણકલા,
પૂરણ ગુણ હો પૂરણ જન આશ;
પૂરણ દૃષ્ટિ નિહાલીયે,
ચિત્ત ધરિયે હો અમચી અરદાસ. પરમા૦ ૧
સર્વ દેશ ઘાતી સહુ,
અઘાતી હો કરી ઘાત દયાળ;
વાસ કિયો શિવ મંદિરે,
મોહે વિસરી હો ભમતો જગજાળ. પરમા૦ ૨
જગતારક પદવી લહી,
તાર્યા સહી હો અપરાધી અપાર;
તાત કહો મોહે તારતાં,
કિમ કીની હો ઇણ અવસર વાર. પરમા૦ ૩
મોહ મહા મદ છાકથી,
હું છકીયો હો નહિ શુદ્ધિ લગાર;

ઉચિત સહી ઇણુ અવસરે,
સેવકની હો કરવી સંભાળ. પરમા૦ ૪
મોહ ગયા જો તારશો,
તિણું વેળા હો કહા તુમ ઉપગાર;
સુખ વેળા સાજન ઘણાં,
દુઃખ વેળા હો વિરલા સંસાર. પરમા૦ ૫
પણ તુમ દરિસણુ જોગથી,
થયો હૃદયે હો અનુભવ પરકાશ;
અનુભવ અભ્યાસી કરે,
દુઃખદાયી હો સહુ કર્મ વિનાશ. પરમા૦ ૬
કર્મ કલંક નિવારીને,
નિજ રૂપે હો રમે રમતા રામ;
લહત અપૂરવ ભાવથી,
ઇણુ રીતે હો તુમ પદ વિશ્રામ. પરમા૦ ૭
ત્રિકરણુ જોગે વિનવું,
સુખદાયી હો શિવાદેવીના નંદ;

ચિદાનંદ મનમેં સદા,
તુમે આવો હો પ્રભુ નાણુદિણુંદ. પરમા૦ ૮

## શ્રી પારસનાથ સ્તવન

રઘુપતી રામ રૂદેમાં રહેજોરે–એ દેશી

અહો અહો પાસજી મુજ મળીયારે,
હાંરે મારા મનના મનોરથ ફળીઆ અહોરે આંકણી
હાંરે તારી મુરત મોહનગારીરે,
સઊ સંઘને લાગે છે પ્યારીરે;
હાંરે તમને મોહી રહ્યા સુર નરનારી. અહોરે ૧
હાંરે અલબેલી મુરત પ્રભુ તાહરીરે,
હાંરે તાહરા મુખડા ઉપર જાઊં વારીરે;
હાંરે નાગ નવકાર દઇ ઊગારી. અહોરે ૨
હાંરે ધનધન દેવાધિદેવારે,
હાંરે સુરલોક કરે છે સેવારે;
હાંરે હમને આપોની શિવપુર મેવા. અહોરે ૩

હાંરે તમે શિવરમણીના રસીઆરે,
હાંરે જઇ મોક્ષપુરીમાં વસીઆરે;
હાંરે મારા હ્રુદય કમળમાં વસીયા. અહોરે ૪
હાંરે જે કોઇ પાસ તણાં ગુણ ગાશેરે,
હાંરે ભવ ભવનાં તે પાતિક જાશેરે;
હાંરે તેના સમકિત નિરમળ થાશે. અહોરે ૫
હાંરે પ્રભુ ત્રેવીસમા જિનરાયારે,
હાંરે માતા વામા દેવીના જાયારે;
હાંરે હમને દરિશન દોની દયાળ. અહોરે ૬
હાંરે હું તો લળીલળી લાગુ છું પાયરે,
મારા ઊરમાં હરખ ન માયરે;
હાંરે એમ માણેકવિજય ગુણ ગાયરે. અહોરે ૭

## શ્રી ચક્રેસરી માતાનું સ્તવન

નર ચતુર સુંજાણ પરનારીશું પ્રીત કણુ નવ કીજીએ એ દેશી

હાંરે માં ચક્રેસરી;
સિધાચળ વાસીઆરે જિન રખેવાલની.-એ. આંકણી

હાંરે માં દેવીમાં મોટી દેવી,
માં ઇંદ્રાદિક જક્ષે સેવી;
હાંરે માંની અકલ સરૂપ કહીએ સેવી. માં ચકેસરી ૧

હાંરે માં બુડતા વાહાણ ઉગારે છે,
સેવકના કાજ સુધારે છે;
હાંરે માંની જાત્રા કરે તેને તારે છે. માં ચકેસરી ૨

હાંરે માંની જાત્રા સઉ કોઇ આવે છે,
ચુંદડીઓ શ્રીફળ લાવે છે;
હાંરે માંની ભક્તી કરે તેને તારે છે. માં ચકેસરી ૩

હાંરે માં મસ્તક મુગટ બિરાજે છે,
માંને કાને કુંડલ છાજે છે;
હાંરે માંને ગોઠણે ઘુઘરી ગાજે છે. માં ચકેસરી ૪

હાંરે માંને કુંકુમ ચુડલા ખળકે છે,
માંને જડાવ ઝુમણા ઝળકે છે;
હાંરે માંને કોટે પુતળીયા લળકે છે. માં ચકેસરી ૫

હાંરે માં લક્ષણ ક્રમાવર્ત બાણું,

માં ચક્ર પાંચસોએ નીરવાણું;
હાંરે ઊગ્યો જાણે શશીઅણુ ભાણું. માં ચકેસરી ૬
હાંરે માં વામ ભૂજા એક ધન ઓપે,
માં વજા ચક્ર અંકુજ શોભે,
હાંરે માં સેવકના સુખ બહુ શોભે. માં ચકેસરી ૭
હાંરે માં જાળીઓ ને ગોખ બિરાજે છે,
માં ઘંટ ઘડીઆળા વાજે છે;
હાંરે મારી માજીનો ગોફ ગાજે છે. માં ચકેસરી ૮
હાંરે માં કેશંકર તમે કરજો,
માં દેવી સેવીને સરને રહેજો;
હાંરે માંની ભક્તિ કરે તેને ફળ દેજો. માં ચકેસરી ૯

## અજરા પારસનાથ સ્તવન

મહા કોપ થયો તે કળીકાળમાં જો—એ ગરબાની દેશીયર

હાંરે મારે આજની ઘડી તે રળીયામણી જો,
અજરા પાસજી પૂજ્યાની વધામણી જો. આજ ૧

પૂરો પૂરોરે શોભાશણ સાથીઓ જો,
મારે મંદિરે પધારો પાસ હાથીઓ જો. આજ ૨
હું તો મોતીડાના ચોક પુરાવતી જો,
અજરા પાસજીને આંગીઓ રચાવતી જો. આજ ૩
હું તો ચંપેલીના થંભ રોપાવતી જો,
અજરા પાસજીને પધરાવતી જો. આજ ૪
કહે રૂપચંદ સ્વામીનો દીઠડો જો,
મારા હૃદયકમળ લાગે મીઠડો જો. આજ ૫

---

## શ્રી સિદ્ધગિરિ મંડન આદિ જિન સ્તવન.

રાગ–પ્રભુ નમન કર પ્રભુ નમન.

જાત્રા નવાણું કરીએ વિમલગિરિ,
જાત્રા નવાણું કરીએ. ( અંચલી )
પૂરવ નવાણું વાર શેત્રુંજાગિરી,
રિખભ જિણંદ સમોસરીએ. વિ૦ ૧

કોડિ સહસ ભવ પાતક તુટે,
શેત્રુંજા સાહમું ડગ ભરીયે. વિ૦ ૨
સાત છઠ્ઠ દોય અઠ્ઠમ તપસ્યા,
કરી ચઢીયે ગિરિવરીયે. વિ૦ ૩
પુંડરીક પદ જપીયે હરખે,
અધ્યવસાય શુભ ધરીયે. વિ૦ ૪
પાપી અભવિ નજરે ન દેખે,
હિંસક પણ ઉદ્ધરીયે. વિ૦ ૫
ભૂમિસંથારો ને નારીતણો સંગ,
દૂરથકી પરિહરીયે. વિ૦ ૬
સચિત્તપરિહારી ને એકલ આહારી,
ગુરુ સાથે પદ ચરીયે. વિ૦ ૭
પડિક્કમણાં દોય વિધિશું કરીયે,
પાપ-પડલ વિખરીયે. વિ૦ ૮
કલિકાલે એ તીરથ મોહોટું,
પ્રવહણ જિમ ભવદરીયે. વિ૦ ૯

ઉત્તમ એ ગિરિવર સેવંતાં,
પદ્મ કહે ભવ તરીયે. વિ૦ ૧૦

## શ્રી સુવિધિનાથ સ્તવન

સુવિધિ જિન વંદના પાપ નિકંદના,
જગત આનંદના મુક્તિદાતા;
કરમદલ ખંડના મદન વિહંડના,
ધર મધુર મંડના જગત્ત્રાતા;
અવર સહુ પાસના છોર મન આસના,
તેરી ઉપાસના રંગ રાતા;
કરો મુજ પાલના માન મદ ગાલતા,
જગત ઉજાલના દેહ શાતા. ૧
વિવિધ કિરિયા કરી મૂઢતા મન ધરી,
એક પક્ષે ભરી જગત ભૂલ્યો;
ગ્યાન મદ ધરી સુમત સબ પરહરી,
જૈન મુનિ વેષ ધર મૂઢ ફૂલ્યો;

એહી એકાંતના અતિ દૂર દંદના,
નાસ કર સંતના દુઃખ ઝૂહ્યો;
સંગસિદ્ધિ કહી ગ્યાન કિરિયા વહી,
દૂધ સાકર મિલિ સુરસ ઘોળ્યો. ૨

બિના સરધાનકે જ્ઞાન નહીં હોતા હૈ,
જ્ઞાન વિન ત્યાગ નહીં હોત સાચો;
ત્યાગ બિન કરમકા નાશ નહી હોત હૈ,
કરમ નાસે બિના ધરમ કાચો;
તત્ત્વ સરધાન પંચાંગી સંમત કહ્યો,
સ્યાદ્વાદે કરી જૈન સાચો;
મૂલ નિર્યુક્તિ અને ભાષ્ય ચૂરની,
ભલી વૃત્તિ મન માને જિન ધરમ રાચો. ૩

ઉત્સર્ગ અપવાદ અપવાદ ઉત્સર્ગ હૈ,
સર્ગ અપવાદ મનધાર લીજો;
અતિ ઉત્સર્ગ ઉત્સર્ગ હૈ,
જૈનમેં અતિ અપવાદ અપવાદ કીજો;

એ ખટ ભંગ હૈ જૈન બાની તણે,
સુગુરૂ પરસાદ રસ ઘુંટથી જો;
જબ લગ બોધ નહીં તત્ત્વ સર ધાનકા,
તબ લગ જ્ઞાન તુમ કૌન લીજો. ૪

સમય સિદ્ધાંતના અંગ સાચા,
સવેસુ ગુરુ પરસાદથી પાર પાવે;
દર્શન ગ્યાન ચારિત કરી,
સંયુતા દાહકર કરમકો મોક્ષ જાવે;
જૈન પંચાંગીકી રીતિ તજી,
અતિ કુગુરુ તરંગ મનરંગ લાવે;
તે નરા જ્ઞાનકો અંશ નહીં પાવતે,
ઉપના હાર નર દેહ સંસાર થાવે. ૫

તત્ત્વ સરધાન બિન સર્વ કરણી,
કરી પાર અનંત તું રહ્યો રીતો;
પૂન્ય ફલ સુરગમે ભોગ ઉંધો ગિરયો,
તિર્યંચ અવતાર બહુવાર કીતો;

ઉટકા મેગના ખાંડ લાગી
જિસો અંતમે સ્વાદસેં ભયો ફીકો;
ચાર ગત વાસ બહુ દુઃખ નાના-
ભરે ભયો મહા મૂઢ સિર મોર ટીકો. ૬

સુવિધિ જિનંદકી આણુ અબ ધાર-
લે કુમત કુપંથ સમ દૂર ટારો;
પક્ષ કદાગ્રહ મૂલ નહીં તાનીયો,
જાનીયો જૈનમત શુદ્ધ સારો;
મહા સંસાર સાગરથકી નિકલી,
કરત આનંદ નિજરૂપ ધારો;
સુકલ અરૂ ધરમ દોઉ ધ્યાનકો,
સાધલે આતમા રૂપ અકલંક પ્યારો. ૭

---

## શ્રી નવપદજીનું સ્તવન.

નવપદનો મહિમા સાંભળજો,
સહુને સુખડું થાશેજી;

નવપદ સમરણ કરતાં પ્રાણી,
ભવભવનાં દુઃખ જાશેજી. નવ૦ ૧
નવપદના મહિમાથી જ્યારે,
કુષ્ટ અઢારે જાવેજી;
ખાંશી ખપન ને રાગની પીડા,
પાસે કદિ નવી આવેજી. નવ૦ ૨
અરિ કરિ સાગર જલણ જલોદર,
બંધનના ભય જાશેજી;
ચોર ચરડ ને શાકણ ડાકણ,
તુજ નામે દૂર નાસેજી. નવ૦ ૩
અપુત્રીયાને પુત્રો હેવે,
નિર્ધનીયા ધન પામેજી;
નિરાશપણે ધ્યાન ધરે જે,
તે નર મુકતે જાવેજી. નવ૦ ૪
શ્રીમતીને એ મંત્ર પ્રભાવે,
સર્પ થયો ફૂલ માલાજી;

અમર કુમાર નવપદ મહિમાથી,
સુખ પામ્યો સુરસાલાજી. નવ૦ ૫
મયણા વયણાએ સેવ્યા નવપદ,
શ્રી શ્રીપાળે ઉલ્લાસેજી;
રોગ ગયો ને સંપદા પામ્યા,
નવમે ભવે શિવ જાશેજી. નવ૦ ૬
અરિહંત સિદ્ધ આચારજ પાઠક,
સાધુ મહા ગુણવંતાજી;
દર્શન જ્ઞાન ચરણ તપ રૂડાં,
એ નવપદ ગુણવંતાજી. નવ૦ ૭
સિદ્ધચક્રનો મહિમા અનંતો,
કહેતાં પાર ન આવેજી;
દુઃખ હરે ને વંછીત પુરે,
વંદન કરીયે ભાવેજી. નવ૦ ૮
ભાવસાગર કહે સિદ્ધચક્રની,
જે નર સેવા કરશેજી;

આતમ ગુણુ અનુભવીને,
મંગળમાળા વરશેજી. નવ૦ ૯

---

## શ્રી પાર્શ્વનાથ સ્તવન.

પરમ પુરુષ પરમાતમા, સાહેબજી,
પુરિષાદાની પાસ હો,
શિવસુખરા ભ્રમર થાશું વિનતિ સાહેબજી;
અવસર પામી ઓલગું, સા૦
સફળ કરો અરદાસ હો. શિવ૦ ૧

દોય નંદન મોહ ભૂપરા, સા૦
તેણે કર્યો જગ ધંધોળ હો; શિવ૦
દ્વેષ કરી રાગ કેસરી, સા૦
તેહના રાણા સોલ હો. શિવ૦ ૨

મિથ્યા મહેતો આકરો, સા૦
કામ કટક સરદાર હો; શિવ૦

ત્રણ રૂપ કરીને રમે, સા૦
હાસ્યાદિક પરિવાર હો. શિવ૦ ૩

મોહ મહીપરા જોરથી, સા૦
જગ સઘળો કર્યો ઝેર હો; શિવ૦
હરિ હર સુરનર સહુ નમ્યા, સા૦
જકડી કર્મની ઘેર હો. શિવ૦ ૪

ભવસ્થિતિ ચઉ ગતિ ચોકમાં, સા૦
લોક કરે પોકાર હો; શિવ૦
આપ ઉદાસી હુઇ રહ્યા, સા૦
ઇમ કિમ રહેસ્યે લાજ હો. શિવ૦ ૫

ક્ષપક શ્રેણિરી ગજઘટા, સા૦
હલકારો અરિઅંત હો; શિવ૦
નાણુ ખડગ મુજ કર દીઓ, સા૦
ક્ષણુમાં કરૂં અરિહંત હો. શિવ૦ ૬

કરૂણા નયણુ કટાક્ષથી, સા૦
રિપુ દળ થાયે વિસરાળ હો; શિવ૦

ખિમાવિજય જિન સંપદા, સા૦
પ્રગટે ઝાકઝમાળ હો. શિવ૦ ૭

## શ્રી સંભવનાથ જિન સ્તવન.

સેવો સંભવનાથ જુગતે બે કર જોડી (અંચલી)
ચોસઠ સુરપતિ પદ યુગ જેહના,
પ્રણમે હોડા હોડી;
સમવસરણુ મનરંગે સેવે,
સુર નર કોડા કોડી. સેવો૦ ૧

દેશના વચન સુધારસ ચાખે,
ભવિજન મત્સર મોડી;
નયણુા થકી પ્રભુ મુખ નીરખે,
મિથ્યા ભ્રમ વિછોડી. સેવો૦ ૨

અજર અમર સમતારસ ભાવી,
મમતા બંધન છોડી;

પ્રભુ સેવાથી શિવપદ પામી,
જેહમાં નહિ કોઈ ખોડી. સેવો૦ ૩
માનવ ભવનો લાહો લેવો,
સુમતિ કરી સંઘોડી;
એકમના ભવિ જિન આરાધો,
દેવ દાનો કર દોડી. સેવો૦ ૪
હંસના સાહેબ પાસે હેજે,
ઈમ માગું કર જોડી;
પદપંકજની સેવા દીજે,
ભવભવનાં દુઃખ ત્રોડી. સેવો૦ ૫

---

## શ્રી આદિજિન સ્તવન.

ભરતજી કહે સુણો માવડી,
પ્રગટ્યા નવ નિધાન રે;
નિત નિત દેતાં ઓલંભડા,
હવે જુએ પુત્રનાં માન રે.
ઋષભની શોભા હું શી કહું ? ૧

અઢાર કોડાકોડી સાગરે,
વસીયો નયર અનૂપ રે;
ચાર જોયણનું માન છે,
ચાલો જોવાને રૂપ રે. ઋષભ૦ ૨

પહેલો રૂપાનો કોટ છે,
કાંગરા કંચન સાજ રે;
બીજો કનકનો કોટ છે,
કાંગરા રત્ન સમાન રે. ઋષભ૦ ૩

ત્રીજો રતનનો કોટ છે,
કાંગરા મણિમય જાણ રે;
તેમાં મધ્ય સિંહાસને,
હુકમ કરે પ્રમાણ રે. ઋષભ૦ ૪

પૂરવ દિશાની સંખ્યા સુણો,
પગથિયાં વીશ હજાર રે;
એણી પરે ગણતાં ચારે દિશા,
પગથિયાં એંસી હજાર રે ઋષભ૦ ૫

શિરપર ત્રણ છત્ર જલહળે,
તેહથી ત્રિભુવન રાય રે.
ત્રણ ભુવનનો રે બાદશાહ,
કેવલજ્ઞાન સોહાય રે. ઋષભ૦ ૬
વીશ બત્રીશ દશ સુરપતિ,
વળી દોય ચંદ્ર ને સૂર્ય રે;
દોય કર જોડી ઊભા ખડા,
તુમ સુત ઋષભ હજૂરરે. ઋષભ૦ ૭
ચામર જોડી ચોવીશ છે,
ભામંડલ ઝળકંત રે;
ગાજે ગગને દુંદુભિ,
ફૂલ પગરવ સંત રે. ઋષભ૦ ૮
બારગુણો પ્રભુ દેહથી,
અશોક વૃક્ષ શ્રીકાર રે;
મેઘ સમાની દે દેશના,
અમૃત વાણી જયકાર રે. ઋષભ૦ ૯

પ્રતિહારજ આઠથી,
તુમ સુત દીપે દેદાર રે;
ચાલો જોવાને માવડી,
ગયવર ખંધે અસવાર રે. ઋષભ૦ ૧૦

દૂરથી રે વાજાં સાંભળી,
જોતાં હરખ ન માય રે;
હરખનાં આંસુથી ફાટીયાં,
પડલ તે દૂર પલાય રે. ઋષભ૦ ૧૧

ગયવર ખંધેથી દેખીયો,
નિરૂપમ પુત્ર દેદાર રે;
આદર દીધો નહિ માયને,
માય મન ખેદ અપાર રે. ઋષભ૦ ૧૨

કેના છોરૂ ને કેના માવડી,
એ તો છે વીતરાગ રે;

એણી પેરે ભાવના ભાવતાં,
કેવલ પામ્યાં મહાભાગરે. ઋષભ૦ ૧૩
ગયવર ખંધે મુગતે ગયાં,
અંતગડ કેવલી એહ રે;
વંદો પુત્ર ને માંવડી,
આણી અધિક સનેહ રે. ઋષભ૦ ૧૪
ઋષભની શોભા મેં વરણુવી,
સમકિતપુર મોઝાર રે;
સિદ્ધગિરિ માહાત્મ્ય સાંભળો,
સંઘને જય જયકાર રે. ઋષભ૦ ૧૫
સંવત અઢાર એંસીયે,
માગસર માસ સોહાય રે;
દીપવિજય કવિરાયનો,
મંગળ માળ સોહાય રે. ઋષભ૦ ૧૬

## શ્રી પાર્શ્વનાથ સ્તવન.

મોહન મુજરો લેજો રાજ, તુમ સેવામાં રહેશું.
એ આંકણી૦

વામાનંદન જગદાવંદન, જેહ સુધારસ ખાણી;
મુખ મટકે, લોચનને લટકે, લોભાણી ઇંદ્રાણી.
મોહન૦ ૧

ભવ પટ્ટણ ચિહું દિશિ ચારે ગતિ,
ચોરાશી લખ ચઉટાં;
ક્રોધ માન માયા લોભાદિક,
ચોવટીયા અતિ ખોટા. મોહન૦ ૨

મિથ્યા મ્હેતો કુમતિ પુરોહિત,
મદન સેનાને તોરે;
લાંચ લઇ લખ લોક સંતાપે,
મોહ કંદર્પને જોરે. મોહન૦ ૩

અનાદિ નિગોદ તે બંધીખાનો,
તૃષ્ણા તોપે રાખ્યો;

સંજ્ઞા ચારે ચોકી મેલી,
વેદ નપુંસક આંકયો. મોહન૦ ૪
ભવસ્થિતિકર્મ વિવર લઇ નાઠો,
પુણ્ય ઉદય પણ વાધ્યો;
સ્થાવર વિકલેંદ્રિયપણું ઓળંગી,
પંચેંદ્રિયપણું લાધ્યો. મોહન૦ ૫
માનવ ભવ અરજ કુળ સદ્ગુરૂ,
વિમળ-બોધ મળ્યો મુજને;
ક્રોધાદિક સહુ શત્રુ વિનાશી,
તેણે ઓળખાવ્યો તુજને. મોહન૦ ૬
પાટણમાંહે પરમ દયાળુ,
જગત વિભૂષણ ભેટયા;
સત્તર બાણું શુભ પરિણામે,
કર્મ કઠિન બળ મેટ્યા. મોહન૦ ૭
સમકિત ગજ ઉપશમ અંબાડી;
જ્ઞાન કટક બળ કીધું;

ખીમાવિજય જિન ચરણ રમણ સુખ,
રાજ પોતાનું લીધું. મોહન૦ ૮

---

## શ્રી ચઉમાસી પારણું.

( રાગ-વિમળાચળ વેગે વધાવો. )

ચઉમાસી પારણું આવે,
કરી વિનતિ નિજ ઘર જાવે;
પ્રિયા પુત્રને વાત જણાવે,
પટકૂળ જરી પથરાવે રે.
મહાવીર પ્રભુ ઘર આવે,
જીરણશેઠ ભાવના ભાવે રે. મહા૦ ૧
ઊભી રે શેરિયે જળ છંટકાવે,
જાય કેતકી ફૂલ બિછાવે;
નિજ ઘર તોરણ બંધાવે,
મેવા મિઠાઇ થાળ ભરાવે રે. મહા૦ ૨

અરિહાને દાન જ દીજે,
    દેતાં દેખી જે રીજે;
ષટ્‌માસી રોગ હરીજે,
    સીઝે દાયક ભવ ત્રીજે રે. મહા૦ ૩

તે જિનવર સનમુખ જાવું,
    મુજ મંદિરીયે પધરાવું;
પારણું ભલી ભકતે કરાવું,
    જુગતે જિનપૂજા રચાવું રે. મહા૦ ૫

પછી પ્રભુને વળાવા જઇશું,
    કર જોડી સામા રહીશું;
નમી વંદી પાવન થઇશું,
    વિરતિ અતિરંગે વહીશું. મહા૦ ૫

દયા, દાન, ક્ષમા, શીલ, ધરશું,
    ઉપદેશ સજ્જનને કરશું;
સત્ય જ્ઞાન દશા અનુસરશું,
    અનુકંપા લક્ષણ વરશું રે. મહા૦ ૬

એમ જીરણ શેઠ વદંતા,
 પરિણામની ધારે ચઢંતા;
શ્રાવકની સામે ઠરંતા,
 દેવદુંદુભિ નાદ સુણુંતા રે. મહા૦ ૭
કરી આયુ પૂરણ શુભ ભાવે,
 સુરલોક અચ્યુતે જાવે;
શાતા વેદની સુખ પાવે,
 શુભ વીર વચનરસ ગાવે રે. મહા૦ ૮

---

## શ્રી તીરથપદ પૂજા.

( ગિરૂઆ રે ગુણ તુમ તણા. )

શ્રી તીરથપદ પૂજો ગુણિજન,
 જેહથી તરિયે તે તીરથ રે;
અરિહંત ગણધર નિયમા તીરથ,
 ચઉવિહ સંઘ મહાતીરથ રે. શ્રી૦ ૧
 ॥ એ આંકણી ॥

લૌકિક અડસઠ તીર્થને તજિયે,
 લોકોત્તરને ભજિયે રે;
લોકોત્તર દ્રવ્ય ભાવ દુભેદે,
 થાવર જંગમ જજિયે રે. શ્રી૦ ૨

પુંડરીકાદિક પાંચે તીરથ,
 ચૈત્યના પાંચ પ્રકાર રે;
થાવર તીરથ એહ ભણીજે,
 તીર્થયાત્રા મનોહાર રે. શ્રી૦ ૩

વિહરમાન વીશ જંગમ તીરથ,
 બે કોડી કેવળી સાથ રે;
વિચરંતાં દુઃખ દોહગ ટાળે,
 જંગમ તીરથ નાથ રે. શ્રી૦ ૪

સંઘ ચતુર્વિધ જંગમ તીરથ,
 શાસનને શોભાવે રે;
અડતાલીશ ગુણે ગુણવંતા,
 તીર્થપતિ નમે ભાવે રે. શ્રી૦ ૫

તીરથપદ ધ્યાવો ગુણ ગાવો,
પંચરંગી રયણને લાવો રે;
થાળ ભરી ભરી તીર્થ વધાવો,
ગુણ અનંત દિલ લાવો રે. શ્રી૦ ૬

મેરૂપ્રભ પરમેશ્વર હુઓ,
એ તીરથને પ્રભાવે રે;
વિજયસૌભાગ્યલક્ષ્મીસૂરિ સંપદ,
પરમ મહોદય પાવે રે. શ્રી૦ ૭

---

## સિદ્ધગિરિમંડન શ્રી ઋષભ જિન સ્તવન

ગિરિવર દર્શન વિરલા પાવે,
પૂરવ સંચીત કર્મ ખપાવે. ગિરિ૦ ૧
રિષભ જિનેશ્વર પૂજા રચાવે,
નવ નવ નામે ગિરિગુણ ગાવે. ગિરિ૦ ૨
સહસ્રકમળ ને મુક્તિનિલયગિરિ,
સિદ્ધાચળ શતકૂટ કહાવે. ગિરિ૦ ૩

ઢંક કદંબ ને કોડિનિવાસો,
લોહિત્ય તાલધ્વજ સુર ગાવે. ગિરિ૦ ૪
ઢંકાદિક પંચ કૂટ સજીવન,
સુરનર મુનિ મળી નામ થપાવે. ગિરિ૦ ૫
રયણ ખાણ જડીબૂટી ગુફાઓ,
રસકુંપીકા ગુરૂ ઇહાં બતાવે. ગિરિ૦ ૬
પણ પુણ્યવંતા પ્રાણી પાવે,
પુણ્ય કારણ પ્રભુપૂજા રચાવે. ગિરિ૦ ૭
દસ કોટી શ્રાવકને જમાડે,
જૈન તીરથ યાત્રા કરી આવે. ગિરિ૦ ૮
તેથી એક મુનિ દાન દિયંતા,
લાભ ઘણો સિદ્ધાચળ થાવે. ગિરિ૦ ૯
ચંદ્રશેખર નિજ ભગિની ભોગી,
તે પણ એ ગિરિ મોક્ષે જાવે. ગિરિ૦ ૧૦
ચાર હત્યારા નર પરદારા,
દેવગુરૂ દ્રવ્ય ચોરી ખાવે. ગિરિ૦ ૧૧

ચૈત્રી કાર્તિકી પુનમ યાત્રા,
તપ જપ ધ્યાનથી પાપ જલાવે. ગિરિ૦ ૧૨
રિષભસેન જિન આદે સંખ્યા,
તીર્થંકર મુગતિ સુખ પાવે. ગિરિ૦ ૧૩
શિવવહુ વરવા મંડપ એ ગિરિ,
શ્રી શુભવીર વચન રસ ગાવે. ગિરિ૦ ૧૪

---

## શ્રી પાર્શ્વનાથ સ્તવન.

ચાલ ચાલને કુંવર ચાલ,
તારી ચાલ ગમે રે;
તુજ દીઠડા વિના મીઠડા મારા,
પ્રાણ ભમે રે. ચાલ૦ ૧
ખોલામાંહી પડતું મેલે,
રીસે દમે રે;
માવડી વિના આવડી ખુટયું,
કોણ ખમે રે. ચાલ૦ ૨

માતા વામા કહે મુખડું જોતાં,
દુઃખ શમે રે;
લલી લલી ઉદયરત્ન પ્રભુ,
તુજને નમે રે. ચાલ૦ ૩

---

## શ્રી પાર્શ્વનાથ સ્તવન.

પ્રભુજી મોહે ઐસી કરો બક્ષીસ.
દ્વાર દ્વારનપે મેં ભટકું,
નાઉં કિસહી ન સીસ. પ્ર૦ ૧
શુદ્ધ આતમ કલા પ્રગટે,
ઘટે રાગ અરૂ રીસ. પ્ર૦ ૨
મોહ પાતક ખુલે છીન મેં,
રમે જ્ઞાન અધીશ. પ્ર૦ ૩
તુમ અજાયબ પાસ સાહેબ,
જગપતિ જગદીશ. પ્ર૦ ૪

ગુણુવિલાસ કી આશ પૂરો,
કરો આપ સરીસ. પ્ર૦ ૫

## શ્રી મંડોવરા પાર્શ્વજિન સ્તવન

તાર મુજ તાર મુજ તાર ત્રિભુવન ધણી,
પાર ઉતાર સંસાર સ્વામી;
પ્રાણુ તું ત્રાણુ તું શરણુ આધાર તું,
આતમરામ મુજ તુંહિ સ્વામી. તાર૦ ૧
તુંહિ ચિંતામણી તુંહિ મુજ સુરતરૂ,
કામઘટ કામધેનુ વિધાતા;
સકલ સંપતકરૂં, વિકટ સંકટહરૂં,
પાસ મંડવરો મુક્તિદાતા. તાર૦ ૨
પુન્ય ભરપૂર અંકુર મુજ જાગીઓ,
ભાગ્ય સૌભાગ્ય સુખ નૂર વાધ્યો;
સકલ વંછિત ફ્ળ્યો માંહરો દિન વળ્યો,
પાસ મંડોવરો દેવ લાધ્યો. તાર૦ ૩

ધન્ય મરુદેશ મંડોવરા નરવરી,
ધન્ય ધન્ય અયોધ્યા નયરી નૌકા,
ધન્ય તે ધન્ય તે ધન્ય કૃતપુણ્ય તે,
પાસ પૂજે સદા દેવલોકા. તાર૦ ૪

પાસ મુજ તું ધણી પ્રીતિ મુજ બની ઘણી,
વિબુધવર કહાનજી ગુરુ વખાણી;
મુક્તિપદ આપજો આપ પદ થાપજો,
કનકવિજય આપનો ભક્ત જાણી. તાર૦ ૫

---

## શ્રી સુરતમંડન પાર્શ્વનાથ સ્તવન

સુરતમંડન પાસ જિણંદા,
અરજ સુણો ટાલો દુઃખ દંદા. (અંચલી)

સાહેબા રંગીલા હમારા, મોહના રંગીલા;
તું સાહેબ હું છું તુજ બંદા,
પ્રીતિ બની જૈસે કૈરવ ચંદા. સા૦ ૧

તુજશું નેહ નહિ મુજ કાચો,
ધનહીન માગે હીરો જાચો;
દેતાં દાન; તે કાંઈ વિમાસો,
લાગે મુજ મન એહ તમાસો. સા૦ ૨

કેડ લાગા તે કેડ ન છોડે,
દીયો વંછિત સેવક કર જોડે;
અખય ખજાનો તુજ નવિ ખૂટે,
હાથથકી તો શું નવી છૂટે. સા૦ ૩

જો ખિજમતમાં ખામી દાખો,
તો પણ જાણી હિત રાખો;
જેણે દીધું છે તેહ જ દેશે,
સેવા કરશે તે ફળ લેશે. સા૦ ૪

ધેનૂ કૂપ આરામ સ્વભાવે,
દેતાં દેતાં સંપત્તિ પાવે;
તિમ મુજને તમો જો ગુણ દેશો,
તો જગમાં જશ અધિક વહેશો. સા૦ ૫

અધિક ઓછું કિશુંરે કહાવો,
જિમ તિમ સેવક ચિત્ત મનાવો;
માગ્યા વિણ તો માય ન પિરસે,
એ ઉખાણો સાચો દિસે. સા૦ ૬

ઈમ ગણીને વિનતી કીજે,
મોહનગારા મુજરો લીજે;
વાચક જશ કહે અમિચે આસંગો,
દિયો શિવસુખ ધરી અવિહડ રંગો. સા૦ ૭

---

## સ્તવન

નિરંજન યાર મોહે કૈસે મિલેંગે,
દૂર દેખું તો દરિયા ડુંગર,
ઊંચે વાદળ નીચે જમિયું તલેરે. નિ. ૧
ધરતીમેં ગડું તો નહિં પિછાનું;
અગ્નિ સહું તો મેરી દેહી જલેરે. નિ. ૨

આનંદઘન કહે જશ સુનો બાતા,
યહી મિલે તો મેરો ફેરો ટલેરે. નિ. ૩

## સીમંધર સ્વામી સ્તવન.

આજ જિનરાજ મુજ કાજ સિદ્ધા સવે,
વિનતી માહરી ચિત્ત ધારી;
માર્ગ જો મેં લહ્યો તુજ કૃપારસથકી,
તો હુઇ સંપદા પ્રગટ સારી. આ૦ ૧
વેગલો મત હુજે દેવ મુઝ મન થકી,
કમલના વનથકી જેમ પરાગો;
ચમક પાષાણ જેમ લોહને ખેંચશે,
મુક્તિને સેહેજ તુજ ભક્તિ રાગો. આ૦ ૨
તું વસે જો પ્રભો હર્ષભર હીયડલે,
તો સકલ પાપના બંધ ત્રુટે;
ઊગતે ગગન સૂર્યતણે મંડલે,
દશદિશિ જેમ તિમિર પડલ ફુટે. આ૦ ૩

સીંચજે તું સદા વિપુલ કરુણારસે,
મુજ મને શુદ્ધ મતિ કલ્પવેલી;
નાણ દંસણ કુસુમ ચરણવર મંજરી,
મુક્તિ ફલ આપશે તે એકેલી. આ૦ ૪
લોક સંજ્ઞા થકી લોક બહુ બાઉલો,
રાઉલો દાસ તે સવિ ઉવેખે;
એક તુજ આણ શું જેહ રાતા રહે,
તેહને એહ નિજ મિત્ર દેખે. આ૦ ૫
આણ જિનભાણ તુજ એક હું શિર ધરૂં,
અવરની વાણી નવિ કાને સુણિયે;
સર્વ દર્શનતણું મૂલ તુજ શાસનં,
તેણે તે એક સુવિવેક થુણિયે. આ૦ ૬
તુજ વચન રાગ સુખસાગરે હું ગણું,
સકલ સુર મનુજ સુખ એક બિંદુ;
સાર કરજો સદા દેવ સેવકતણી,
તું સુમતિ કમલિની વન દિણંદુ. આ૦ ૭

જ્ઞાન યોગે ધરી તૃપ્તિ નવિ લાજિયે,
  ગાજિયે એક તુજ વચન રાગે;
શક્તિ ઉલ્લાસ અધિકો હુસે તુજથકી,
  તું સદા સકલ સુખ હેત જાગે. આ૦ ૮

વડ તપાગચ્છ નંદન વને સુરતરૂ,
  હીરવિજયો જયો સૂરિરાયા;
તાસ પાટે વિજયસેન સૂરિસરૂ,
  નિત નમે નરપતિ જાસ પાયા. આ૦ ૯

તાસ પાટે વિજયદેવ સૂરિસરૂં,
  પાટ તસ ગુરૂ વિજયસિંહ ધોરી;
જાસ હિત શિખથી માર્ગ એ અનુસર્યો,
  જેહથી સવિ ટલી કુમતિ ચોરી. આ૦ ૧૦

હીર ગુરૂ શીશ અવતંસ મોટો હુઓ,
  વાચકાં રાજ કલ્યાણવિજયો;
હેમ ગુરૂ સમ વડે શબ્દ અનુશાસને,
  શીસ તસ વિબુધવર લાભવિજયો. આ૦ ૧૧

શીસ તસ જિતવિજયે જયો વિબુધવર,
   નયવિજય વિબુધ તસ સુગુરૂ ભાયા;
રહિઅ કાશી મઠે જેહથી મે ભલે,
   ન્યાયદર્શન વિપુલ ભાવ પાયા. આ૦ ૧૨

જેહથી શુદ્ધ લહિયે સકલ:નય નિપુણ,
   સિદ્ધસેનાદિ કૃત શાસ્ત્ર ભાવા;
તેહ એ સુગુરૂ કરૂણા પ્રભો તુજ સુગુણ,
   વયણા રયણાયરી મુજ નાવા. આ૦ ૧૩

( કલશ )

ઇમ સકલ સુખકર દુરિત ભયહર,
      સ્વામી સીમંધરતણી;
એ વિનતિ જે સુણે ગાવે,
      તે લહે લીલા ઘણી;
શ્રી નયવિજય બુધ ચરણ સેવક,
      જશવિજય બુધ આપણી;

રૂચિ શક્તિ સારૂ પ્રગટ કીધી,
શાસ્ત્ર મર્યાદા ભણી.

---

## શ્રી પંચાસરા પાર્શ્વનાથ સ્તવન.

(રાગ–પ્રથમ જિનેશ્વર પ્રણમીએ).

પરમાતમ પરમેશ્વરૂ,
જગદીશ્વર જિનરાજ;
જગબંધવ જગભાણુ બલિહારી તુમ તણી,
ભવ જલધિમાં રે જહાજ. પરમા૦ ૧

તારક, વારક મોહનો,
ધારક નિજ ગુણ ઋદ્ધિ;
અતિશયવન્ત ભદંત રૂપાળી શિવવધૂ,
પરણી લહિ નિજ સિદ્ધિ. પરમા૦ ૨

જ્ઞાન દર્શન અનંત છે,
વલી તુજ ચરણઅનંત;

એમ દાનાદિ અનંત ક્ષાયિક ભાવે થયા,
ગુણ તે અનંતા અનંત. પરમા૦ ૩

બત્રીશ વરણ સમાય છે,
એકજ શ્લોક મઝાર;
એક વર્ણ પ્રભુ તુજ ન માયે જગતમાં,
કેમ કરી થુણીએ ઉદાર? પરમા૦ ૪

તુજ ગુણ કોણ ગણી શકે?
જો પણ કેવલ હોય;
આવિર્ભાવે તુજ સયલ ગુણ માહરે,
પ્રચ્છન્ન ભાવથી જોય. પરમા૦ ૫

શ્રી પંચાસરા પાર્શ્વજી,
અરજ કરૂં એક તુજ;
આવિર્ભાવથી થાય દયાલ કૃપાનિધિ,
કરૂણા કીજેજી મુજ. પરમા૦ ૬

શ્રી જિન ઉત્તમ તાહરી,
આશા અધિક મહારાજ;

પદ્મવિજય કહે એમ લહું શિવનગરીનું,
અક્ષય અવિચલ રાજ. પરમા૦ ૭

---

## શત્રુંજય સ્તવન.

મેં ભેટ્યા નાભિકુમાર,
અખીઆં સફળ ભઇ. મેં ભેટ્યા૦
મેરી નેનાં સફળ ભઇ. મેં ભેટ્યા૦

તીરથ જગમાં છે ઘણા રે,
તેહમાં એ છે સાર;
શેત્રુંજા સમ તીરથ નહીં રે,
તુરત કરત ભવપાર. મેરી અખીઆં. ૧

જુગલા ધર્મ નિવારિયા રે,
તીન ભુવન તું સાર;
સોવન વરણી દેહ છે રે,
વૃષભ લાંછન મનોહાર. મેરી અખીઆં૦ ૨

સોરઠમંડણુ તું પ્રભુ રે,
સકળ કરમ કરે દૂર;
કેવળ લખમી પામવા રે,
વંછીત લીલાપૂર. મેરી અખીઆં૦ ૩

ગિરિવર ફરસ્યો ભાવશું રે,
સફળ કીયો અવતાર;
શ્રી જિનહરખ પસાયથી રે,
સંઘ સદા સુખકાર. મેરી અખીઆં૦ ૪

ઘણા દિવસની ચાહ હતી રે,
દેખન પ્રભુ દીદાર;
રત્નસુંદર પાઠક કહે રે,
અવિચળ લીલ અપાર. મેરી અખીઆં૦ ૫

---

## શ્રી નેમિજિન સ્તવન.

નિરખ્યો નેમિ જિણંદને, અરિહંતાજી૦
રાજીમતિ કર્યો ત્યાગ; ભગવંતાજી૦

બ્રહ્મચારી સંયમ ગ્રહ્યો, અરિહંતાજી૦
અનુક્રમે થયા વીતરાગ. ભગવંતાજી૦ ૧
ચામર ચક્ર સિંહાસન, અરિહંતાજી૦
પાદપીઠ સંયુત; ભગવંતાજી૦
છત્ર ચાલે આકાશમાં, અરિહંતાજી૦
દેવદુંદુભિ વરયુત. ભગવંતાજી૦ ૨
સહસ જોયણ ધ્વજ સોહતો, અરિહંતાજી૦
પ્રભુ આગળ ચાલંત; ભગવંતાજી૦
કનક કમલ નવ ઉપરે, અરિહંતાજી૦
વિચરે પાય ઠવંત. ભગવંતાજી૦ ૩
ચાર મુખે દીએ દેશના, અરિહંતાજી૦
ત્રણ ગઢ ઝાકઝમાળ; ભગવંતાજી૦
કેશ રોમ શ્મશ્રુ નખા, અરિહંતાજી૦
વાધે નહિ કોઈ કાળ. ભગવંતાજી૦ ૪
કાંટા પણ ઉંધા હોયે, અરિહંતાજી૦
પંચ વિષય અનુકૂળ; ભગવંતાજી૦

ષટ્ ઋતુ સમ કાળે ફળે, અરિહંતાજી૦
વાયુ નહિ પ્રતિકૂળ. ભગવંતાજી૦ ૫
પાણી સુગંધ સુર કુસુમની, અરિહંતાજી૦
વૃષ્ટિ હોયે સુરસાલ; ભગવંતાજી૦
પંખી દીએ સુપ્રદક્ષિણા, અરિહંતાજી૦
વૃક્ષ નમે અસરાળ. ભગવંતાજી૦ ૬
જિન ઉત્તમ પદ પદ્મની, અરિહંતાજી૦
સેવા કરે સુર કોડી; ભગવંતાજી૦
ચાર નિકાયના જઘન્યથી, અરિહંતાજી૦
ચૈત્ય વૃક્ષ તેમ જોડી. ભગવંતાજી. ૭

---

## શ્રી વિમલજિન સ્તવન.

દુઃખ દોહગ દૂરે ટળ્યા રે,
સુખ સંપદ શું ભેટ;
ધીંગ ધણી માથે કીયો રે,
કુણ ગંજે નર ખેટ.

વિમલજિન દીઠા લોયણ આજ;
મારા સિધ્યા વંછિત કાજ. વિમલ. ૧

ચરણ કમલ કમલા વસે રે,
નિર્મલ થિર પદ દેખ;
સમલ અથિર પદ પરિહરી રે,
પંકજ પામર પેખ. વિમલ૦ ૨

મુજ મન તુજ પદ પંકજે રે,
લીને ગુણ મકરંદ;
રંક ગણે મંદિરધરા,
ઇંદ ચંદ નાગીન્દ. વિમલ૦ ૩

સાહિબ સમરથ તું ધણી રે,
પામ્યો પરમ ઉદાર;
મન વિસરામી વાલહો રે,
આતમ ચો આધાર. વિમલ૦ ૪

દરિસણ દીઠે જિનતણું રે,
સંશય ન રહે વેધ;

દિનકર કર ભર પસરતાં રે,
અંધકાર પ્રતિષેધ. વિમલ૦ ૫
અમીય ભરી મૂરતી રચી રે,
ઉપમા ન ઘટે કોય;
શાન્ત સુધારસ ઝીલતી રે,
નિરખત તૃપ્તિ ન હોય. વિમલ૦ ૬
એક અરજ સેવક તણી રે,
અવધારો જિનદેવ;
કૃપા કરી મુજ દીજીયે રે,
આનંદઘન પદ સેવ. વિમલ૦ ૭

---

## પંચ પરમેશ્વરનું સ્તવન.

પંચ પરમેશ્વરા પરમ અલવેસરા,
વિશ્વ વાલેસરા વિશ્વ વ્યાપી;
ભક્તવત્સલ પ્રભુ ભક્તજન ઉદ્ધરી,
મુક્તિપદ જે વર્યા કર્મ કાપી. પંચ૦ ૧

વૃષભ અંકિત પ્રભુ ઋષભજિન વંદીયે,
  નાભિ મરૂદેવીનો નંદ નીકો;
ભરત ને બ્રાહ્મીના તાત અવનિતળે,
  મોહ મદ ગંજણો મુક્તિ ટીકો. પંચ૦ ૨

શાંતિપદ આપવા શાંતિપદ થાપવા,
  અદ્ભુત કાંતિ પ્રભુ શાંતિ સાચો;
મૃગાંક પારાપત શ્યેનથી ઉદ્ધરી,
  જગતપતિ જે થયો જગત જાચો. પંચ૦ ૩

નેમિ બાવીશમા શંખ લંછન નમું,
  સમુદ્રવિજય અંગજ અનંગ જીતી;
રાજકન્યા તજી સાધુ મારગ ભજી,
  જીતી જેણે કરી જગ વિદિતી. પંચ૦ ૪

પાર્શ્વજિનરાજ અશ્વસેન કુળ ઉપજ્યો,
  જનની વામા તણો જેહ જાયો;
આજ ખેટકપુરે કાર્ય સિધ્યા સવે,
  ભીડભંજન પ્રભુ જે કહાયો. પંચ૦ ૫

વીર મહાવીર સર્વ વીર શિરોમણિ,
રણુવટ મોહ ભટ માન મોડી;
મુક્તિગઢ આસિયો જગત ઉપાસીયો,
તેહ નિત્ય વંદીએ હાથ જોડી. પંચ૦ ૬
માત ને તાત અવદાત એ જિનતણા,
ગામ ને ગોત્ર પ્રભુ નામ થુણતાં;
ઉદયવાચક વદે ઉદય પદ પામીએ,
ભાવે જિનરાજની કીર્તિ ભણતાં. પંચ૦ ૭

---

## શ્રી સિદ્ધગિરિમંડન આદિ જિન સ્તવન.

આજ મ્હારાં નયણાં સફલ થયા,
શ્રી સિદ્ધાચલ નિરખી;
ગિરિને વધાવું મોતીડે,
મ્હારા હૈડામાં હરખી. આજ૦ ૧
ધન્ય ધન્ય સોરઠ દેશને,
જિહાં એ તીરથ જોડી;

વિમળાચલ ગિરનારને,
  વંદુ બે કર જોડી. આજ૦ ૨
સાધુ અનંતા ઇણુ ગિરિ,
  સિધ્યા અનશન લેઇ,
રામ પાંડવ નારદ ઋષિ,
  બીજા મુનિવર કેઇ. આજ૦ ૩
માનવ ભવ પામી કરી,
  નવિ એ તીરથ ભેટે;
પાપ કર્મ જે આકરાં,
  કહો કેણી પરે મેટે. આજ૦ ૪
તીર્થરાજ સમરૂં સદા,
  સારે વાંછિત કાજ;
દુઃખ દોહગ દૂરે કરી,
  આપે અવિચલ રાજ. આજ૦ ૫
સુખ અભિલાષી પ્રાણીઆ,
  વંછે અવિચલ સુખડાં;

માણેક મુનિ ગિરિ ધ્યાનથી,
ભાંગે ભવોભવ દુઃખડાં. આજ૦ ૬

---

## શ્રી પદમ પ્રભુ સ્તવન.

પદમ પ્રભુ પ્રાણસે પ્યારા,
છોડાવો કર્મની ધારા;
કરમ ફંદ તોડવા ધોરી,
પ્રભુજી સે અર્જ હૈ મોરી, પદમ૦ ૧
લઘુવય એક થે જીયા,
મુક્તિ મેં વાસ તુમ કિયા;
ન જાની પીર તેં મોરી,
પ્રભુ અબ ખેંચ લે દોરી. પદમ૦ ૨
વિષયસુખ માની મોં મન મેં,
ગયો સબ કાલ ગફલત મેં;
નરક દુઃખ વેદના ભારી,
નિકલવા ના રહી બારી. પદમ૦ ૩

પરવશ દીનતા કીની,
પાપકી પોટ શીર લીની;
ભક્તિ નહિ જાની તુમકેરી,
રહ્યો નિશદિન દુઃખ ઘેરી. પદ્મ૦ ૪
ઇસ વિધ વિનતિ તોરી,
કરૂં મેં હાથ કર જોડી;
આતમ આનંદ મુજ દીજો,
વીરનું કાજ સબ કીજો. પદ્મ૦ ૫

## શ્રી સુપાર્શ્વનાથ સ્તવન.

ક્યું ન હો સુણાઇ સ્વામી,
ઐસા ગુન્હા કયા કિયા;
ઓરોં કી સુનાઇ જાવે,
મેરી વારી નાહી આવે.
તુમ બિન કૌન મેરા ?
મુઝે ક્યું ભૂલા દિયા. ક્યું૦ ૧

ભક્તજનો તાર દીયા,
　　તારને કા કામ કિયા;
બિન ભક્તિવાલા મોપે,
　　પક્ષપાત ક્યું લિયા ? ક્યું૦ ૨

રાવ રંક એક જાનો,
　　મેરા તેરા નાહિ માનો;
તરણુતારણુ ઐસા બિરૂદ,
　　　　ધાર ક્યું લિયા ? ક્યું૦ ૩

ગુન્હા મેરા બક્ષ દીજે,
　　મોપે અતિ મહેર કીજે;
પક્કા હિ ભરોસા તેરા,
　　દિલો મેં જમા લિયા. ક્યું૦ ૪

તુંહી એક અંતરજામી,
　　સુનો સુપાર્શ્વસ્વામી;
અબ તો આશ પૂરો મેરી,
　　કહના સો કહ દીયા. ક્યું૦ ૫

શહેર અંબાલા ભેટી,
　　પ્રભુજી કા મુખ દેખી;
મનુષ્ય જનમ કા લાહા,
　　લેના સો તો લે લીયા. ક્યું૦ ૬

ઉન્નિસો છાસઠ છબીલા,
　　દીપમાલા દિન રંગીલા;
કહે વીરવિજય પ્રભુ,
　　ભક્તિ મેં જમા લિયા. ક્યું૦ ૭

---

## શ્રી ગોડી પાર્શ્વ જિનની લાવણી.

તું અકલંકી રૂપ સ્વરૂપી, પરમાનંદ પદ તુ દાઇ,
તું શંકર બ્રહ્મા જગદીશ્વર, વીતરાગ તું નિર્માયી.
અનુપમ રૂપ દેખી તુજ રીઝે, સુરનરનારી કે વૃંદા,
નમો નિરંજન ફણિપતિ સેવિત, પાસ ગોડીચા
　　　　　　　　　　　　　　　　　　　સુખકંદા.

કાને કુંડળ શિર છત્ર બિરાજે, ચક્ષુ ટિકા નિરધારી,
અષ્ટ બિજોરૂં હાથ સોહે, તુમ પદ વંદે સહુ નરનારી.
અગ્નિ કાષ્ટસેં સર્પ નીકાલ્યા, મંત્ર સુણાયા બહુભારી,
પૂર્વજન્મકા વૈર ખોલાવ્યા, જળ બરસાયા શિરધારી.
જળ આવી પ્રભુ નાકે અડીયાં, આસન કંપ્યા નિરધારી,
નાગ નાગણી છત્ર ધરે છે, પૂર્વ જન્મકા ઉપકારી.
રૂપ વિજય કહે સુણ મેરી લાવણી એસી શોભા બહુ સારી,
માતાપિતા બંધવ સહુ સાથે સંજમ લીધાં નિરધારી.

---

## પારસનાથનું સ્તવન.

પાસ શંખેશ્વરા સાર કર સેવકા,
દેવ કા આવડી વાર લાગે,

કોડી કરજોડી, દરબાર આગે ખડા,
ઠાકુરા ચાકુરા, માન માગે. પાસ. ૧
પ્રગટ થા પાસજી, મેલી પડદો પરો,
મોડ અસુરાણને આપ છોડો,
મુજ મહિરાણ મંજુસમાં પેસીને,
ખલકના નાથજી, બંધ ખોલો. પાસ. ૨
જગતમાં દેવ જગદીશ તું જાગતો,
એમ શું આજ જિનરાજ ઉંઘે,
મોટા દાનેશરી તેહને દાખીએ,
દાન દે જેહ જગ કાલ મોંઘે. પાસ. ૩
ભીડ પડી જાદવા જોર લાગી જરા,
તતક્ષણ ત્રીકમે તુંજ સંભાર્યો,
પ્રગટ પાતાળથી પલકમાં તેં પ્રભુ,
ભક્તજન તેહનો ભય નિવાર્યો. પાસ. ૪
આદિ અનાદિ અરિહંત તું એક છે,
દીન દયાલ છે કૌન દૂજો ?

ઉદયરત્ન કહે પ્રગટ પ્રભુ પાસજી,
પામી ભયભંજનો એહ પૂજો. પાસ. ૫

---

## શ્રી ઋષભદેવ જિન સ્તવન.

માતા મરૂદેવીના નંદ, દેખી તાહરી મૂરતી
મારૂં મન લોભાણુંજી, મારૂં દીલ લોભાણુંજી-દેખી
કરૂણા નાગર કરૂણા સાગર, કાયા કંચનવાન,
ધોરી લંછન પાઉલે કાંઇ, ધનુષ્ય પાંચસો
માન-માતા

ત્રિગડે બેસી ધર્મ કહતાં, સુણે પર્ષદા બાર,
યોજનગામિની વાણી મીઠી વરસંતી
જળધાર-માતા

ઉર્વશી રૂડી અપચ્છરાને રામા છે મનરંગ,
પાયે નેપુર રણઝણે, કાંઇ કરતી નાટારંગ-માતા
તુંહી બ્રહ્મા તુંહી વિધાતા, તું જગતારણહાર,
તુજ સરખો નહિ દેવ જગતમાં, અડવડીયા
આધાર-માતા

તુંહી ભ્રાતા તુંહી ત્રાતા તુંહી જગતનો દેવ,
સુરનર કિન્નર વાસુદેવા, કરતા તુજ પદસેવ-માતા
શ્રી સિદ્ધાચળ તીરથ કેરો રાજા રૂષભ જિણંદ,
કીર્તિ કરે માણેક મુનિ તાહરી, ટાળો ભવના
ફંદ-માતા

---

## શ્રી સિદ્ધાચલજી સ્તવન

સમકિત દ્વાર ગભારે પેસતાંજી,
પાપ પડલ ગયાં દૂરરે;
મોહન મરૂદેવીનો લાડણોજી,
દીઠો દીઠો આનંદ પૂરરે-સમકિત
આયુ વરજીત સાતે કરમનીજી,
સાગર કોડાકોડી હીણુરે;
સ્થિતિ પઢમ કરણે કરીજી,
વીર્ય અપૂરવ મોઘર લીધરે-સમકિત
ભુંગળ ભાગી આદ્ય કષાયનીજી,
મિથ્યાત મોહની સાંકળ સાથરે;

બાર ઉઘાડ્યાં સમ સંવેગનાજી,
અનુભવ ભવને બેઠા નાથરે-સમકિત

તોરણ બાંધ્યું જીવદયાતણુંજી,
સાથિયો પૂર્યો શ્રદ્ધા રૂપરે,
ધૂપઘટા પ્રભુગુણ અનુમોદનાજી,
દ્વીગુણ મંગળ આઠ અનુપરે-સમકિત

સંવર પાણી અંગ પખાળેજી,
કેસર ચંદન ઉત્તમ ધ્યાનરે;
આતમ ગુણરૂપી મૃગમદ મહમહેજી
પંચાચાર કુસુમ પ્રધાનરે-સમકિત

ભાવ પૂજાએ પાવન આત્માજી,
પૂજો પરમેશ્વર પુન્ય પવિત્રરે,
કારણ જોગે કારજ નીપજેજી,
ખિમાવિજય જિન આગમ રીતરે-સમકિત.

## સંભવનાથ સ્તવન

સાહિબ સાંભળોરે, સંભવ અરજ અમારી,
ભવોભવ હું ભમ્યોરે, ના લહી સેવા તુમારી;
નરકનિગોદમાંરે, તિહાં હું બહુ ભવ ભમીયો,
તુમ વિના દુઃખ સહ્યાંરે અહનિંશ ક્રોધે
ધમધમીયો—સાહિબ. ૧

ઇંદ્રી વશ પડ્યારે, પાળ્યાં વ્રત નવી હુંશે,
તૃણ પણ નવી ગણ્યારે, હણીયા થાવર હુંશે;
વ્રત પણ ચિત્ત નવી ધર્યારે બીજું સાચું ન બોલ્યું,
પાપની ગઠડીરે, તિહાં મેં હૈડલું ખોલ્યું.
સાહિબ. ૨

ચોરી મેં કરીરે, ચૌવિહ અદત્ત ન ટાળ્યું,
શ્રી જિન આણશું રે, મેં નવી સંજમ પાળ્યું;
મધુકર તણી પરેરે, શુદ્ધ ન આદર ગવેખ્યો,
રસના લાલચેરે, નિરસ પિંડ ઉવેખ્યોરે.
સાહિબ. ૩

નરભવ દોહિલોરે, પામી મોહવશ પડિયો,
પરસ્ત્રી દેખીનેરે, મુજ મન ત્યાં જઇ અડિયો;
કામ ન કો સર્યા રે, પાપે પિંડ મેં ભરિયો,
શુદ્ધ બુદ્ધ નવી રહીરે, તેણે નવિ આતમ
તાર્યો—સાહિબ. ૪

લક્ષ્મીની લાલચેરે, મેં દીનતા બહુ દાખી,
તો પણ નવી મળીરે, મળી નવી રહી રાખી;
જે જન અભિલખેરે, તેહ તો તેહથી નાસે,
તૃણ સમ જે ગણેરે, તેહને નિત્ય રહે પાસે.
સાહિબ. ૫

ધન્ય ધન્ય તે નરારે, એહનો મોહ વિછોડી,
વિષય નિવારીનેરે, જેહને ધર્મમાં જોડી;
અભક્ષ તે મેં ભાખ્યાંરે, રાત્રિભોજન કીધાં,
વ્રત નવી પાળીયાંરે, જેહવા મૂળથી લીધાં.
સાહિબ. ૬

એમ અનંતા ભવ ભમ્યોરે ભમતાં સાહિબ મળિયો
તુમ વિણુ કોણ દીયેરે બોધરયણુ મુજ બળિયો;

સંભવ આપજોરે, ચરણકમળ તુજ સેવા,
નય એમ વિનવે રે, સુણજો દેવાધિદેવા.
સાહિબ. ૭

## સ્તવન

પ્યારો લાગે મને સારો લાગે,
દર્શનમાં ગંભીરોજી પ્યારો લાગે;
સોનાકેરી ઝારીયાં ને માંહે ભર્યાં પાણી,
ન્હાવણ કરાવું મેરા જિનજીકે અંગ. દરશન૦
કેશર ચંદન ભર્યાં રે કચોળાં,
પૂજા કરું મેરા પ્રભુજીકે અંગ. દરશન૦
ધૂપ ધ્યાન ઘટા અનહદ હૈ,
લળી લળી શીશ નમાવત હૈ. દરશન૦
ફૂલ ગુલાબકી આંગી બની હૈ,
હાર પહેરાવું સેરા જિનજીકે અંગ. દરશન૦
આનંદઘન પ્રભુ ચલત પંથમેં,
જ્યોતિમેં જ્યોત મીલાવત હૈ. દરશન૦

# શ્રી નેમિનાથ સ્તવન

પરમ રૂપ નિરંજન, જન-મન-રંજનો લલના,
ભક્ત વચ્છલ ભગવંત તું, ભવભય-ભંજણો; લ૦
જગતજંતુ હિતકારક, તારક જગધણી, લ૦
તુજ પદપંકજ સેવ, હેવ મુજને ઘણી. લ૦ ૧

આવ્યો રાજ હજૂર, પૂરણ ભક્તિ ભરે, લ૦
આપો સેવના આપ, પાપ જિમ સવિ ટલે. લ૦
તુજ સરીખા મહારાજ મહેર જો નહિ કરે, લ૦
તો અમ સરીખા જીવનાં, કારજ કિમ સરે ? લ૦ ૨

જગતતારક જિનરાજ, બિરૂદ છે તુમ તણો, લ૦
આપો સમકિતદાન, પરાયા મત ગણો; લ૦
સમરથ જાણી દેવ, સેવના મેં કરી, લ૦
તેહી જઇ સમરત્થ, તરણતારણ તરી. લ૦ ૩

મૃગ શીર સીત એકાદશી, ધ્યાન શુકલ ધરી, લ૦
ઘાતી કરમ કરી અંત કે, કેવલશ્રી વરી, લ૦

જગનિસ્તારણ કારણ, તીરથ થાપીયો, લ૦
આતમ સત્તા ધર્મ, ભવ્યને આપીયો, લ૦ ૪
અમ વેલા કિમ આજ, વિલંબ કરી રહ્યાં, લ૦
જાણો છો મહારાજ, સેવકે ચરણાં ગ્રહ્યાં, લ૦
મન માન્યા વિના માહરૂં નવિ છોડું કદા, લ૦
સાચો સેવક તેહ જે સેવ કરે સદા, લ૦ ૫
વપ્રા માત સુજાત, કહાવો શ્યું ઘણું, લ૦
આપો ચિદાનંદ દાન, જનમ સફલો ગણું, લ૦
જિન ઉત્તમ પદ પદ્મ-વિજય પદ દીજીએ, લ૦
રૂપવિજય કહે સાહિબ, મુજરો લીજીએ લ૦ ૬

---

## શ્રી ચિન્તામણિ પાર્શ્વજિન સ્તવન.

શ્રી ચિન્તામણિ પાર્શ્વજી,
વાત સુણો એક મોરીરે;
માહરા મનના મનોરથ પૂરજો,
હું તો ભક્તિ ન છોડું તોરીરે. શ્રી૦ ૧

માહરી ખિજમતમાં ખામી નહિ,
તાહરે ખોટ ન કાંઇ ખજાને રે;
હવે દેવાની શી ઢીલ છે?
કહેવું તે કહીએ છાને રે. શ્રી૦ ૨

તે ઉરણ સવી પૃથિવી કરી,
ધન વરસી વરસી-દાને રે;
માહરી વેળાં શું એહવા,
દીઓ વાંછિત વાળો વાનરે. શ્રી૦ ૩

હું તો કેડ ન છોડું તાહરી,
આપ્યા વિણુ શિવસુખ સ્વામીરે;
મૂરખ તે ઓછે માનશે,
ચિન્તામણિ કરયલ પામીરે. શ્રી૦ ૪

મત કહશ્યો તુજ કર્મે નથી,
કર્મે છે તો તું પામ્યો રે;
મુજ સરીખા કીધા મોટકા,
કહો તેણે કાંઇ તુજ થામ્યોરે. શ્રી૦ ૫

કાલ સ્વભાવ ભવિતવ્યતા,
    તે સઘળા તારા દાસોરે;
મુખ્ય હેતુ તું મોક્ષનો,
    એ મુજને સબલ વિશ્વાસોરે. શ્રી૦ ૬

અમે ભકતે મુક્તિને ખેંચશું,
    જિમ લોહને ચમક પાષાણોરે;
તુમે હેજે હસીને દેખશો,
    કહેશો સેવક છે સપરાણોરે. શ્રી૦ ૭

ભક્તિ આરાધ્યા ફળ દીએ,
    ચિન્તામણિ પણ પાષાણોરે,
વળી અધિકું કાંઇ કહાવશો,
    એ ભદ્રક ભક્તિ તે જાણોરે. શ્રી૦ ૮

બાળક તે જિમ તિમ બોલતો,
    કરે લાડ તાતને આગે રે;
તે તેહશું વંછિત પૂરવે,
    બની આવે સઘળું રાગે રે. શ્રી૦ ૯

માહરે બનનારું તે બન્યું જ છે,
હું લોકને વાત શીખાવું રે;
વાચક જસ કહે સાહિબા,
એ ગીતે તુમ ગુણ ગાવું રે. શ્રી૦ ૧૦

---

## શ્રી સિદ્ધાચલગિરિનું સ્તવન.

દૈત સમાન ને અસી સમાનરે,
જે તાહરે દિલ આવેરે. નાગર સજ્જનારે.
કોઇ સિદ્ધગિરિરાજ ભેટાવેરે,
વંદાવેરે, પૂજાવેરે, ફરસાવેરે,
બતલાવેરે, દેખાવેરે,ગવરાવેરે નાગર સજ્જનારે.
અતિહી ઊમૈયોને બહુ દિન વહિયોરે,
માનવના વૃંદ આવેરે. નાગર સજ્જનારે. (૧)
ધવલ દેવલીયાને સુરપતી મલીયારે,
કોઈ ચારે પાજે ચઢાવે. નાગર સજ્જનારે (૨)

શ્રીજિન નિરખીત હરખીત હોવે,
તૃષિત ચાતક ઘન પાવેરે. નાગર સજ્જનારે (૩)
નાટક ગીત ને વાજીંત્ર વાગેરે,
કેઈ મનગમતા નાદ સુણાવેરે. નાગર સજનારે (૪)
ધન્ય ધન્ય તે ગૃહપતિ ને નરપતી,
કોઈ સંઘપતી તિલક કરાવેરે. નાગર સજ્જનારે (૫)
સકલ તીર્થમાંહે સમર્થ એ ગિરિ,
કેઇ આગમ પાઠ સુણાવેરે. નાગર સજ્જનારે (૬)
ઘેર બેઠાં પણ એ ગિરિ ગાવેરે,
શ્રી જ્ઞાનવિમલ સુખ પાવેરે. નાગર સજ્જનારે (૭)
કોઇ સિદ્ધાચલ ગિરિરાજ ભેટાવેરે,
વંદાવેરે, પૂજાવેરે, ફરસાવેરે, બતલાવેરે
દેખાવેરે, નવરાવેરે. નાગર સજ્જનારે.

## શ્રી નેમનાથ સ્તવન.

તુજ દરીશન દીઠું અમૃત મીઠું લાગેરે.
યાદવજી !

ખિણ ખિણ મુજ તુજશું ધર્મસનેહો જાગેરે.
યાદવજી !
તું દાતા ત્રાતા ભ્રાતા માતા તાતરે.
યાદવજી !
તુજ ગુણના મોટા જગમાં છે અવદાતરે.
યાદવજી ! ૧

કાચે રતી માંડે સુરમણિ છાંડે કુણરે ?
યાદવજી !
લઇ સાકર મૂકી કુણ વળી ચૂકી લૂણરે.
યાદવજી !
મુજ મન ન સુહાયે તુજ વિણ બીજો દેવરે.
યાદવજી !
હું અહર્નિશ ચાહું તુજ પય પંકજ સેવરે.
યાદવજી ! ૨

સુરનંદન હે બાગજ જિમ રહેવા સંગરે.
યાદવજી !

જિમ પંકજ ભૃંગા શંકર ગંગા રંગરે.
યાદવજી !
જિમ ચંદ ચકોરા મેહા મોરા પ્રીતિરે.
યાદવજી !
તુજમાં હું ચાહું તુજ ગુણને જોગે તે છતીરે.
યાદવજી ! ૩

તુમને ધાર્યા વિસાર્યા નવિ જાયરે.
યાદવજી !
દિન રાતે ભાતે ધ્યાઉં તો સુખ થાયરે.
દિલ કરુણા આણો જો તુમ જાણો રાગરે.
યાદવજી !
દાખો એક વેરા ભવજલ કેરા તાગરે.
યાદવજી ! ૪

દુઃખ ટલીયો મીલીયો આપે મુજ જગનાથરે.
યાદવજી !
સમતા રસ ભરિયો ગુણ ગણ દરિયો શિવ સાથરે.
યાદવજી !

તુજ મુખડું દીઠે દુઃખ નાઠે સુખ હોઇરે.
યાદવજી !
વાચક જસ બોલે નહિ તુજ તોલે કોઇરે.
યાદવજી !
વૈરાગીરે સોભાગીરે. યાદવજી ! ૫

---

## શ્રી શાંતિજિન સ્તવન

સોળમા શ્રીજિનરાજ ઓલગ સુનો અમતણી લલના
ભગતથી એવડી કેમ, કરો છો ભોળામણી, લલના
ચરણે વિલગ્યો જેહ, આવીને થઇ ખરો, લલના
નિપટથી તેહથી કોણ, રાખે રસ આંતરો. લલના
મેં તુજ કારણ સ્વામી, ઉવેખ્યા સુર ઘણા, લલના
મારી દિશાથી મેં તો, ન રાખી કાંઇ મણા; લલના
તો તમે મુઝથી કેમ, અપૂઠા થઇ રહો, લલના
ચૂક હોવે જો કોઇ, સુખે મુખથી કહો. લલના
તુજથી અવર ન કોઇ, અધિક જગતીતલે. લલના

જેહથી ચિત્તની વૃત્તિ, એકાંગી જઇ મલે; લલના
દીજે દરિસણ વાર, ઘણી ન લગાવીએ, લલના
વાતલડી અતિ મીઠી, તે કેમ વિરમાવીએ? લલના
તું જો જલ તો હું કમલ, કમલ તો હું વાસના, લલના
વાસના તો હું ભ્રમર, મૂકું ન ઉપાસના; લલના
તું છોડે પણ પણ હું કેમ, છોડું તુજ ભણી, લલના
લોકોત્તર કોઇ પ્રીતિ, આવી તુજથી બની. લલના
દૂરથી શ્યાને સમકિત, દેઇને ભોળવ્યો, લલના
ખોટે હવે કિમ જાઉં, દિલાસે ઓળવ્યો; લલના
જાણી ખાસો દાસ, વિમાસો છો કિસ્યું? લલના
અમે પણ ખીજમતમાંહી, ખોટા કિમ જાચાસ્યું. લલના
બીજી ખોટી વાતે, અમે રાચું નહીં, લલના
મેં તુમ આગળ માહરા, મન વાલી કહી; લલના
પૂરણ રાખો પ્રેમ, વિમાસો શું તમે, લલના
અવસર લહી એકાંતે, વિનવીએ છીએ અમે. લલના
અંતરજામી સ્વામી, અચિરા નંદના, લલના

શાંતિકરણ શ્રી શાંતિજી, માનજો વંદના; લલના
તુજ સ્તવનાથી તન મન ઉપન્યો, લલના
કહે મોહન મનરંગ, સુપંડિત રૂપનો. લલના

---

## શ્રી મહાવીરસ્વામી સ્તવન.

વીર જિનેશ્વર સાહિબ મેરા, પાર ન લહું તેરા;
મહેર કરી ટાલો મહારાજજી, જન્મ મરણના ફેરા
હો જિનજી અબ હું શરણે આવ્યો. ૧

ગર્ભાવાસતણા દુઃખ મહોટાં, ઊંધે મસ્તક રહિયો;
મળ મૂત્રમાંહે લપટાણો, એહવાં દુઃખ મેં
સહિયાં. હો જિનજી ૨

નરક નિગોદમાં ઉપજ્યો ને ચવીયો,
સૂક્ષ્મ બાદર જાઈઓ;
વીંધાણો સુઇને અગ્રભાગે,
માન તિહાં કિહાં રહિઓ ? હો જિનજી ૩

નરકતણી વેદના અતિ ઉલસી,
સહી તે જીવે બહુ;
પરમાધામીને વશ પડીયો,
તે જાણો તમે સહુ. હો જિનજી. ૪

તિર્યંચતણા ભવ કાપ્યા ઘણેરાં,
વિવેક નહિંય લગાર;
નિશિદિનનો વ્યવહાર ન જાણ્યો,
કેમ ઉતરાયે પાર. હો જિનજી ૫

દેવતણી ગતિ પુણ્યે હું પામ્યો,
વિષયારસમાં ભીનો;
વ્રત પચ્ચખ્ખાણ ઉદય નવિ આવ્યાં,
તાન માન માંહે લીનો. હો જિનજી ૬

મનુષ્ય જન્મને ધર્મ સામગ્રી,
પામ્યો છું બહુ પુણ્યે;
રાગ દ્વેષમાંહે બહુ ભળીયો,
ન ટળી મમતા બુદ્ધિ. હો જિનજી ૭

એક કંચન ને બીજી કામિની,
તેહ શું મનડું બાંધ્યું;
તેહના ભોગ લેવાને હું શૂરો,
કેમ કરી જિન ધર્મ સાધું ? હો જિનજી. ૮
મનની દોડ કીધી અતિ ઝીણી,
હું છું કોક જડ જેવો;
કલિ કલિ કલ્પ મેં જન્મ ગમાયો,
પુનરપિ પુનરપિ તેહવો. હો જિનજી. ૯
ગુરુ ઉપદેશમાં હું નથી ભીનો,
ન આવી સદ્દહણા સ્વામી;
હવે વડાઇ જોઇએ તમારી,
ખિજમતમાંહિ છે ખામી. હો જિનજી ૧૦
ચાર ગતિમાંહે રવડીયો,
તો એ ન સિધ્યાં કાજ;
ઋષભ કહે તારો સેવકને,
બાંહે ચઢયાની લાજ. હો જિનજી. ૧૧

# સિદ્ધગિરિમંડન આદિજિન સ્તવન.

તુમે તો ભલે બિરાજોજી સિદ્ધાચલકે વાંસી સાહિબ ?
ભલે બિરાજોજી. અંચલી.

મરૂદેવીનો નંદન રૂડો, નાભિનરિંદ મલ્હાર;
જુગલા ધર્મ નિવારણ આવ્યા, પૂર્વ નવ્વાણું વાર.
તુમે તો૦ ૧

મૂળનાયકની સન્મુખ રાજે, પુંડરીક ગણધાર;
પંચ ક્રોડશું ચૈત્રી પૂનમે, વરીઆ શિવવધૂ સાર.
તુમે તો૦ ૨

સહસકોટ દક્ષિણ બિરાજે, જિનવર સહસ ચોવીસ;
ચઉદસેં બાવન ગણધરનાં, પગલાં વામ જગીશ.
તુમે તો૦ ૩

પ્રભુ પગલાં રાયણ હેઠે, પૂજી પરમાનંદ;
અષ્ટાપદ ચોવીશ જિનેશ્વર, સમ્મેત વીશ જિણંદ.
તુમે તો૦ ૪

મેરૂ પર્વત ચૈત્ય ઘણેરાં, ચઉમુખ બિંબ અનેક;
બાવન જિનાલય દેવળ નિરખી, હરખ બહુ અતિરેક.
તુમે તો૦ ૫

સહસફણા ને શામળા પાસજી,સમવસરણ મંડાણ;
છીપાવસીને ખરતરવસી કાંઇ, પ્રેમાવસી પરમાણ.
તુમે તો૦ ૬

સંવત અઢાર ઓગણપચાસે, ફાગણ અષ્ટમી દિન;
ઉજ્જવલપક્ષે ઉજ્જવળ હુઓ કાંઇ,ગિરિ ફરસ્યા મુજ મન.
તુમે તો૦ ૭

ઇત્યાદિક જિનબિંબ નિહાલી, સાંભરી સિદ્ધની જેણ;
ઉત્તમ ગિરિવર કેણી પેરે વિસરે, પદ્મવિજય કહે જેણ.
તુમે તો૦ ૮

---

## સામાન્ય જિન સ્તવન.

જિણંદા પ્યારા મુણીંદા પ્યારા,
દેખોરે જિણંદા ભગવાન
દેખોરે જિણંદા પ્યારા ૦ એ ટેક.

સુંદર રૂપ સ્વરૂપ વિરાજે,
સ્વરૂપ વિરાજે;
જગ નાયક ભગવાન-દેખોરે. ૧

દરસ સરસ નીરખ્યો જિનજીકો,
નીરખ્યો જિનજીકો;
દાયક ચતુર સુજાણુ-દેખોરે. ૨

શોક સંતાપ મીટ્યો અબ મેરો,
મીટ્યો અબ મેરો;
પાયો અવિચલ ભાણુ-દેખોરે. ૩

સફલ ભઇ મેરી આજુકી ઘડીયાં,
આજુકી ઘડીયાં;
સફલ ભયે બેનું પ્રાણુ-દેખોરે. ૪

દરિસણુ દેખ મીટ્યો દુઃખ મેરો,
મીટ્યો દુઃખ મેરો;
આનંદઘન અવતાર-દેખોરે. ૫

# વિમલગિરિ સ્તવન.

જિણંદા તોરે ચરણકમલકીરે,
હું ચાહું સેવા પ્યારી, તો નાસે કર્મ કઠારી;
ભવ-ભ્રાન્તિ મીટ ગઈ સારી. જિણંદા૦ ૧
વિમલગિરિ રાજેરે, મહિમા અતિ ગાજેરે,
વાજે જગડંકા તેરા, તું સચ્ચા સાહિબ મેરા;
હું બાલક ચેરા તેરા. જિણંદા૦ ૨
કરુણા કર સ્વામી રે, તું અંતરજામી રે,
નામી જગ પૂનમ ચંદા, તું અજર અમર સુખકંદા;
તું નાભિરાયા કુલનંદા. જિણંદા૦ ૩
ઇણગિરિ સિદ્ધારે, મુનિ અનંત પ્રસિદ્ધા રે,
પ્રભુ પુંડરીક ગણધારી, પુંડરીકગિરિ નામ કહારી;
એ સબ મહિમા હૈ થારી. જિણંદા૦ ૪
તારક જગ દીઠારે, પાપ પંક સહુ નાઠારે,
યહ ઠામો મનમેં ભારી, મેં કીની સેવા થારી;
હું માસ રહ્યો શુભ ચારી. જિણંદા૦ ૫

અબ મોહે તારો રે, બિરૂદ નિહારો રે,
તીરથ દો જિનવર ભેટી, મેં જન્મ જરા દુઃખ મેટી;
હું પાયો ગુણુની પેટી. જિણંદા૦ ૬
દ્રાવિડ વારિખિલ્લારે, દસ કોડી મુનિ મિલ્લારે;
હુઆ મુક્તિ રમણી નિસ્તારા,
કાર્તિક પૂનમ દિન સારા,
જિનશાસન જગ જયકારા. જિણંદા૦ ૭
સંવત શિખિ ચારારે, નિધિ ઇંદુ ઉદારા રે;
આતમકો આનંદકારી, જિનશાસનકી બલિહારી,
પામ્યો ભવજલધિ પારી. જિણંદા૦ ૮

## શ્રી સંભવનાથ સ્તવન.

સંભવ જિનરાજ સુખકંદા,
અહો સર્વજ્ઞ જિન ચંદા;
હરો ભમર જાલકા ફંદા,
મીટે જરા મરણકા ધંદા. સંભવ ૧

જો યાચક આશ ના પૂરે,
તો દાતા બિરૂદ હૈ દૂરે;
જો દાયક મૂલ ના જાણે,
તો માંગન આશ કુણ આણે ? સંભવ ૨

ગુણવંત જાન જો તારે,
તો શિર પર નાથ કુણ ધારે ?
મૂલ ગુણી કોન જગ સારે,
અનાદિ ભરમકો ફારે. સંભવ ૩

જો રોગી હોત હૈ તનમેં,
તો વૈદ્ય વો ધારત મનમેં;
હું રોગી વૈદ્ય તું પૂરો,
કરો સબ રોગ ચકચૂરો. સંભવ ૪

જ્યું પારસ લોહતા ખંડે,
કનક શુદ્ધ રૂપકું મંડે;
ઐસો જિનરાજ તું દાતા,
હવે ક્યું ઢીલ હૈ ત્રાતા ? સંભવ ૫

જે જાચે દેવમેં જેને,
કહું હવે નામ તે કેને;
તું જાને આદથી ચેરી,
અવસ્થા જગતમેં મેરી. સંભવ ૬

કલ્પતરુ જાનકે રાચ્યો,
ન નિષ્ફળ હોત અબ જાચ્યો;
કરો નિજ રૂપ સાનીકો,
ન થાઉં ફીર જગ ફીકો. સંભવ ૭

જો ભક્તિ નાથકી કરતા,
અક્ષય ભંડારકું ભરતા;
આનંદ મનમાંહિ અતિ ભારો,
નિહારો દાસકું તારો. સંભવ. ૮

---

## વિમલાચલમંડન આદિનાથ સ્તવન.

આદિ જિણંદ દયાલ હો,
મોરી લાગી લગનવા (અંચલી)

વિમલાચલ મંડન દુઃખખંડન,
મંડન ધર્મ વિસાલ હો. મેરી ૧
વિષધર મોર ચોર કામીજાન,
દરિશન કર નિહાલ હો. મેરી ૨
હું અનાથ તું ત્રિભુવન નાથ,
કર મેરી સંભાલ હો. મેરી ૩
આતમ આનંદકંદકે દાતા,
ત્રાતા પરમ દયાલ હો. મેરી ૪

---

## શ્રી શાંતિજિન સ્તવન.

( રાગ—સોરઠ )

પ્રભુ શાન્તિજિણંદ સુખકારી,
ઘટ અંતર કરુણા ધારીરે. પ્રભુ૦ અંચલી૦
વિશ્વસેન અચિરાજીકો નંદન,
કર્મ કલંક નિવારી;

અલખ અગોચર અકલ અમર તું,
મૃગલંછન પદ ધારી રે. પ્રભુ૦ ૧

કંચન વરણુ શોભા તનુ સુંદર,
મૂરતિ મોહનગારી;
પંચમો ચક્રી સોળમો જિનવર,
રોગ સોગ ભય વારીરે. પ્રભુ૦ ૨

પારાપત પ્રભુ શરણુ ગ્રહીને,
અભયદાન દીયો ભારી;
હમ પ્રભુ શાન્તિ જિનેશ્વર નામે,
લેશું શિવ પટરાણી રે. પ્રભુ૦ ૩

શાન્તિ જિનેશ્વર સાહિબ મેરા,
શરણુ લીયા મેં તેરા;
કૃપા કરી મુજ ટાળો સાહિબ,
જનમ મરણુકા ફેરા રે. પ્રભુ૦ ૪

તન મન થીર કરે તુમ ધ્યાને,
અંતર મેલ તે વામે;
વીરવિજય કહે તુમ સેવનથી,
આતમ આનંદ પાવે રે. પ્રભુ૦ ૫

---

## ભોયણી મંડન શ્રી મલ્લિજિન સ્તવન.

જિનરાજા તાજા મલ્લિ બિરાજે,
ભોયણી ગામમેં (અંચલી)

દેશ દેશકે જાત્રુ આવે,
પૂજા સરસ રચાવે;
મલ્લિ જિનેશ્વર નામ સિમરકે,
મનવાંછિત ફલ પાવે રે. જિન ૧

ચતુર વરણકે નર નારી મિલ,
મંગલ ગીત કરાવે;
જય જયકાર પંચ ધ્વનિ વાજે,
શિર પર છત્ર ધરાવે રે. જિન ૨

હિંસકજન હિંસા તજી પૂજે,
  ચરણે શિર નમાવે;
તું બ્રહ્મા તું હરિ શિવ શંકર,
  અવર દેવ નવિ ભાવે રે. જિન ૩

કરૂણા રસ ભરે નયન કચોલે,
  અમૃત રસ વરસાવે;
વદન ચંદ ચકોર જ્યું નિરખી,
  તન મન અતિ ઉલસાવે રે. જિન ૪

આતમ રાજા ત્રિભુવન તાજા,
  ચિદાનંદ મન ભાવે;
મલ્લિજિનેશ્વર મનહર સ્વામી,
  તેરા દરસ સુહાવે રે. જિન ૫

---

## શ્રી મહાવીરસ્વામી સ્તવન.

વીર જિણંદ કૃપાલ હો,
  તું મુજ મન ભાયા–અંચલી.

તેરે બિન કૌન અધમ ઉદ્ધારણ,
વારણ મિથ્યા જાલ હો. તું મુજ ૧
વચન સુધારસ તુમ જગ પ્રગટે,
ગટકે ભવિજન લાલ હો. તું મુજ ૨
આતમ આનંદ રસ ભર લીનો,
અજર અમર અકાલ હો. તું મુજ ૩

---

## શ્રી સિદ્ધગિરિમંડન આદિજિન સ્તવન

વિવેકી વિમલાચલ વસીયે,
તપ જપ કરી કાયા કસીયે;
ખોટી માયાથી ખસીયે,
વિવેકી વિમલાચલ વસીયે.
વસી ઉન્મારગથી ખસીયે,
વિવેકી વિમલાચલ વસીયે. ૧
માયા મોહિનીએ મોહ્યો,
કોણ રાખે રણમાં રોયો;

આ નરભવ એળે ખોયો,
વિવેકી વિમલાચલ વસીયે. ૨

બાળ લીલાએ હુલરાવ્યો,
યૌવન યુવતિયે ગાયો;
તોયે તૃપ્તિ નવિ પાયો,
વિવેકી વિમલાચલ વસીયે. ૩

રમણી ગીત વિષય રાચ્યો,
મોહની મદિરાએ માચ્યો;
નવ નવ વેષ કરી નાચ્યો,
વિવેકી વિમલાચલ વસીયે. ૪

આગમ વાણી સમી આસી,
ભવ—જલધિમાંહિ વાસી;
રોહિત મત્સ્ય સમો થાસી,
વિવેકી વિમલાચલ વસીયે. ૫

મોહની જાલને સંહારે,
આપ કુટુંબ સકલ તારે;

વરણુવીયે તે સંસારે,
વિવેકી વિમલાચલ વસીયે. ૬

સંસારે કૂડી માયા,
પંથ શિરે પંથી આયા,
મૃગતૃષ્ણા જળને ધાયા,
વિવેકી વિમલાચલ વસીયે. ૭

ભવ દવ તાપ લહી આયા,
પાંડવ પરિકર મુનિરાયા,
શીતલ સિદ્ધાચલ છાયા,
વિવેકી વિમલાચલ વસીયે. ૮

ગુરૂ ઉપદેશ સુણી ભાવે,
સંઘ દેશોદેશથી આવે;
ગિરિવર દેખી ગુણ ગાવે,
વિવેકી વિમલાચલ વસીયે. ૯

સંવત અઢાર ચોરાશીએ,
માઘ ઉજ્વલ એકાદશીએ;

વાંધા પ્રભુજી વિમલવસીએ,
વિવેકી વિમલાચલ વસીયે. ૧૦

જાત્રા નવ્વાણું અમે કરીએ,
ભવ ભવ પાતિકડાં હરીએ;
તીર્થ વિના કહો કેમ તરીએ ?
વિવેકી વિમલાચલ વસીયે. ૧૧

હંસ મયૂરા ઇણુ ઠામે,
ચકવા શુક પિક પરિણામે;
દર્શને દેવગતિ પામે,
વિવેકી વિમલાચલ વસીયે. ૧૨

શેત્રુંજી નદીએ ન્હાઇ,
કષ્ટે સુર સાન્નિધ્ય દાઇ;
પણુસય આપ ગુણુ ઠાઇ,
વિવેકી વિમલાચલ વસીયે. ૧૩

રયણુમય પડિમા પૂજે,
તેના પાતિકડાં ધ્રૂજે;

તે નર સીઝે ભવ ત્રીજે,
વિવેકી વિમલાચલ વસીયે. ૧૪
સાસયગિરિ રાયણ પગલાં,
ચઉમુખ આદિ ચૈત્ય ભલાં;
શ્રી શુભવીર નમે સઘલાં,
વિવેકી વિમલાચલ વસીયે. ૧૫

---

## શ્રી સિદ્ધગિરિમંડન આદિજિન સ્તવન

વિમલાચલ વિમલા પ્રાણી,
શીતળ તરૂ છાયા ઠરાણી,
રસ વેધક કંચન ખાણી,
કહે ઇન્દ્ર સુણો ઇન્દ્રાણી.
સનેહી સંત એ ગિરિ સેવો,
ચઉદ ક્ષેત્રમાં તીરથ નહીં એવો. સનેહી (૧)
ષટ્ રી પાળી ઉલ્લસીએ,
છઠ્ઠ અઠ્ઠમ કાયા કસીએ;

મોહ મલ્લની સામે ધસીએ,
　　વિમલાચલ વેગે વસીએ. સનેહી (૨)
અન્ય સ્થાનક કર્મ જે કરીએ,
　　તે હિમગિરિ હેઠળ હરીએ;
પાછળ પ્રદક્ષિણા ફરીએ,
　　ભવ જલધિ હેલા તરીએ. સનેહી (૩)
શિવમંદિર ચઢવા કાજે,
　　સોપાનની પંક્તિ બિરાજે;
ચઢતાં સમકિતી છાજે,
　　દુર્ભવ્ય અભવ્ય તે લાજે. સનેહી (૪)
પાંડવ પમુહા કેઇ સંતા,
　　આદીશ્વર ધ્યાન ધરંતા;
પરમાતમ ભાવ ભજંતા,
　　સિદ્ધાચળ સિધ્યા અનંતા. સનેહી (૫)
ષટ્માસી ધ્યાન ધરાવે,
　　શુક રાજા તે રાજ્યને પાવે;

બહિરંતર શત્રુ હરાવે,
શત્રુંજય નામ ધરાવે. સનેહી (૬)
પ્રણીધાને ભજો ગિરિ જાચો,
તીર્થંકર નામ નિકાચો;
મોહરાયને લાગે તમાચો,
શુભવીર વિમલગિરિ સાચો. સનેહી (૭)

---

## શ્રી શ્રેયાંસનાથ સ્તવન.

તુમે બહુ મૈત્રી રે સાહિબા, મારે તો મન એક;
તુમ વિણ બીજો રે નવી ગમે,
એ મુજ મોટી રે ટેક
શ્રી શ્રેયાંસ કૃપા કરો. ( આંકણી૦ ) ૧
મન રાખો તુમે સવિ તણાં,
પણ કીહાં એક મળી જાઓ;
લલચાવો લખ લોકને, સાથી સહેજ ન થાઓ.
શ્રી૦ ૨

રાગ ભરે જન મન રહો, પણ તિહું કાલ વૈરાગ;
ચિત્ત તુમારા રે સમુદ્રનો, કોઇ ન પામે રે તાગ.
શ્રી૦ ૩

એહવા શું ચિત્ત મેળવ્યું, કેળવ્યું પહેલાં ન કાંઇ;
સેવક નિપટ અબુઝ છે, નિર્વહશો તુમે સાંઇ.
શ્રી૦ ૪

નિરાગીશું રે કિમ મિલે, પણ મળવાનો એકંત;
**વાચક યશ** કહે મુજ મીલ્યો, ભકતે કામણ તંત.
શ્રી૦ ૫

---

## શ્રી અનંતનાથ સ્તવન.

ધાર તલવારની સોહિલી, દોહિલી ચઉદમા
જિનતણી ચરણ સેવા,
ધાર પર નાચતા દેખ બાજીગરા,
સેવના ધાર પર રહે ન દેવા; ધાર૦ આંકણી૦ ૧
એક કહે સેવીયે વિવિધ કિરિયા કરી,
ફળ અનેકાંત લોચન ન દેખે;

ફળ અનેકાંત કિરિયા કરી બાપડા,
રડવડે ચાર ગતિમાંહિ લેખે. ધાર૦ ૨
ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં,
તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકાં,
મોહ નડીયા કલિકાલ રાજે. ધાર૦ ૩
વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ,
સાંભળી આદરી કાંઇ રાચો. ધાર૦ ૪
દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે,
કિમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો;
શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કહી,
છાર પરે લીંપણું તેહ જાણો. ધાર૦ ૫
પાપ નહી કોઇ ઉત્સૂત્ર ભાષણ જિશ્યું,
ધર્મ નહિ કોઇ જગ સૂત્ર સરિખો;

સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,
તેહનું શુદ્ધ ચારિત્ર પરખો. ધાર૦ ૬

એહ ઉપદેશનો સાર સંક્ષેપથી,
જે નરા ચિત્તમેં નિત્ય ધ્યાવે;
તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી,
નિયત **આનંદઘન** રાજ પાવે. ધાર૦ ૭

---

## શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન.

હાંરે મારે ચંદ્રવદન જિન ચંદ્રપ્રભુ જગનાહુજો,
દીઠો મીઠો ઇચ્છો જિનવર આઠમો રે લોલ;
મનડાનો માનીતો પ્રાણુ આધારજો,
જગસુખદાયક જંગમ સુરશાખી સમો રે લો.
હાંરે૦ ૧

શુભ આશય ઉદયાચળ સમકિત સૂર જો,
વિમળ દશા પૂરવ દિશે ઊગ્યો દીપતો રે લો;

હાં૦ મૈત્રી મુદિતા કરુણા ને માધ્યસ્થ જો,
વિનય વિવેક સુલંછન કમળ વિકાસતો રે લો.
હાંરે૦ ૨

સદ્દહણા અનુમોદન પરિમલ પૂર જો,
પરછાયો મન માનસસર અનુભવ વાયરે રે લો;
હાં૦ ચેતન ચકવા ઉપશમ સરોવર નીર જો,
શુભમતિ ચકવી સંગે રંગ રમલ કરે રે લો.
હાંરે૦ ૩

જ્ઞાન પ્રકાશે નયણડલાં મુજ દોય જો,
જાણે રે ષટ્ દ્રવ્ય સ્વભાવે થાપણે રે લો;
હાં૦ જડ ચેતન ભિન્નાભિન્ન નિત્યાનિત્ય જો,
રૂપી અરૂપી આદિ સ્વરૂપ આપાપણે રે લો.
હાંરે૦ ૪

લખ ગુણ દાયક લખમણા રાણી નંદ જો,
ચરણ સરોરુહ સેવા મેવા સારિખી રે લો;

હાં૦ પંડિત શ્રીગુરુ ક્ષમાવિજય સુપસાય જો,
મુનિ **જિન** જંપે જગમાં જોતાં પારખી રે લો.
હાંરે૦ ૫

---

## શ્રી યુગમંધર જિન સ્તવન.

કાયા પામી અતિ કૂડી, પાંખ નહીં આવું ઊડી,
લબ્ધિ નહિં કોઈ રૂડી રે, શ્રી યુગમંધરને કેજો;
કે દધિસુત વિનતડી સુણજો રે શ્રી યુગ૦ આંકણી.૧
તુમ સેવામાંહે સુરકોડી, તે ઇહાં આવે એક દોડી;
આશ ફળે પાતક મોડી રે. શ્રી યુગ૦ ૨
દુઃખમ સમયમાં ઇણે ભરતે,
અતિશય નાણી નવિ વરતે;
કહીયે કહો કોણ સાંભળતે રે. શ્રી યુગ૦ ૩
શ્રવણે સુખીયા તુમ નામે,
નયણાં દરિસણ નવિ પામે;
તે તો ઝઘડાંને ઠામે રે. શ્રી યુગ૦ ૪

ચાર આંગળ અંતર રહેવું,
શોકલડીની પરે દુઃખ સહેવું,
પ્રભુ વિના કોણ આગળ કહેવું રે. શ્રી યુગ૦ ૫

મોટા મેળ કરી આપે,
બેઉને તોલ કરી થાપે,
સજ્જન જસ જગમાં વ્યાપે રે. શ્રી યુગ૦ ૬

બેહુનો એક મતો થાવે,
કેવળ નાણ જુગલ પાવે;
તો સઘળી વાત બની આવે રે. શ્રી યુગ૦ ૭

ગજ લંછન ગજગતિગામી,
વિચરે વિપ્રવિજયે સ્વામી;
નયરી **વિજયા** ગુણ ધામી રે. શ્રી યુગ૦ ૮

માતા સુતારાએ જાયો,
સુદૃઢ નરપતિ કુલ આયો,
**પંડિત જિનવિજયે** ગાયો રે. શ્રી યુગ૦ ૯

## આગમની પૂજાનું સ્તવન.

આગમની આશાતના નવિ કરીયે,
હાંરે નવિ કરીયે રે નવિ કરીયે;
શ્રુત ભક્તિ સદા અનુસરીયે,
શક્તિ અનુસાર. આગમની૦ ૧

જ્ઞાન વિરાધક પ્રાણીયા મતિ હીના,
તે તો પરભવ દુઃખીયા દીના;
ભરે પેટ તે પર આધીના,
નીચ કુલ અવતાર. આગમની૦ ૨

અંધા લૂલા પાંગુલા પિંડ રોગી,
જનમ્યા ને માત વિયોગી;
સંતાપ ઘણો ને સોગી,
ચોગી અવતાર. આગમની૦ ૩

મુંગા ને વળી બોબડા ધનહીના,
પ્રિયા પુત્ર વિયોગે લીના;
મૂરખ અવિવેકે ભીના,
જાણે રણનું રોઝ. આગમની૦ ૪

જ્ઞાનતણી આશાતના કરી દૂરે,
જિન ભક્તિ કરો ભરપૂરે;
રહો શ્રી **શુભવીર** હજૂરે,
સુખમાંહે મગન. આગમની૦ ૫

---

## શ્રી દાદા પાર્શ્વનાથ સ્તવન.

સુખદાઇ રે સુખદાઇ, દાદો પાસજી સુખદાઇ;
ઐસો સાહિબ નહિં કોઉ જગમેં,
સેવા કીજે દિલ લાઈ. દાદો૦ ૧

સબ સુખદાઇ એહીજ નાયક,
એહી સાયક સુસહાઇ;
કિંકરકું કરે શંકર સરિખો,
આપે અપની ઠકુરાઈ. દાદો૦ ૨

મંગળ રંગ વધે પ્રભુ ધ્યાને,
પાપ વેલી જાયે કરમાઇ;

શીતળતા પ્રગટે ઘટ અંતર,
મીટે મોહકી ગરમાઇ. દાદો૦ ૩

કહા કરૂં સુરતરૂ ચિંતામણીકો,
જો મેં પ્રભુ સેવા પાઇ;
શ્રી **જશવિજય** કહે દર્શન દેખ્યો,
ઘર અંગન નવનિધિ આઇ. દાદો૦ ૪

---

## શ્રી સીમંધર જિન વિનતિ.

સ્વામિ સીમંધરા વિનતિ,
સાંભળો માહરી દેવ રે;
તાહરી આણુ હું શિર ધરૂં,
આદરૂં તાહરી સેવ રે,
સ્વામિ સીમંધરા વિનતિ. ૧

કુગુરૂની વાસના પાશમાં,
હરિણુ પરે જે પડ્યા લોક રે;

તેહને શરણુ તુજ વિણુ નહિં,
ટળવળે બાપડા ફોક રે. સ્વામિ૦ ૨
જ્ઞાન દર્શન ચરણ ગુણુ વિના,
જે કરાવે કુલાચાર રે;
લુંટીયા તેણે જન દેખતાં,
કિંહાં કરે લોક પોકાર રે. સ્વામિ૦ ૩
જેહ નહિં ભવ તર્યા નિર્ગુણી,
તારશે કેણી પરે તેહ રે;
એમ અજાણ્યા પડે ફંદમાં,
પાપ બંધે રહ્યા જેહ રે. સ્વામિ૦ ૪
કામકુંભાદિક અધિકનું,
ધર્મનું કો નવિ મૂળ રે;
દોકડે કુગુરૂ તે દાખવે,
શું થયું એહ જગ શૂળ રે. સ્વામિ૦ ૫
અર્થની દેશના જે દીયે,
ઓળવે ધર્મના ગ્રંથ રે;

પરમ પદનો પ્રગટ ચોર જે,
તેહથી કેમ વહે પંથ રે? સ્વામિ૦ ૬

વિષય રસમાં ગ્રહી માચીયા,
નાચીયા કુગુરૂ મદ પૂર રે;
ધૂમધામે ધમાધમ ચલી,
જ્ઞાન મારગ રહ્યો દૂર રે. સ્વામિ૦ ૭

કલહકારી કદાગ્રહ ભર્યા,
થાપતા આપણા બોલ રે;
જિન વચન અન્યથા દાખવે,
આજ તો વાજતે ઢોલ રે. સ્વામિ૦ ૮

કેઈ નિજ દોષને ગોપવા,
રોપવા કેઈ મત કંદ રે;
ધર્મની દેશના પાલટે,
સત્ય ભાંખે નહિં મંદ રે. સ્વામિ૦ ૯

બહુ મુખે બોલ એમ સાંભળી,
નવિ ધરે લોક વિશ્વાસ રે;

ઢુંઢતા ધર્મને તે થયા,
ભ્રમર જેમ કમલ નિવાસ રે. સ્વામિ૦ ૧૦

---

## શ્રી સિદ્ધચક્રજીનું સ્તવન.

અહો ! ભવિ પ્રાણી રે સેવો,
સિદ્ધચક્ર ધ્યાન સમો નહિં મેવો;
જે સિદ્ધચક્રને આરાધે,
તેહનો જગમાંહિં જશ વાધે.
અહો૦ આંકણી. ૧

પહેલે પદે રે અરિહંત,
બીજે સિદ્ધ બુદ્ધ ધ્યાન મહંત;
ત્રીજે પદે રે સૂરીશ,
ચોથે ઉવજ્ઝાયને પાંચમે મુનીશ. અહો૦ ૨

છઠ્ઠે દરિસન શુદ્ધ કીજે,
સાતમે જ્ઞાનથી શિવસુખ લીજે;

આઠમે ચારિત્ર પાળો,
નવમે તપથી મુક્તિ ભાળો. અહો૦ ૩
આયંબિલ ઓળી રે કીજે,
નોકારવાળી વીશ ગણીજે;
ત્રણે ટંકના રે દેવ,
પડિલેહણ પડિક્કમણું કીજે. અહો૦ ૪
ગુરૂમુખ કિરિયા રે કીજે,
દેવગુરૂભક્તિ ચિત્તમાં ધરીજે,
એમ કહે **રામ**નો રે શિષ્ય;
ઓળી ઉજવીએ જગીશ. અહો૦ ૫

## શ્રી સિદ્ધચક્રજીનું સ્તવન.

શ્રી સિદ્ધચક્ર આરાધીયે,
શિવસુખ ફળ સહકાર લાલરે;
જ્ઞાનાદિક ત્રણ રત્નનું,
તેજ ચઢાવણહાર લાલરે. શ્રી સિ૦ ૧

ગૌતમે પૂછંતાં કહ્યો,
    વીર જિણુંદ વિચાર લાલરે;
નવપદ મંત્ર આરાધતાં,
    ફળ લહે ભવિક અપાર લાલરે. શ્રી સિ૦ ૨
ધર્મરથના ચાર ચક્ર છે,
    ઉપશમ ને સુવિવેક લાલરે;
સંવર ત્રીજું જાણીયે,
    ચોથું સિદ્ધચક્ર છેક લાલરે. શ્રી સિ૦ ૩
ચક્રી ચક્રને રથ બળે,
    સાધે સયલ છ ખંડ લાલરે;
તેમ સિદ્ધચક્ર પ્રભાવથી,
    તેજ પ્રતાપ અખંડ લાલરે. શ્રી સિ૦ ૪
મયણા ને શ્રીપાલજી,
    જપતાં બહુ ફળ લીધ લાલ રે;
ગુણ જશવંત જિનેંદ્રનો,
    **જ્ઞાન વિનોદ** પ્રસિદ્ધ લાલરે, શ્રી સિ૦ ૫

# શ્રી પુંડરીકસ્વામીજીનું સ્તવન.

એક દિન પુંડરીક ગણધરૂ રે લાલ,
પૂછે શ્રી આદિ જિણંદ સુખકારી રે;
કહીયે તે ભવજળ ઉતરી રે લાલ,
પામીશ પરમાનંદ ભવ વારી રે. એક૦ ૧

કહે જિન ઇણ ગિરિ પામશો રે લાલ,
જ્ઞાન અને નિરવાણ જયકારી રે;
તીરથ મહિમા વાધશે રે લાલ,
અધિક અધિક મંડાણ નિરધારી રે. એક૦ ૨

ઇમ નિસુણીને ઇહાં આવીયા રે લાલ,
ઘાતી કરમ ક્ર્યાં દૂર તમ વારી રે;
પંચ કોડ મુનિ પરિવર્યા રે લાલ,
હુઆ સિદ્ધિ હજૂર, ભવ પારો રે. એક૦ ૩

ચૈત્રી પુનમ દિન કીજીયે રે લાલ,
પૂજા વિવિધ પ્રકાર દિલ ધારી રે;

ફળ પ્રદક્ષિણા કાઉસગ્ગા રે લાલ,
લોગસ્સ થુઇ નમુક્કાર નરનારી રે. એક૦ ૪
દશ વીશ ત્રીશ ચાલીશ ભલા રે લાલ,
પચાશ પુષ્પની માળ અતિ સારી રે;
નરભવ લાહો લીજીયે રે લાલ,
જેમ હોવે **જ્ઞાન વિશાળ** મનોહારી રે. એક૦ ૫

---

## **જ્ઞાનપંચમીનું સ્તવન.** ઢાલ છઠ્ઠી.

ચોવીશ દંડક વારવા હું વારી લાલ,
ચોવીશમો જિનચંદ રે હું વારી લાલ;
પ્રગટ્યો પ્રાણુત સ્વર્ગથી હું વારી,
ત્રિશલા ઉર સુખકંદ રે હું વારી લાલ.
**મહાવીરને** કરું વંદના હું વારી આંકણી૦ ૧
પંચમી ગતિને સાધવા હું વારી,
પંચમ નાણુ વિલાસ રે હું વારી લાલ;
મહાનિશીથ સિદ્ધાંતમાં હું વારી,
પંચમી તપ પ્રકાશ રે, હું વારી લાલ મહા૦ ૨

અપરાધી પણ ઊદ્ધર્યો હું વારી,
ચંડકોશીયો સાપ રે, હું વારી લાલ;
યજ્ઞ કરંતાં બ્રાહ્મણો હું વારી,
સરખાં કીધાં આપ રે હું વારી લાલ. મહા૦ ૩

દેવાનંદા બ્રાહ્મણી હું વારી,
રિખભદત્ત વળી વિપ્ર રે હું વારી લાલ;
બ્યાસી દિવસ સંબંધથી હું વારી,
કામિત પૂર્યો ક્ષિપ્ર રે હું વારી લાલ. મહા૦ ૪

કર્મ રોગને ટાળવા હું વારી,
સવિ ઔષધનો જાણ રે હું વારી લાલ;
આદર્યો મેં આશા ધરી હું વારી,
મુજ ઉપર હિત આણ રે હું વારી લાલ. મહા૦ ૫

શ્રી વિજયસિંહ સૂરીશનો હું વારી,
સત્યવિજય પંન્યાસ રે હું વારી લાલ;
શિષ્ય કપૂરવિજય કવિ હું વારી,
ચંદ્ર કિરણ યશ જાસ રે હું વારી લાલ. મહા૦ ૬

પાસ પંચાસરા સાંનિધ્યે હું વારી,
ખીમાવિજય ગુરુ નામ રે હું વારી લાલ;
**જિનવિજય** કહે મુજ હજો હું વારી,
પંચમી તપ પરિણામ રે હું વારી લાલ. મહા૦ ૭

## કળશ.

ઇમ વીર લાયક, વિશ્વનાયક,
સિદ્ધિદાયક સંસ્તવ્યો;
પંચમી તપ સંસ્તવન ટોડર,
ગુંથી નિજ કંઠે ઠવ્યો;
પુણ્ય પાટણ ક્ષેત્રમાંહે,
સત્તર ત્રાણું સંવત્સરે;
શ્રી પાર્શ્વજન્મ કલ્યાણક દિવસે,
સકલ ભવિ મંગળ કરે.

# અષ્ટમીનું સ્તવન.

હાંરે મારે ઠામ ધરમના સાડા પચવીશ દેશ જો,
દીપે રે ત્યાં દેશ મગધ સહુમાં શિરે રે લોલ.
હાંરે મારે નગરી તેહમાં રાજગ્રહી સુવિશેષ જો,
રાજે રે ત્યાં શ્રેણિક ગાજે ગજ પરે રે લોલ. ૧

હાંરે મારે ગામ નગર પુર પાવન કરતાં નાથ જો,
વિચરંતાં તિહાં આવી વીર સમોસર્યા રે લોલ;
હાં૦ ચઉદ સહસ મુનિવરનો સાથે સાથ જો,
સુધારે તપ સંયમ શિયળે અલંકર્યા રે લોલ. ૨

હાં૦ ફુલ્યા રસભર ઝૂલ્યા અંબ કદંબ જો,
જાણું રે ગુણશીલ વન હસી રોમાંચિયો રે લોલ;
હાં૦ વાયા વાય સુવાય તિહાં અવિલંબ જો,
વાસે રે પરિમલ ચિહુ પાસે સંચિયો રે લોલ. ૩

હાં૦ દેવ ચતુર્વિધ આવે કોડાકોડ જો,
ત્રિગડું રે મણિ હેમ રજતનું તે રચે રે લોલ;

હાં૦ ચોસઠ સુરપતિ સેવે હોડાહોડ જો,
આગે રે રસ લાગે ઇંદ્રાણી નચે રે લોલ. ૪

હાં૦ મણિમય હેમ સિંહાસન બેઠા આપ જો,
ઢાળે રે સુર ચામર મણિરત્ને જડ્યા રે લોલ;
હાં૦ સુણતાં દુંદુભિ નાદ, ટળે સવિ તાપ જો,
વરસે રે સુરફૂલ સરસ જાનુ અડ્યા રે લોલ. ૫

હાં૦ તાજે તેજે ગાજે ઘન જેમ લુંબ જો,
રાજે રે જિનરાજ સમા જે ધર્મને રે લોલ;
હાં૦ નિરખી હરખી આવે જન મન લુંબ જો,
પોષે રે રસ ન પડે ઘોષે ભર્મમાં રે લોલ. ૬

હાં૦ આગમન જાણી જિનનું શ્રેણિક રાય જો,
આવ્યો રે પરિવરિયો હય ગય રથ પાયગે રે લોલ;
હાં૦ દેઈ પ્રદક્ષિણા વંદી બેઠા ઠાય જો,
સુણવા રે જિનવાણી મોટે ભાયગે રે લોલ. ૭

હાં૦ ત્રિભુવન નાયક લાયક તવ ભગવંત જો,
આણી રે જન કરુણા ધર્મકથા કહે રે લોલ;

હાં૦ સહજ વિરોધ વિસારી જગના જંત જો,
સુણવા રે **જિનવાણી** મનમાં ગહગહે રે લોલ. ૮

---

## ઢાળ બીજી.

વીર જિનવર ઈમ ઉપદિશે,
સાંભળો ચતુર સુજાણ રે;
મોહની નીંદમાં કાં પડો,
ઓળખો ધર્મનાં ઠાણ રે: ૧

**વિરતિ એ સુમતિ ધરી આદરો,**
પરિહરો વિષય કષાય રે;
બાપડા પંચ પરમાદથી,
કાં પડો કુગતિમાં ધાય રે. વિરતિ૦ ૨

કરી શકો ધર્મકરણી સદા,
તો કરો એહ ઉપદેશ રે;
સર્વ કાળે કરી નવિ શકો,
તો કરો પર્વ સુવિશેષ રે. વિરતિ૦ ૩

જુજુઆ પર્વ ષટ્નાં કહ્યા,
ફળ ઘણાં આગમે જોય રે;
વચન અનુસારે આરાધતાં,
સર્વદા સિદ્ધિ ફળ હોય રે. વિરતિ૦ ૪

જીવને આયુ પરભવતણું,
તિથિ દિને બંધ હોય પ્રાય રે;
તે ભણી એહ આરાધતાં,
પ્રાણીઓ સદ્‌ગતિ જાય રે. વિરતિ૦ ૫

તેહવે અષ્ટમી ફળ તિહાં,
પૂછે શ્રી ગૌતમસ્વામ રે,
ભવિક જીવ જાણવા કારણે,
કહે વીર પ્રભુ તામ રે. વિરતિ૦ ૬

અષ્ટ મહાસિદ્ધિ હોય એહથી,
સંપદા આઠની વૃદ્ધિ રે;
બુદ્ધિના આઠ ગુણ સંપજે,
એહથી અષ્ટ ગુણ સિદ્ધિ રે. વિરતિ૦ ૭

લાભ હોય આઠ પડિહારનો,
અઠ્ઠ પવયણુ ફળ હોય રે;
નાશ આઠ કર્મનો મૂળથી,
અષ્ટમીનું ફળ જોય રે. વિરતિ૦ ૮
આદિ જિન જન્મ દીક્ષા તણો,
અજિતનો જન્મ કલ્યાણુ રે;
ચ્યવન સંભવ તણો એહ તિથે,
અભિનંદન નિરવાણુ રે. વિરતિ૦ ૯
સુમતિ સુવ્રત નમી જનમીયા,
નેમનો મુકિત દિન જાણુ રે;
પાર્શ્વ જિન એહ તિથે સિદ્ધલા,
સાતમા જિન ચ્યવન માન રે. વિરતિ૦ ૧૦
એહ તિથિ સાધતો રાજીયો,
દંડવીરજ લહ્યો મુકિત રે;
કર્મ હણુવા ભણી અષ્ટમી,
કહે સૂત્ર નિર્યુકિત રે. વિરતિ૦ ૧૧

અતીત અનાગત કાળના,
જિન તણા કેઈ કલ્યાણ રે;
એહ તિથે વળી ઘણા સંયમી,
પામશે પદ નિર્વાણ રે. વિરતિ૦ ૧૨

ધર્મ વાસિત પશુ પંખીયા,
એહ તિથે કરે ઉપવાસ રે;
વ્રત ધારી જીવ પોસહ કરે,
જેહને ધર્મ અભ્યાસ રે. વિરતિ૦ ૧૩

ભાખીયો વીરે આઠમ તણો,
ભવિક હિત એહ અધિકાર રે;
જિન મુખે ઉચ્ચરી પ્રાણીયા,
પામશે ભવ તણો પાર રે. વિરતિ૦ ૧૪

એહથી સંપદા સવિ લહે,
ટળે કષ્ટની કોડી રે;
સેવજો શિષ્ય બુધ પ્રેમનો,
કહે કાંતિ કર જોડી રે. વિરતિ૦ ૧૫

## કળશ.

ઇમ ત્રિજગ ભાસન, અચલ શાસન,
વર્ધમાન જિનેશ્વરૂ;
બુધ પ્રેમ ગુરૂ સુપસાય પામી,
સંથુણ્યો અલવેસરૂ;
જિન ગુણ પ્રસંગે ભણ્યો રંગે,
સ્તવન એ આઠમ તણો;
જે ભવિક ભાવે સુણે ગાવે,
કાંતિ સુખ પાવે ઘણો.

---

## શ્રી સંભવ જિન સ્તવન.

**સંભવ જિનવર** ખૂબ બન્યો રે,
અવિહડ ધર્મ સનેહ;
દિન દિન તે વધતો ય છે રે,
કબહુ ન હોવે છેહ;
સોભાગી જિન! મુજ મન તુંહીં સોહાય;
એ તો બીજા ન આવે દાય. સોભાગી૦ ૧

દુધ માંહીં જેમ ધૃત વસ્યું રે,
વસ્તુમાંહીં સામર્થ્ય;
તંતુમાંહીં જેમ પટ વસ્યો રે,
સૂત્રમાંહીં જેમ અર્થ. સોભાગી૦ ૨
કંચન પારસ પહાણમાં રે,
ચંદનમાં જેમ વાસ;
પર્વતમાં જેમ ઔષધિ રે,
કાર્યે કારણ વાસ. સોભાગી૦ ૩
સ્યાદ્વાદે જેમ નય મીલે રે,
જિમ ગુણમાંહી પર્યાય;
અરણીમાં પાવક વસ્યો રે,
જેમ લોકે ષટ્કાય. સોભાગી૦ ૪
તુજશું તેમ મુજ ચિત્ત વસે રે,
સેના માત મલ્હાર;
જો અભેદ બુદ્ધિ મુજ હોવે રે,
શ્રી **જ્ઞાનવિમળ** સુખકાર. સોભાગી૦ ૫

## સામાન્ય જિન સ્તવન

**ચંચળ દગ્ ધૃતિ ન ધરતરી,**
બીન જિન દરશન તરશન કર કર,
તિત બરખત જળ પળ કલન પરત.
ચંચલ૦ આંકણી. ૧
શ્યામ સજલ ઘન વિમળ નીર,
કણુ બીન અધીર ચાતકરી;
શશી બીન ચકોર, ઝખ બીન શરીર,
તીમ વિરહ ઘોર જલ ઝલન ઝરત. ચંચલ૦ ૨
કાલ શકલ ગત અતિ અનંત,
ભવ ભવ અટંત ઘાત કરી;
અબ નિરખ નૂર, ઇહ મુનિ કપૂર,
કલિમલ કૂર દલ દલન કરત. ચંચલ૦ ૩

---

## એકાદશીનું સ્તવન

કાન પયંપે નેમને એ, ધન્ય ધન્ય યાદવ વંશ,
જિહાં પ્રભુ અવતર્યા એ, મુજ મન માનસ હંસ;
**જ યો–જિન નેમને એ.** આંકણી૦ ૧

ધન્ય શિવા દેવી માવડી એ,
સમુદ્રવિજય ધન્ય તાત; જ ચો૦
સુજાત જગત ગુરુ એ,
રત્નત્રયી અવદાત. જ ચો૦ ૨
ચરણુ વિરાધી ઉપન્યો એ,
હું નવમો વાસુદેવ; જ ચો૦
તિણે મન નવિ ઉલ્લસે એ,
ચરણુ ધરમની સેવ. જ ચો૦ ૩
હાથી જેમ કાદવ ખળ્યો એ,
જાણું ઉપાદેય હેય; જ ચો૦
તો પણુ હું ન કરી શકું એ,
દુષ્ટ કર્મના ભેય. જ ચો૦ ૪
પણુ શરણું બળીયા તણું એ,
કીજે સીઝે કાજ; જ ચો૦
એહવાં વચનને સાંભળી એ,
બાંહ્ય ગ્રહ્યાની લાજ. જ ચો૦ ૫

નેમ કહે એકાદશી એ,
    સમકિત યુત આરાધ; જ ચો૦
થાઈશ જિનવર બારમો એ,
    ભાવિ ચોવીશીએ લાધ. જ ચો૦ ૬

## કળશ.

ઈમ નેમિ જિનવર,
    નિત પુરંદર રૈવતાચળ મંડણો;
બાણ નંદ મુનિ ચંદ વરસે,
    રાજનગરે સંથુણ્યો;
સંવેગ રંગ તરંગ જલનિધિ,
    સત્યવિજય ગુરુ અનુસરી;
કપુરવિજય કવિ ક્ષમાવિજય ગણિ,
    જિનવિજય જયસિરિ વરી૦ ૧

## શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

ચાલોને પ્રીતમજી પ્યારા, શેત્રુંજે જઇએ;
શેત્રુંજે જઇએ રે, વ્હાલા મારા સિદ્ધાચલ જઇએ,
ચાલોને૦ આંકણી૦ (૧)
શું સંસારે રહ્યા છો મુંઝી, દિન દિન તન છીજે;
આઠ આભની છાયા સરખી, પોતાની કીજે.
ચાલોને૦ ૨
જે કરવું તે પહેલાં કીજે, કાલે શી વાતો;
અણચિંતવી આવીને પડશે, સબળાની લાતો.
ચાલોને૦ ૩
ચતુરાઇશું ચિત્તમાં ચેતી, હાથે તે સાથે;
મરણ તણાં નિશાનો મોટાં, ગાજે છે માથે.
ચાલોને૦ ૪
માતા મરૂદેવા નંદન નિરખી, ભવ સફળો કીજે;
**દાનવિજય** સાહેબની સેવા, એ સંબલ લીજે.
ચાલોને૦ ૫

# શ્રી સીમંધર જિન સ્તવન.

તારી મુદ્રાએ મન મોહ્યું રે,
મનના મોહનીયા! આંકણી૦
તારી સુરતિએ જગ સોહ્યું રે,
જગના જીવનીયા!

તુમ જોતાં સવિ દુર્મતિ વિસરી,
દિન રાતડી નવિ જાણી;
પ્રભુ ગુણ સાંકળશું બાંધ્યું,
ચંચળ મનડું તાણી રે. મનના૦ ૧

પહેલાં તો એક કેવળ હરખે,
હેજાળુ થઇ હળીયો;
ગુણ જાણીને રૂપે મળીયો,
અભ્યંતર જઇ ભળીયો રે. મનના૦ ૨

વીતરાગ એમ જશ નિસુણીને,
રાગી રાગ ધરે રે;

આપ અરૂપી રાગ નિમિત્તે,
દાસ અરૂપ ધરે રે. મનના૦ ૩
શ્રી **સીમંધર**! તું જગબંધુ,
સુંદર તાહરી વાણી;
મંધર ભૂધર અધિક ધીરજ ધર,
વંદે તે ધન્ય પ્રાણી રે. મનના૦ ૪
શ્રી શ્રેયાંસ નરેસર નંદન,
ચંદન શીતળ વાણી રે;
સત્યકી માતા, વૃષભ લંછન જિન,
**જ્ઞાનવિમળ** ગુણ ખાણી રે. મન૦ ૫

---


**આરાધક આત્માઓને ખુશ ખબર.**

**જૈન વિધિ ચૈત્રી પંચાંગ**

**વિધિ સમય દર્પણ**

જરૂર વસાવો. દરેક ઘરમાં હોવું જોઇએ. શ્રી લ૦ જૈ. ગ્રં. પુષ્પ ૧૧. સાધુ-સાધ્વીજી મહારાજોને તથા ક્રિયા વિધિના આરાધકોને હરહંમેશ ઉપયોગી.

# શ્રી શત્રુંજયનાં ૨૧ નામ સંબંધી ખમાસમણનાં દુહા.

સિદ્ધાચલ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;
મનુષ્ય જન્મ પામી કરી, વંદું વાર હજાર. ૧
અંગ વસન મન ભૂમિકા, પુજોપગરણ સાર;
ન્યાય દ્રવ્ય વિધિ શુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર. ૨
કાર્તિક સુદિ પુનમ દિને, દશ કોડિ પરિવાર;
દ્રાવિડ ને વારિખિલ્લજી, સિદ્ધ થયા નિરધાર. ૩
તિણે કારણ કાર્તિક દિને, સંઘ સકળ પરિવાર;
આદિદેવ સન્મુખ રહી, ખમાસમણ દે બહુ વાર. ૪
એકવીશ નામે વર્ણવ્યો, તિહાં પહેલું અભિધાન;
"**શત્રુંજય**" શુકરાજથી, જનક વચન બહુમાન. સિ.

( ૨ )

સમોસર્યા સિદ્ધાચળે, પુંડરીક ગણધાર;
લાખ સવા મહાતમ કહ્યું, સુરનર સભા મોઝાર સિ.
ચૈત્રી પુનમને દિને, કરી અણસણ એક માસ;
પાંચ કોડી મુનિ સાથશું, મુક્તિનિલયમાં વાસ. સિ.

તીણે કારણ 'પુંડરીકાગરિ', નામ થયું વિખ્યાત;
મન વચ કાયે વંદીએ, ઉઠી નિત્ય પ્રભાત. સિ.

( ૩ )

વીસ કોડીશું પાંડવા, મોક્ષ ગયા ઇણે ઠામ;
એમ અનંત મુક્તે ગયા, '**સિદ્ધક્ષેત્ર**' તિણે નામ સિ.

( ૪ )

અડસઠ તીરથ નહાવતાં, અંતરંગ ઘડી એક;
તુંબી જળ સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક સિ.
ચંદ્રશેખર રાજા પ્રમુખ, કરમ કઠિણ મલ ધામ;
અચળપદે વિમળા થયા, તિણે "**વિમળાચળ**" નામ.

( ૫ )

પર્વતમાં સુરગિરિ વડો, જિન અભિષેક કરાય;
સિદ્ધ હુઆ સ્નાતક પદે, સુરગિરિ નામ ધરાય સિ.
અથવા ચઉદે ક્ષેત્રમાં, એ સમ તીરથ ન એક;
તિણે '**સુરગિરિ**' નામે નમું, જયાં સુરવાસ અનેક.

( ૬ )

એંસી યોજન પૃથુલ છે, ઉંચપણે છવ્વીશ;

મહિમાએ મોટો ગિરિ, '**મ**હાગિરિ'નામ નમીશ. સિ.

( ૭ )

ગણધર ગુણવંતા મુનિ, વિશ્વ માંહે વંદનીક;
જેહવો તેહવો સંયમી, એ તીરથે પુજનીક સિ. ૧૫
વિપ્ર લોક વિષધર સમા, દુઃખીયા ભૂતળ માન;
દ્રવ્ય લિંગી કણ ક્ષેત્ર સમ, મુનિવર છીપ સમાન. સિ.
શ્રાવક મેઘ સમા કહ્યા, કરતાં પુણ્યનું કામ;
પુણ્યની રાશિ વધે ઘણી, તેણે '**પુ**ણ્યરાશિ'નામ. સિ.

( ૮ )

સંયમધર મુનિવર ઘણા, તપ તપતા એક ધ્યાન;
કર્મ વિયોગે પામીયા, કેવળલક્ષ્મી નિધાન. સિ. ૧૮
લાખ એકાણું શિવવર્યા, નારદશું અણગાર;
નામ નમો તેણે આઠમું, '**શ્રી**પદ'ગિરિ નિરધાર સિ.

( ૯ )

શ્રીસીમંધરસ્વામિએ, એ ગિરિ મહિમા વિલાસ;
ઇંદ્રની આગે વર્ણવ્યો, તેણે એ '**ઇં**દ્ર પ્રકાશ'. સિ.

( ૧૦ )

દશ કોટિ અણુવ્રતધરા, ભકતે જમાડે સાર;
દાન તીર્થ યાત્રા કરે, લાભ તણો નહિં પાર. સિ.
તેહ થકી સિદ્ધાચળે, એક મુનિને દાન,
દેતાં લાભ ઘણો હુવે, 'મહાતીરથ' અભિધાન. સિ.

( ૧૧ )

પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાળ અનંત;
શત્રુંજય મહાતમ સુણી, નમો 'શાશ્વતગિરિ' સંત

( ૧૨ )

ગૌ નારી બાળક મુનિ, હત્યા ચાર કરનાર;
જાત્રા કરતાં કાર્તિકી, ન રહે પાપ લગાર. સિ.
જે પરદારા લંપટી, ચોરીના કરનાર,
દેવદ્રવ્ય ગુરૂદ્રવ્યના, જે વળી ચોરણહાર. સિ. ૨૫
ચૈત્રી કાર્તિકી પુનમે, કરે જાત્રા ઇણે ઠામ;
તપ તપતાં પાતિક ગળે, તિણે 'દઢશકિત' નામ. સિ.

( ૧૩ )

ભવ ભય પામી નીકળ્યા, થાવચ્ચા સુત જેહ;

સહસ મુનિશું શિવવર્યા,'મુક્તિનિલય'ગિરિ તેહસિ.

( ૧૪ )

ચંદા સૂરજ બેહુ જણા, ઉભા ઇણે ગિરિ શૃંગ;
કરી વર્ણવને વધાવીયો,'પુષ્પદંત' ગિરિ રંગ. સિ.

( ૧૫ )

કર્મ કઠણ ભવજલ તરી, ઇહાં પામ્યા શિવ સદ્મ;
પ્રાણી પદ્મ નિરંજની, વંદો ગિરિ 'મહાપદ્મ' સિ૦

( ૧૬ )

શિવવહુ વિવાહ ઓચ્છવે, મંડપ રચીયો સાર;
મુનિવર વર બેઠક ઘણી, 'પૃથ્વીપીઠ' મનોહાર.સિ૦

( ૧૭ )

શ્રી 'સુભદ્રગિરિ' ને નમો, ભદ્ર તે મંગલ રૂપ;
જલ તરૂ રજ ગિરિવરતણી, શીષ ચઢાવે ભૂપ. સિ૦

( ૧૮ )

વિદ્યાધર સુર અપ્સરા, નદી શેત્રુંજી વિલાસ;
કરતા હરતા પાપને, ભજીએ ભવિ કૈલાસ. સિ૦

( ૧૯ )

બીજા નિર્વાણી પ્રભુ, ગઇ ચોવીશી મોઝાર;

તસ ગણધર મુનિમાં વડા,નામે કદંબ અણગાર. સિ.
પ્રભુ વચને અણસણ કરી, મુક્તિપુરીમાં વાસ;
નામે કદંબગિરિ નમો, તો હોય લીલ વિલાસ સિ.

( ૨૦ )

પાતાળે જસ મૂળ છે, ઉજ્વળગિરિનું સાર;
ત્રિકરણ યોગે વંદતાં, અલ્પ હોય સંસાર. સિ.

( ૨૧ )

તન મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિ સુખભોગ;
જે વંછે તે સંપજે, શિવરમણી સંયોગ. સિ૦ ૩૬
વિમળાચળ પરમેષ્ઠિનું, ધ્યાન ધરે ષટ માસ;
તેજ અપૂર્વ વિસ્તરે, પૂરે સઘળી આશ. સિ૦ ૩૭
ત્રીજે ભવસિદ્ધિ લહે, એ પણ પ્રાયિક વાચ;
ઉત્કૃષ્ટા પરિણામથી, અંતરમુહૂર્ત્ત સાચ. સિ. ૩૮
સર્વ કામદાયક નમો, નામ કરી ઓળખાણ;
શ્રી **શુભવીર**વિજય પ્રભુ, નમતાં ક્રોડ કલ્યાણ. સિ.

**ઇતિ પ્રાચીન સ્તવનાવળી સમાપ્ત.**